દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 99 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 April 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૮ એપ્રિલ ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭

આરસીબી સામે નવ રનમાં છ વિકેટ ગુમાવનાર દિલ્હી હાર્યું

૯



# યુદ્ધ અટકાવો, નાકાબંધી હટાવો તો હોર્મુઝ ખાડી ખોલીએઃ ઈરાન

## અમેરિકાને આવી ઑફર આપતા તહેરાને કહ્યું કે એ પછી અણુ મુદ્દે મંત્રણા પણ કરીએ

કાઈરો (ઈજિપ્ત)ઃ ઇરાને અમેરિકા સમક્ષ નવી ઑફર મૂકી છે કે જો અમેરિકા નાકાબંધી હટાવી લે તો ઇરાન હોર્મુઝ સામુદ્રધુની ખોલવા અને યુદ્ધ બંધ કરવા તૈયાર છે. જોકે ઇરાને આ સાથે એવી પણ દરખાસ્ત મૂકી છે કે અણુ કાર્યક્રમના મોટા મુદ્દા પર પછીના તબક્કામાં વાતચીત થશે. આવો ઘટસ્ફોટ બે પ્રાદેશિક અધિકારીઓએ આપ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આ ઑફર સ્વીકારે એવી સંભાવના નહીંવત્ છે.

પાકિસ્તાને અમેરિકનોને ઇરાનની આ ઑફર મોકલાવી છે. અણુ કાર્યક્રમને જ મુદ્દો બનાવીને ઈઝરાયલ અને અમેરિકાએ ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો.

ગમે ત્યારે તૂટી જાય એવા યુદ્ધવિરામના જોરે હાલમાં અમેરિકા અને ઇરાન વચ્ચે શાંતિ છે. બન્ને દેશો વચ્ચે જળમાર્ગ હોર્મુઝ અંગે મડાગાંઠ છે. વિશ્વનું પાંચમા ભાગનું તેલ અને વાયુ આ માર્ગે જાય છે. અમેરિકાએ ઇરાન તેનું તેલ ન વેચી શકે એ માટે નાકાબંધી કરી છે. અમેરિકાનો ઈરાદો ઇરાનની તેલની કમાણી બંધ કરવાનો છે અને તે એવી સ્થિતિ સર્જવા માગે છે કે ઇરાનનું તેલ ન વેચાય તો એને ઉત્પાદન જ બંધ કરવું પડે. ઇરાન પાસે તેલનો સંગ્રહ કરવાની ક્ષમતા નથી હોર્મુઝ બંધ થવાને લીધે ટ્રમ્પ દબાણમાં આવ્યા છે. અમેરિકાની વચગાળાની ચૂંટણી પહેલાં તેલ અને ગેસોલિનના ભાવ આસમાને ગયા છે. હોર્મુઝ બંધ થવાથી અમેરિકાના અખાતના સાથીદારો પર પણ દબાણ આવ્યું છે. આની વિશ્વના અર્થતંત્ર પર માઠી અસર પડી છે. આને લીધે ખાતર, અનાજ ને બીજી મૂળભૂત જણસોના ભાવ વધી ગયા છે. ટ્રમ્પ વારંવાર કહે છે કે મારું ઈરાન

(જુઓ પાનું ૪) ▶▶

# ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર

## ભાગ્યે જ થાય એવી ટ્રેડ ડીલઃ દોઢ દાયકામાં ૨૦ અબજ ડૉલરના એફડીઆઈની બાંયધરી

નવી દિલ્હીઃ ભારત અને ન્યૂ ઝીલૅન્ડે સોમવારે 'એક પેઢીમાં એક જ વાર થાય' એવા ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (મુક્ત વેપાર કરાર, એફટીએ) પર સહીસિક્કા કર્યા હતા અને આને લીધે ભારતને તેની ૧૦૦ ટકા નિકાસ જકાતમુક્ત કરવાની તક મળશે. આ નિકાસમાં ટેક્સ્ટાઈલ્સ, ચામડાના પગરખા તથા જેમ્સ અને જ્વેલરી વગેરેનો સમાવેશ થાય છે.

આ કરાર આ વર્ષના અંતમાં અમલમાં મુકાય એવી વકી છે કારણ કે આને ન્યૂ ઝીલૅન્ડની સંસદે મંજૂર કરવી જરૂરી છે. ભારતમાં વેપાર સંધિને કેન્દ્રીય પ્રધાનમંડળની મંજૂરીની જ જરૂર છે.

વેપાર કરારમાં બીજી વાર ભારતને ૧૫ વર્ષથી વધારે સમયમાં ૨૦ અબજ ડૉલરનું ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ, (વિદેશી સીધું રોકાણ, એફડીઆઈ)ની ખાતરી મળી છે. આવી જ ખાતરી યુરોપના ચાર દેશોના બ્લોક ઈએફટીએએ ભારત સાથેના વેપાર કરારમાં આપી હતી. ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે કરાર પર ભારત

(જુઓ પાનું ૪) ▶▶

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણીપ્રચારનો અંત

કોલકાતાઃ 'સર', ઘૂસણખોરી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી સહિતના મુદ્દે ઉગ્ર અને હિંસક રાજકીય લડતના પ્રભુત્વ તેમ જ આરોપો-પ્રતિઆરોપો વચ્ચે પશ્ચિમ બંગાળ વિધાન સભાની બીજા તબક્કાની ચૂંટણીના પ્રચારનો સોમવારે અંત આવ્યો હતો. મતદાન બુધવારે ૨૯ એપ્રિલે થવાનું છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને ટીએમસી એમ બંને પક્ષે ૧૪૨ મતદાર ક્ષેત્રમાં મતદારોને સંખ્યાબંધ વચનો

(જુઓ પાનું ૪) ▶▶

# બંગાળમાં ભાજપ જીતશે ને હું શપથ સમારોહમાં આવીશઃ મોદી

કોલકાતાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ બહુમત મેળવશે અને ભાજપ સરકારના શપથગ્રહણ સમારોહ વખતે હું રાજ્યની મુલાકાતે પાછો આવીશ.

પશ્ચિમ બંગાળમાં હવે પછીની સરકાર ભાજપની હશે અને ચાર મેએ પરિણામ જાહેર થયા બાદ શપથગ્રહણ સમારોહમાં ભાગ લેવા હું પાછો આવીશ, એમ તેમણે કહ્યું હતું. ઉત્તર

(જુઓ પાનું ૪) ▶▶

# ગુજરાતમાં ગરમીના હજી છ દિવસ આકરાઃ ઉત્તર ભારતમાં વરસાદી રાહતની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમીથી હાહાકાર મચી ગયો છે, આકાશમાંથી વરસી રહેલી અગનજ્વાળાઓના કારણે જનજીવન ખોરવાયું છે. જો કે હવામાન વિભાગે આકરી ગરમીના વધુ એક રાઉન્ડની આગાહી કરી છે. આઈએમડીએ આગામી ૨૮ એપ્રિલથી ૪ મે સુધી ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે, જેમાં તાપમાનનો પારો મહત્તમ ૪૩થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરી છે.

ભારતના મોટા ભાગના વિસ્તારો કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા છે, પરંતુ મંગળવારથી ઉત્તર ભારતમાં હવામાનમાં મોટો પલટો આવવાનો છે. મંગળવારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લીધે મોટા ભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ, કરાં

(જુઓ પાનું ૪) ▶▶

# મોટેરામાં આસારામની જમીનનો કબજો હાલ સરકારને નહીં મળેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ બની બેઠેલા ગૉડમેન આસારામ બાપુના આશ્રમને અમદાવાદમાં ફાળવેલી જમીન વર્ષ ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ અગાઉ સ્પોર્ટ્સનું માળખું વિકસાવવા ગુજરાત સરકાર પાછી માગતી હોવાને મામલે સુપ્રીમ કોર્ટે સોમવારે આ વિવાદાસ્પદ જમીનને મુદ્દે 'જૈસે થે'નો આદેશ આપ્યો હતો.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમની નજીક મોટેરામાં ૪૫,૦૦૦ ચો. મીટર કરતાં પણ વધુ જમીન આશ્રમ માટે ઉપયોગમાં લેવામાં આવેલી છે અને આ જમીન પર હવે સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઊભું કરવાનો પ્રસ્તાવ છે.

લીઝ અને અતિક્રમણની શરતોનો ભંગ કરવામાં આવ્યો હોવાની ભૂમિકાને આધારે જમીન પાછી લેવાને પડકારતી અરજીને નકારતા ગુજરાત હાઈ કોર્ટના ૧૭ એપ્રિલના આદેશને આશ્રમનો વહીવટ સંભાળતા સંતશ્રી આસારામ ટ્રસ્ટ દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

# ચૂંટણી પછીય બે મહિના બંગાળમાં તહેનાત રહેશે કેન્દ્રીય દળોઃ અમિત શાહ

કોલકાતાઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી પછી ઓછામાં ઓછા ૬૦ દિવસ સુધી કેન્દ્રીય દળો પશ્ચિમ બંગાળમાં તહેનાત રહેશે.

શાહ બેહાલામાં રોડ શોનું નેતૃત્વ કર્યા બાદ એક સભાને સંબોધિત કરી રહ્યા હતા, જ્યાં ૨૯ એપ્રિલે બીજા અને અંતિમ તબક્કામાં મતદાન થશે.

૨૯૪ સભ્યવાળી પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીનો પ્રથમ તબક્કો ૨૩ એપ્રિલે યોજાયો હતો. ચોથી મેના રોજ મતગણતરી થશે.

તેમણે કહ્યું હતું કે ભાઈઓ અને બહેનો, ૨૯મીએ મતદાન કરો, ગુંડાઓની ચિંતા ન કરો. ચૂંટણી પંચે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરી છે, અને

(જુઓ પાનું ૪) ▶▶



સિક્કિમના ગંગટોક ખાતે એક રૉડ શૉ દરમિયાન લોકોનું અભિવાદન કરી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

# એઆઈ મામલે મસ્ક અને ઑલ્ટમૅનમાં કાનૂની જંગ શરૂ

ઓકલૅન્ડ (અમેરિકા)ઃ ટેક્નોલોજીના બે ઉદ્યોગપતિ ઈલોન મસ્ક અને સૅમ ઑલ્ટમૅન એક હાઈ પ્રોફાઈલ ખટલામાં ટકરાશે. આ ખટલો કથિત વિશ્વાસઘાત, કપટ અને બેફામ મહેચ્છાનો છે. આ બે અબજોપતિ એક વખતે સાથે મળીને આર્ટિફિશિયલ ટેક્નોલોજી(એઆઈ)ના સ્વપ્નનું સંવર્ધન કરતા હતા.

આ ખટલો સોમવારે શરૂ થયો હતો અને સોમવારે જ્યુરીની પસંદગી કરાઈ હતી. આ ખટલાના કેન્દ્રસ્થાને ૨૦૧૫માં ચેટજીપીટીના જન્મદાતાએ ઓપનએઆઈની બિનનફાકારક સંસ્થા તરીકે સ્થાપના કરી હતી. ત્યારે મસ્કે આપેલું મુખ્ય ફંડ છે. આ બિનનફાકારક સંસ્થા પછી મૂડીવાદી સાહસમાં પરિવર્તિત થઈ હતી અને તેની વેલ્યુ હાલમાં ૮૫૨ અબજ ડૉલર છે.

ટ્રાયલનો ચુકાદો એઆઈની સમતુલા ખોરવી શકે છે. એઆઈ રોજગારના હત્યારા અને સભ્યતાની હયાતી સામે ખતરો બને એવી આશંકા છે. આ ધારેલા જોખમને કારણ બનાવીને વિશ્વના સૌથી ધનિક માણસ મસ્કે ઑગસ્ટ ૨૦૨૪માં ખટલો કર્યો હતો. આ ખટલાનો નિર્ણય જ્યુરી અને અમેરિકાના ડિસ્ટ્રિક્ટ જજ વાયવોને ગોન્ઝાલીઝ રોજર્સ ઓકલૅન્ડમાં લેશે.

મસ્કના અગાઉના ખટલા અદાલતે ફગાવી નાખ્યા છે. જોકે તેને તાજા ખટલામાં ઑલ્ટમૅન અને તેના ટોચના વિશ્વાસુ ગ્રેગ બ્રોકમેન પર આક્ષેપ કર્યો છે કે તેઓએ મને દગો દીધો છે. સાન ફ્રાન્સિસ્કો કંપનીના સ્થાપક મિશનમાંથી દૂર હટીને ક્રાંતિકારી તંત્રજ્ઞાનના નિસ્વાર્થ રક્ષકની ભૂમિકાથી વિચલિત થઈ ગયા હતા.ખટલામાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે બન્નેએ મારી પીઠ પાછળ આ મિશનને નાણાં કમાવાનું માધ્યમ બનાવ્યું હતું. ઓપનએઆઈએ મસ્કના આક્ષેપોનો રદિયો આપતાં કહ્યું હતું કે આ ખાટી દ્રાક્ષનો પાયાવિહોણો કેસ છે અને એનો હેતુ અમારો ઝડપી વિકાસ રોકીને મસ્કના એક્સના એઆઈને ઉત્તેજન આપવાનો છે. મસ્કે ૨૦૨૩માં હરીફાઈ તરીકે આ એઆઈ ચાલુ કર્યું હતું.

ખટલામાં બન્ને અબજોપતિ સોગંદનામું આપશે. (એજન્સી)

# ગોળીબારથી ચિંતિત નહોતા, શું થઇ રહ્યું છે એ જોવા માગતો હતોઃ ટ્રમ્પ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે જ્યારે સિક્રેટ સર્વિસ એજન્ટોએ તેમને શનિવારે રાત્રે વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશન ડિનરમાંથી બહાર કાઢ્યા હતા ત્યારે તેઓ જોવા માગતા હતા કે શું થઈ રહ્યું છે .

એક મુલાકાતમાં, ટ્રમ્પે વોશિંગ્ટન હિલ્ટન હોટેલમાં ગોળીબાર થયા પછી બનેલી અંધાધૂંધ ક્ષણોનું વર્ણન કર્યું હતું, જે બેઝમેન્ટ-લેવલ બોલરૂમથી એક માળ ઉપર થઇ હતી, જે વાર્ષિક ડિનરનું સ્થળ હતું.

ગોળીબાર સાંભળ્યા પછી સંભવિત ઇજાઓ વિશે તેઓ કેટલા ચિંતિત હતા તે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું કે હું ચિંતિત નહોતો. હું જીવન સમજું છું. આપણે એક પાગલ દુનિયામાં જીવીએ છીએ.

ટ્રમ્પે કહ્યું કે શું થઈ રહ્યું છે તે જાતે જોવાની તેમની ઉત્સુકતાએ કદાચ તેમને સલામત સ્થળે પહોંચાડવાના સિક્રેટ સર્વિસના પ્રયાસોને ધીમા પાડ્યા હતા.

"હું જોવા માગતો હતો કે શું થઈ રહ્યું છે. હું તેમના માટે બધું એટલું સરળ બનાવી રહ્યો ન હતો. હું જોવા માંગતો હતો કે શું થઈ રહ્યું છે અને ત્યાં સુધીમાં અમને ખ્યાલ આવવા લાગ્યો કે કદાચ તે એક ખરાબ સમસ્યા છે, એક અલગ પ્રકારની સમસ્યા છે, એક ખરાબ સમસ્યા છે - અને બોલરૂમમાંથી આવતા સામાન્ય અવાજ કરતાં અલગ છે," એવું તેમણે કહ્યું હતું.

હું મહાન લોકોથી ઘેરાયેલો હતો. અને મેં કદાચ તેમને થોડી વધુ ધીમેથી કામ કરવા માટે મજબૂર કર્યા. મેં કહ્યું કે, એક મિનિટ રાહ જુઓ, એક મિનિટ રાહ જુઓ, એમ તેમણે કહ્યું હતું.

ટ્રમ્પે યાદ કરીને ઉમેર્યું કે સિક્રેટ સર્વિસ એજન્ટોએ તેમને વારંવાર કહેવું પડ્યું હતું કે તેઓ સ્ટેજ પરથી બહાર નીકળતા ફ્લોર પર નીચે ઉતરી જાય.

"મેં ચાલવાનું શરૂ કર્યું. અને તેઓએ કહ્યું, 'કૃપા કરીને નીચે જાઓ, કૃપા કરીને ફ્લોર પર નીચે ઉતરી જાઓ.' તેથી હું નીચે ગયો અને પ્રથમ મહિલા પણ નીચે ઉતરી ગઈ," એવું ટ્રમ્પે કહ્યું હતું.

# આઈપીએલ મેચમાં બેંગ્લૂરુના સ્ટેડિયમના ૨૪૦ સીસીટીવી કૅમેરા બંધ કર્યા, બે સામે ગુનો

બેંગ્લૂરુઃ ૨૪ એપ્રિલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ (જીટી) વચ્ચેની આઈપીએલ મેચના દિવસે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ સાથે છેડછાડ કરવાના આરોપમાં બે વ્યક્તિ સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે, એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું.

મંજુનાથ (૩૭) અને અબ્દુલ કલામ (૧૯) નામના આરોપીઓએ કથિત રીતે માન્ય પરવાનગી વિના, કથિત રીતે નિષ્ક્રિય એક્સેસ કાર્ડનો દુરુપયોગ કરીને સ્ટેડિયમમાં પ્રવેશ કર્યો હતો અને મહત્ત્વપૂર્ણ સર્વેલન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે છેડછાડ કરી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે સ્ટેક ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડના આદિત્ય ભટ્ટ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જે મેચના દિવસોમાં એઆઈ-સંચાલિત સર્વેલન્સ સપોર્ટ પૂરો પાડે છે.

એફઆઈઆર મુજબ, મેચની સવારે ૨૪૦ થી વધુ કેમેરા બંધ થઈ ગયા હતા.

સબકોન્ટ્રાક્ટર આઈ.વી.એસ. ડિજિટલ સોલ્યુશન્સ સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે, આ બંનેએ નેટવર્ક વિડીયો રેકોર્ડર સિસ્ટમ્સ અને ઓપ્ટિકલ ફાઇબર કનેક્શન્સને નુકસાન પહોંચાડ્યું હોવાનો આરોપ છે, જેના કારણે એન્ટ્રી ગેટ અને પેરિમીટર એરિયા સહિત મુખ્ય સુરક્ષા ઝોનમાં સર્વેલન્સ કવરેજ ખોરવાઈ ગયું હતું.

આરોપીઓ પાર્કિંગ વિસ્તારની નજીકના જંકશન બોક્સમાં ગયા હતા, જ્યાં ફાઇબર કનેક્શનને નુકસાન થયું હતું, એમ એફઆઈઆરમાં જણાવાયું છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૨૪ એપ્રિલની સવારે, લગભગ ૧૧.૩૦ વાગ્યે, મેચના દિવસોમાં ડિજિટલ સેવાઓ પૂરી પાડતા સબ-વેન્ડર હેઠળ કામ કરતા બે કર્મચારીઓએ આ કૃત્ય કર્યું હતું.

તેમના જણાવ્યા મુજબ, આ સમસ્યા એક કલાકમાં શોધી કાઢવામાં આવી હતી અને તેને સુધારી લેવામાં આવી હતી.

પ્રાથમિક તપાસ સૂચવે છે કે બંને કર્મચારીને કંપની સામે વ્યક્તિગત અદાવત હોઈ શકે છે, સંભવતઃ બાકી ચૂકવણીઓ સંબંધિત, જેના કારણે તેઓએ આ કૃત્ય કર્યું હોઈ શકે છે, એવું તેમણે જણાવ્યું હતું.

બંને આરોપીની ઓળખ થઈ ગઈ છે, અને ટૂંક સમયમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. એક કલાકમાં બધા સીસીટીવી ફરી શરૂ કરવામાં આવ્યા હતા, અને વિક્ષેપ મેચની કાર્યવાહીને અસર કરતો નથી, તેમણે ઉમેર્યું.

# કાશ્મીરની એક શાળાને યુએપીએ કાયદા હેઠળ ગેરકાયદે જાહેર કરાઈ

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના શોપિયાં જિલ્લામાં કથિત રીતે પ્રતિબંધિત સંગઠન સાથે જોડાયેલા લોકો દ્વારા ચલાવવામાં આવી રહેલી એક શાળાને ગેરકાયદે પ્રવૃતિઓ(નિવારણ) કાયદા(યુએપીએ) હેઠળ ગેરકાયદે સંસ્થા જાહેર કરવામાં આવી છે.

કાશ્મીરના ડિવિઝનલ કમિશ્નર અંશુલ ગર્ગે શોપિયાના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજના આધારે બે પાનાનો આદેશ જારી કર્યો હતો. આ દસ્તાવેજમાં શોપિયાંના ઇમામ સાહિબ સ્થિત દારુલ ઉલૂમ જામિયા સિરાજુલ ઉલૂમમાં કથિત ગેરકાયદે પ્રવૃતિઓ તરફ ઇશારો કરવામાં આવ્યો હતો.

ગર્ગ દ્વારા જારી આદેશ અનુસાર રેકોર્ડ પર વિશ્વસનીય ઇનપુટ અને પુરાવા હતા, જે આ સંસ્થાના જમાત-એ-ઇસ્લામી સાથે સતત અને ગુપ્ત સંબંધોના સંકેત આપે છે. કેન્દ્ર સરકારે ૨૦૧૯માં જમાત-એ-ઇસ્લામી પર પ્રતિબંધ મૂક્યો હતો.

આદેશમાં જણાવાયું છે કે પ્રતિબંધિત સંગઠન સાથે સંકળાયેલા લોકોનું આ સંસ્થા પર વાસ્તવિક રીતે નિયંત્રણ હતું. જેમાં મુખ્ય વહીવટી અને શૈક્ષણિક હોદ્દાઓ પર નિમણૂકનો પણ સમાવેશ થતો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે સમય જતાં સંસ્થાએ કટ્ટરપંથ માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કર્યું છે. આ સંસ્થામાંથી પાસ થયેલા ઘણા વિદ્યાર્થીઓ ઉગ્રવાદી પ્રવૃતિઓ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે હાનિકારક કૃત્યોમાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે.



પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણાં જિલ્લામાં વિધાનસભા ચૂંટણીના પ્રચાર વચ્ચે કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે ગંગા સાગર ખાતે પૂજા-પ્રાર્થના કરી હતી. (એજન્સી)

હરિયાણાના ગુરુગ્રામમાં સોમવારે ઉનાળાની કાળઝાળ ગરમીથી બચવા પાણીના પાઈપથી સ્નાન કરી રહેલી વ્યક્તિ. (એજન્સી)



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલનું ‘સત્યાગ્રહ’નું તૂતઃ હાસ્યાસ્પદ મુદ્દા, વાહિયાત દલીલો

**રાઘવ ચઢ્ઢા** સહિતના રાજ્યસભાના ૭ સાંસદો આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં ભળી ગયા તેના કારણે આપના મુખિયા અરવિંદ કેજરીવાલના માથે માછલાં ધોવાઈ જ રહ્યાં છે ત્યાં કેજરીવાલે દિલ્હી હાઈકોર્ટનાં જસ્ટિસ સ્વર્ણકાન્તા શર્મા સામે જંગ છેડીને પેટ ચોળીને નવું શૂળ ઊભું કર્યું છે. કેજરીવાલે લિકર કેસની સુનાવણી કરી રહેલાં જસ્ટિસ સ્વર્ણકાન્તા શર્માને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં એજન્ટ ગણાવીને પોતાના કેસમાંથી દૂર કરવા અરજી કરેલી. કેજરીવાલે જસ્ટિસ સ્વર્ણકાન્તા સામે બીજા પણ અત્યંત ગંભીર કહેવાય એવા અંગત આક્ષેપો કરેલા પણ હાઈકોર્ટે આ અરજી ફગાવી દેતાં કેજરીવાલે હવે ‘સત્યાગ્રહ’નું તૂત શરૂ કર્યું છે.

દિલ્હી જ નહીં પણ આખા ભારતમાં ગાજેલા લિકર એક્સાઈઝ કેસમાં સીબીઆઈએ પહેલાં મનિશ સિસોદિયા અને પછી અરવિંદ કેજરીવાલને ઉઠાવીને જેલમાં ધકેલી દીધા હતા. બંને લંબો સમય સુધી જેલની હવા ખાધા પછી જમીન પર છૂટેલા. આ કેસમાં પછીથી ટ્રાયલ કોર્ટે કેજરીવાલ અને સિસોદિયા બંનેને દૂધે ધોયેલા જાહેર કરીને નિર્દોષ છોડી મૂક્યા હતા. આ કેસના તમામ ૨ ૩ આરોપીઓને કોર્ટે છોડી મૂકેલા. તેની સામે સીબીઆઈએ હાઈ કોર્ટમાં અરજી કરી છે. આ અરજીની સુનાવણી શરૂ થાય એ પહેલાં જ કેજરીવાલે જસ્ટિસ સ્વર્ણકાન્તા સામે મોરચો માંડીને તેમને કેસમાંથી હટાવવાના ઉધામા શરૂ કરી દીધેલા. તેની સામે અરજી પણ કરેલી પણ હાઈ કોર્ટે અરજી ના સ્વીકારતાં હવે ‘સત્યાગ્રહ’ના તૂત પર ઉતર્યા છે.

કેજરીવાલે જસ્ટિસ શર્માને ના હટાવાય ત્યાં સુધી પોતે કે પોતાનો વકીલ લિકર કેસમાં કોર્ટમાં હાજર નહીં થાય એવું સત્તાવાર રીતે કોર્ટને જણાવ્યું છે. જસ્ટિસ સ્વર્ણકાન્તા શર્માને લખેલા ચાર પાનાંના લાંબાલચ્ચક કાગળમાં કેજરીવાલે પચીસ મુદ્દામાં પોતે કેમ જસ્ટિસ સ્વર્ણકાન્તાને પોતાના કેસમાં નથી ઈચ્છતા તેનું પિષ્ટપિંજણ કર્યું છે. કેજરીવાલનું કહેવું છે કે, પોતાને ન્યાયતંત્રમાં વિશ્વાસ છે પણ જસ્ટિસ સ્વર્ણકાન્તામાં નથી તેથી જસ્ટિસ સ્વર્ણકાન્તા સુનાવણી કરે તો પોતાને ન્યાય મળવાની જરાય આશા નથી. આ સંજોગોમાં પોતાની પાસે ગાંધીચીંધ્યા માર્ગે ‘સત્યાગ્રહ’ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી. કેજરીવાલે પોતાના અંતરાત્માના અવાજને અનુસરીને પોતે આ નિર્ણય લીધો હોવાનો દાવો કર્યો છે અને જાહેર કર્યું છે કે, જસ્ટિસ સ્વર્ણકાન્તા પોતાની વિરુદ્ધ ચુકાદો આપે તો તેની સામે પોતે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે. ટૂંકમાં કેજરીવાલે જસ્ટિસ સ્વર્ણકાન્તાને મરજી આવે એ ચુકાદો આપવા પડકાર ફેંકી દીધો છે.

કેજરીવાલની હરકત આઘાતજનક છે ને આ દેશના ન્યાયતંત્રની નિષ્પક્ષતા સામે સીધો પડકાર જ ફેંકી રહ્યા છે. જસ્ટિસ સ્વર્ણકાન્તા આ દેશની સુપ્રીમ કોર્ટે નક્કી કરેલી પ્રક્રિયાને અનુસરીને દિલ્હી હાઈ કોર્ટમાં જજ નિમાયા છે. હાઈ કોર્ટના જજ તરીકેની તેમની કામગીરીમાં તેમણે કદી કોઈ એવા ચુકાદા આપ્યા નથી કે જેના કારણે પૂર્વગ્રહ ધરાવતાં હોય કે કોઈ ચોક્કસ વિચારધારા કે પક્ષની કંઠી બાંધીને ફરતા હોય એવું લાગે. જજ તરીકેનો તેમનો રેકોર્ડ એકદમ ક્લીન છે એ જોતાં તેમની સામે આંગળી ચીંધવી એ ન્યાયતંત્ર સામે જ આંગળી ચીંધ્યા બરાબર કહેવાય. જસ્ટિસ સ્વર્ણકાન્તાની નિષ્પક્ષતા સામે શંકા કરવી એ ન્યાયતંત્રની નિષ્પક્ષતા સામે શંકા કર્યા બરાબર કહેવાય અને કેજરીવાલ અત્યારે એ જ કરી રહ્યા છે.

કેજરીવાલ જસ્ટિસ સ્વર્ણકાન્તાને પક્ષપાતી ગણાવવા બદલ આપી રહ્યા છે એ કારણો વાહિયાત છે અને પોતાની વિરુદ્ધ જ ચુકાદો આપશે એવા તેમના દાવા પાછળનાં કારણો પણ હાસ્યાસ્પદ છે. કેજરીવાલે જસ્ટિસ સ્વર્ણકાન્તા સંઘના કાર્યક્રમમાં હાજર રહ્યાં એ મુદ્દાને આગળ ધરીને મોરચો માંડવાની શરૂઆત કરી હતી. કેજરીવાલે જસ્ટિસ શર્માના વૈચારિક વલણ સામે સવાલ ઉઠાવીને આક્ષેપ કર્યો છે કે, જસ્ટિસ શર્માએ આરએસએસની કાનૂની પાંખ એવી ‘‘એડવોકેટ કાઉન્સિલ’’ ની ઓછામાં ઓછી ચાર બેઠકોમાં હાજરી આપી હોવાના પુરાવા છે. બીજી તરફ લિકર કેસમાં આરોપીઓ આરએસએસની વિચારધારાના કટ્ટર વિરોધી હોવાથી અમને બધાંને ડર છે કે જસ્ટિસ શર્માનો પક્ષપાત ચુકાદાને પ્રભાવિત કરી શકે છે.

જસ્ટિસ શર્મા સંઘના કાર્યક્રમમાં ગયાં તેના કારણે તેમને સંઘનાં કંઠીધારી ગણાવવાં બુદ્ધિનું પ્રદર્શન કહેવાય. કોઈ પણ વ્યક્તિની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ અલગ અલગ હોય છે ને મોટા ભાગનાં લોકો પ્રોફેશનલ નિર્ણયો લેવાના આવે ત્યારે તેમાં પોતાની પર્સનલ લાઈફની ભેળસેળ કરતા નથી. ચુસ્ત શાકાહારી વ્યક્તિ પશુની હિંસા કરીને મેળવાયેલા ચામડામાંથી બનેલા શૂઝ વેચતો હોય છે ને ડુંગળી-લસણ સુધ્ધાં નહીં ખાતી વ્યક્તિ પોતાની રેસ્ટોરન્ટમાં માંસાહારી વાનગીઓ વેચતો હોય છે. આ તો સામાન્ય ઉદાહરણો આપ્યાં પણ આવી સ્થિતી બધાં ક્ષેત્રમાં હોય છે ને કોઈ પોતાની અંગત માન્યતાઓને આધારે પોતાનો ધંધો, વ્યવસાય કે વ્યવસાયિક ફરજ બજાવતાં નથી. ન્યાયતંત્રમાં પણ એ જ સ્થિતિ હોય છે તેથી જસ્ટિસ સ્વર્ણકાન્તા સંઘની બેઠકોમાં ગયા તેના કારણે જ કેજરીવાલ આણિ મંડળી વિરુદ્ધ ચુકાદો આપ દેશે એમ માની ના શકાય. કેજરીવાલ એવું સ્થાપિત કરવાની કોશિશ કરીને લુચ્ચાઈ કરી રહ્યા છે.

કેજરીવાલે તેમના સોગંદનામામાં એવો આક્ષેપ પણ કર્યો છે કે, જસ્ટિસ સ્વર્ણકાન્તા શર્માનાં બે બાળકો સોલિસિટર જનરલ તુષાર મહેતાના હાથ નીચે કામ કરે છે. સીબીઆઈનું પ્રતિનિધિત્વ કરતા વકીલ તુષાર મહેતા તેમનાં બાળકોને કેસ આપે છે એ જોતાં જસ્ટિસ સ્વર્ણકાન્તા શર્મા તુષાર મહેતા વિરુદ્ધ કેવી રીતે આદેશ આપશે? કેજરીવાલનો આ આક્ષેપ હલકટાઈની ચરમસીમા જેવો છે. કેજરીવાલ જાણી જોઈને આ કેસમાં તુષાર મહેતા પક્ષકાર હોય એવું ચિત્ર ઊભું કરવા મથી રહ્યા છે. તુષાર મહેતા સીબીઆઈના વકીલ છે અને સીબીઆઈ વતી કેસ લડી રહ્યા છે તેથી જસ્ટિસ સ્વર્ણકાન્તા જે પણ ચુકાદો આપશે એ સીબીઆઈની તરફેણમાં કે વિરુદ્ધમાં આપશે, તુષાર મહેતાની તરફેણમાં કે વિરુદ્ધમાં નહીં. બીજું એ કે, જસ્ટિસ સ્વર્ણકાન્તાનાં સંતાનો વકીલ હોય ને તુષાર મહેતાના હાથ નીચે કામ કરતાં હોય તો એ પ્રોફેશનલ એરેન્જમેન્ટ છે. તેની અસર જજની નિષ્પક્ષતા પર કઈ રીતે પડે? કેજરીવાલે તેમની અરજીમાં બીજા પણ આવા જ હાસ્યાસ્પદ મુદ્દા ઉઠાવ્યા છે ને એ બધાંનો ઉલ્લેખ કરવો પણ સમયનો બગાડ છે.

કેજરીવાલ આ નાટક કરી રહ્યા છે કેમ કે તેમની આ સ્ટાઈલ છે. લોકોની નજરમાં ગરીબડા બનવું, કેન્દ્ર સરકારના કે ન્યાયતંત્રના અન્યાયનો ભોગ બન્યા હોય એવું ચિત્ર ઊભું કરવું વગેરે ત્રાગાં કરવાથી લોકોની સહાનુભૂતિ મેળવી શકાય છે, શહીદ બની શકાય છે એવું કેજરીવાલને લાગે છે. તેના કારણે કેજરીવાલ ન્યાયતંત્રનું અપમાન કરવા પર ઉતરી આવ્યા છે ત્યારે ન્યાયતંત્રે તેમને પાઠ ભણાવવો જોઈએ કે જેથી ભવિષ્યમાં બીજું કોઈ આવાં નાટક ના કરે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, મંગળવાર, તા. ૨૮-૪-૨૦૨૬,
પરશુરામ દ્વાદશી, રુકમિણી દ્વાદશી

- ભારતીય દિનાંક ૮, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૨૨-૩૫ સુધી પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ્ટ

- ભરતી : સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૨-૧૨
- ઓટઃ સાંજે ક. ૧૬-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૬ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, વૈશાખ શુક્લ – દ્વાદશી. પરશુરામ દ્વાદશી, રુક્મિણી દ્વાદશી, ભૌમ પ્રદોષ, મીનાક્ષી કલ્યાણમ્, મંગળ-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, અર્યમા પૂજન, ૐ અર્યમણે નમઃના મંત્રજાપ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, વિજય પ્રાપ્તિ માટે ભગવાન વિષ્ણુનું પૂજન કરવું. મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, ભોમપ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, ધ્રુવદેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, સીમંત સંસ્કાર, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ભગવાન સૂર્યનારાયણ, શિવ, મહાલક્ષ્મીની વિશેષરૂપે પૂજા.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ ગહનતાપ્રિય, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ ચાલબાજીવાળા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૨૯) લાગણીવાળો સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૨૯). સૂર્ય ભરણી નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ-મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ દેખાશે) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# સહમતીથી સંબંધ બંધાયા હોય એમાં ગુનાનો સવાલ જ નથીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ લગ્નનું ખોટું વચન આપીને કથિત જાતીય શોષણ કરવાને મામલે ભૂતપૂર્વ લિવ-ઈન-પાર્ટનર વિરુદ્ધ દાખલ કરેલા એફઆઈઆરને રદ કરતા મધ્ય પ્રદેશ હાઈ કોર્ટના આદેશને પડકારતી અરજી કરનાર મહિલાને સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે સંમતિથી સંબંધ બંધાયો હોય તો પછી ગુનાનો પ્રશ્ન જ ક્યાં ઉપસ્થિત થાય છે? ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને ઉજ્જલ ભૂયાનની બનેલી ખંડપીઠે એ બાબતની નોંધ લીધી હતી કે મહિલા એ પુરુષ સાથે રહેતી હતી અને બંનેને એક બાળક પણ છે.

સંમતિથી સંબંધ બાંધ્યો હતો તો પછી ગુનો ક્યાં બને છે? લગ્ન કર્યા વિના જ બંને ૧૫ વર્ષથી સાથે રહેતાં હતાં અને બંનેને એક બાળક પણ છે અને હવે મહિલા કહી રહી છે કે તેનું જાતીય શોષણ થયું છે, એમ કોર્ટે કહ્યું હતું.

મહિલાના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે મહિલાનો પતિ અગાઉ મૃત્યુ પામ્યો હતો અને તેના ભાઈએ આરોપી સાથે તેની ઓળખાણ કરાવી હતી.

આરોપીએ લગ્નનું વચન આપી જાતીય શોષણ કર્યું હોવાનો મહિલાએ આક્ષેપ કર્યો હતો. (એજન્સી)

# બંગાળમાં તૃણમૂલ સાંસદની કારમાં તોડફોડ, ભાજપે હુમલાના આરોપો નકાર્યા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના આરામબાગથી તૃણમૂલના સાંસદ મિતાલી બાગે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે જ્યારે તેઓ પાર્ટીના મહાસચિવ અભિષેક બેનરજીની રેલીમાં હાજરી આપવા જઇ રહ્યા હતા ત્યારે હુગલી જિલ્લામાં ગોઘાટમાં ભાજપના ગુંડાઓએ તેમની કારમાં તોડફોડ કરી હોવાનો આરોપ મૂક્યો હતો.

જોકે ભાજપે આ આરોપને નકારી કાઢ્યો હતો અને દાવો કર્યો હતો કે બાગ માત્ર નાટક કરી રહ્યા છે. હકીકતમાં ટીએમસીના કાર્યકરોએ જ ભગવા પાર્ટીના સમર્થકો પર હુમલો કર્યો હતો. ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું કે કથિત ઘટના અંગે રિપોર્ટ માંગવામાં આવ્યો છે. તેમજ કેન્દ્રીય સુરક્ષા દળો ઘટનાસ્થળે તહેનાત છે.

ફેસબુક લાઇવ વીડિયોમાં બાગે આરોપ લગાવ્યો કે ભાજપના ઉમેદવારના ચૂંટણી કાર્યાલય નજીક તેમની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે દાવો કર્યો કે જ્યારે મારી કાર ભાજપના ઉમેદવાર પ્રશાંત દિગારના ચૂંટણી કાર્યાલય પાસેથી પસાર થઇ રહી હતી ત્યારે ભગવા પક્ષના કેટલાક બદમાશોએ મારી કાર પર પથ્થરમારો કર્યો હતો. જેથી કારનો કાચ તૂટી ગયો હતો.

બાગે ચૂંટણી પંચને તેની ફરિયાદ પર કાર્યવાહી કરવાની અપીલ કરતાં કહ્યું કે ભાજપ મહિલાઓની સુરક્ષાની મોટી-મોટી વાતો કરે છે, પરંતુ જુઓ તેઓ એક મહિલા સાંસદ કે જે બાગદી સમુદાયની દલિત મહિલા છે તેની સાથે કેવું વર્તન કરી રહ્યા છે.

ભાજપના પ્રવક્તા દેબજીત સરકારે દાવો કર્યો કે ભગવા પાર્ટીના સમર્થકોએ બાગ પર હુમલો કર્યો નથી. તેનાથી વિપરીત ટીએમસી કાર્યકરોએ કાર્યાલયમાં ભાજપના સમર્થકો પર હુમલો કર્યો હતો અને તેમાંથી ઘણાને ઘાયલ કર્યા હતા. સરકારે કહ્યું કે ધ્યાન ભટકાવવા માટે બાગ હવે નાટક કરી રહ્યા છે.

# આંધ્રમાં પેટ્રોલ-ડીઝલની અછતના ભય વચ્ચે પેટ્રોલ પંપો પર લાંબી કતારો લાગી

અમરાવતીઃ આંધ્ર પ્રદેશમાં સોમવારે પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાઇ હોવાના ભય વચ્ચે પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી હતી. જો કે સરકારે પેટ્રોલ-ડીઝલની કોઇ અછત નહીં રહે તેવી ખાતરી આપી હતી. મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુએ અછતને પહોંચી વળવા માટે લેવામાં આવેલા પગલાંની સમીક્ષા કરી હતી. અધિકારીઓએ નાયડુને સોમવાર સાંજ સુધીમાં મોટાભાગનાં સ્થળોએ પરિસ્થિતિ સામાન્ય થઇ જશે એમ જણાવ્યું હતું. એક સત્તાવાર નિવેદન અનુસાર નાયડુએ રાજ્યના અધિકારીઓ અને ઓએમસી અધિકારીઓને પેટ્રોલ અને ડીઝલની સપ્લાઇને સામાન્ય બનાવવા માટે સાથે મળીને કામ કરવા નિર્દેશ આપ્યો હતો. ઓએમસી અધિકારીઓએ જણાવ્યું કે ઇંધણ ભરેલા ટેન્કર સાંજ સુધીમાં રિટેલ આઉટલેટ્સ પર પહોંચી જશે.ઉપરાંત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નાયડુએ અધિકારીઓને ઇંધણના કાળાબજાર અને સંગ્રહખોરી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. દિવસની શરૂઆતમાં રાજમુંદરીના એક પેટ્રોલ પંપ પર અનેક ટૂ-વ્હીલર્સ, કાર, ટ્રક અને અન્ય વાહનો કતારમાં ઉભા જોવા મળ્યા હતા. દરમિયાન લોકો પેટ્રોલ અને ડીઝલ ખરીદવા માટે પ્લાસ્ટિકના ડબ્બા પણ સાથે લઇ જતા જોવા મળ્યા હતા.

વિજયવાડાના ઓટો નગરમાં એક પેટ્રોલ પંપ પર પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યાં હતાં. જ્યાં અનેક વાહનો કતારમાં ઉભા હતા. રવિવારે બપોરે વિજયવાડાના અજિત સિંહ નગર અને તેની આસપાસના તમામ પેટ્રોલ પંપ પર પણ આવી જ સ્થિતિ હતી. ગુંટુરના ફ્યુઅલ રિટેલર્સ એસોસિએશનના સભ્ય ગોપાલ કૃષ્ણએ જણાવ્યું કે આ સંકટ સમગ્ર રાજ્યમાં ફેલાઇ ગયું છે.

# પાકિસ્તાન તો અમેરિકાના દબાણમાંઃ ઈરાનનો આક્ષેપ

## શાંતિ મંત્રણામાં ઈસ્લામાબાદની મધ્યસ્થતા નકારીઃ પાકિસ્તાને મંત્રણા માટે ૨૦૦ અબજ રૂપિયા ખર્ચ્યા પણ શ્રેય ન મળ્યું

તહેરાનઃ પાકિસ્તાન મોટાભાઈ થઈને ઇરાન અને અમેરિકા વચ્ચે શાંતિ સ્થાપિત કરવા માટે આગળ આવ્યું હતું. જેના કારણે તેને માત્ર બે જ અઠવાડિયામાં રૂપિયા ૨૦૦ અબજનો ખર્ચ થઈ ગયો છે. મૂળ વાત તો છે કે, આટલા રૂપિયાનો ખર્ચ કર્યો તેમ છતાં પણ શાંતિ મંત્રણા સફળ રહી નહીં! હવે તો ઇરાનના સાંસદ દ્વારા એવા આક્ષેપો પણ થઈ રહ્યા છે, પાકિસ્તાન ભરોસાપાત્ર નથી અને તે અમેરિકાના એવા સખત દબાણ હેઠળ છે કે તેની સામે કશું બોલી નથી શકતું. એટલું જ નહીં ઇરાને પાકિસ્તાનને મધ્યસ્થય માનવાની ચોખ્ખી ના પાડી દીધી છે. એટલે પાકિસ્તાનને આર્થિક નુકસાન પણ આવ્યું અને કોઈ ક્રેડિટ પણ ના મળી.

ઇરાનના સંસદીય રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ આયોગના પ્રવક્તા ઇબ્રાહિમ રેઝાઈએ પાકિસ્તાનની ભૂમિકા અને નિષ્પક્ષતા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ઇબ્રાહિમ રેઝાઈએ કહ્યું કે, પાકિસ્તાનની ભૂમિકા અને તેની નિષ્ક્ષતા પર શંકા છે. એક મધ્યસ્થ ને દરેક સ્થિતિમાં નિપક્ષ રહેવું જોઈએ. કોઈ પણ પક્ષે તેને પક્ષપાત ના કરવો જોઈએ. પરંતુ પાકિસ્તાન તેમાં નિષ્ફળ સાબિત થયું છે.

ઇબ્રાહિમ રેઝાઈએ વધુમાં કહ્યું કે, પાકિસ્તાન અમારો પાડોશી અને મિત્ર દેશ છે, પરંતુ જ્યારે વાત કૂટનીતિક સંવાદ અને મધ્યસ્થતાની આવે તો તે યોગ્ય દેશ નથી. પાકિસ્તાનનો ઝુકાવ ઘણીવાર બીજી બાજુ (અમેરિકા તરફ) હોય છે, જે વાતચીતની મૂળભૂત ભાવનાની વિરુદ્ધ છે. ઇબ્રાહિમ રેઝાઈએ આક્ષેપ લગાવ્યો કે, પાકિસ્તાન આ મામલે અમેરિકાના દબાવ હેઠળ રહ્યું અને સાચુ બોલવામાં નિષ્ફળ સાબિત થયું છે. શાંતિ મંત્રણા દરમિયાન પાકિસ્તાન માત્ર અમેરિકાના ઈશારે જ કામ કરી રહ્યું હતું. જેથી તેને મધ્યસ્થ દેશ માની શકાય નહીં.

# ઈરાનનાં હિતમાં હશે તે તમામ કામ કરીશુંઃ પુતિન

મૉસ્કોઃ ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી સાથે સોમવારે કરેલી બેઠકમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે ઈરાનના હિતમાં હશે તમામ કામ અમે કરીશું.

ઇરાનની ટોચની નેતાગીરી માટે એક વિશેષ સંદેશો પણ તેમણે મોકલ્યો હતો અને તેમનાં તંદુરસ્ત આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. પુતિને ઇરાનને સંપૂર્ણ સમર્થનનું પણ વચન આપ્યું હતું.

તેમણે કહ્યું હતું કે રશિયા એ તમામ કામ કરશે જે ઇરાન તેમ જ એ વિસ્તારના અન્ય દેશોના હિતમાં હશે.

ઇરાન-અમેરિકા સાથે યુદ્ધ કરી રહ્યું છે અને પાકિસ્તાનમાં યોજાયેલી શાંતિ મંત્રણા નિષ્ફળ રહી હોવા વચ્ચે પુતિન અને અરાઘચી વચ્ચે સોમવારે બેઠક યોજાઈ હતી.

# ૮૦ વર્ષની ઉંમર સંપત્તિનો કેસ લડવાની નથીઃ સંજય કપૂરની માતાને કોર્ટે સંભળાવ્યું

નવી દિલ્હીઃ સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ અને એક્ટ્રેસ કરિશ્મા કપૂરના ભૂતપૂર્વ પતિ સંજય કપૂર સાથે જોડાયેલા એસ્ટેટ વિવાદમાં એક નવો ઉમેરો થયો છે. સુપ્રીમ કોર્ટે સોમવારે રાની કપૂર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નૉટિસ જારી કરી હતી, આ સાથે ૮૦ વર્ષની ઉંમરે પણ તેણીના મુકદ્દમાનો ભાગ બનવા અંગે અવલોકન કર્યું હોવાનું કહેવાય છે.

એક અહેવાલ મુજબ, કોર્ટે સંજયની વિધવા પ્રિયા સચદેવ કપૂર અને અન્ય બાવીસ લોકો પાસેથી જવાબ માગ્યા હતા, સાથે એ પણ સૂચવ્યું હતું કે મધ્યસ્થી કૌટુંબિક વિવાદને ઉકેલવાનો માર્ગ હોઈ શકે છે.

ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને વિજય બિશ્નોઈની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી હતી ત્યારે તેમણે અવલોકન કર્યું હતું કે આવા કેસોમાં કોર્ટરૂમમાં લાંબી લડાઈઓ કોઈના હિતમાં ન હોઈ શકે.

બેન્ચે સતત સંઘર્ષની જરૂરિયાત પર પણ પ્રશ્ન ઉઠાવતા ટિપ્પણી કરી હતી કે, તમે બધા કેમ લડી રહ્યા છો? તમે ૮૦ વર્ષના છો. આ તમારા ક્લાયન્ટ માટે લડવાની ઉંમર નથી.

કોર્ટે મધ્યસ્થીનું ભારપૂર્વક સૂચન કરતા કહ્યું હતું કે, એ થી ઝેડ સુધી, હંમેશા માટે મધ્યસ્થી માટે જાઓ. નહિંતર, આ સમયનો બગાડ છે.

એક સૌહાર્દપૂર્ણ ઉકેલ પર ભાર મૂકતા, બેન્ચે કહ્યું કે, ‘‘જો જરૂરી હોય તો, અમે મેરિટ પર કેસ સાંભળીશું; જો કે, પહેલા, આપણે પક્ષકારોને મધ્યસ્થી માટે જવા માટે મનાવવાનો પ્રયાસ કરવો જોઈએ.’’આ કેસ હવે આવતા અઠવાડિયે સૂચિબદ્ધ થવાનો છે.

રાની કપૂરની અરજીમાં પ્રતિવાદીઓને મિલકત, સંપત્તિ અને સંબંધિત બાબતોમાં દખલ કરવાથી રોકવા માટે નિર્દેશોની માંગ કરવામાં આવી છે. રાની કપૂરે દિલ્હી હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા કેટલાક આદેશોને પણ પડકાર્યા છે.

# ‘સરકે ચુનર’ વિવાદઃ સંજય દત્તે અંતે માફી માગી

નવી દિલ્હીઃ ‘સરકે ચુનર તેરી સરકે’ ગીત સંબંધિત વિવાદને મામલે અભિનેતા સંજય દત્ત રાષ્ટ્રીય મહિલા પંચ સમક્ષ ઉપસ્થિત રહ્યો હતો અને અજાણતા સમાજને થયેલા નુકસાન બદલ લેખિતમાં માફી માગી હતી.

રાષ્ટ્રીય મહિલા પંચનાં અધ્યક્ષા વિજયા રાહતકરનાં વડપણ હેઠળ હાથ ધરવામાં આવેલી સુનાવણી દરમિયાન પંચે ગીતમાં મહિલાનાં અણછાજતા પ્રતિનિધિત્વ અને કથિત બીભત્સતા અંગે ચિંતા વ્યક્ત કરી આશય, જાગરુકતા તેમ જ જવાબદારી જેવા મુદ્દે સવાલ ઉઠાવ્યા હતા.

જાહેર ક્ષેત્રની વગદાર તેમ જ પ્રભાવશાળી વરિષ્ઠ વ્યક્તિ તરીકેની જવાબદારી તેમ જ કામ કાયદા અને સામાજિક ધારાધોરણના દાયરામાં રહે તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું.

ભૂલ સુધારવાના ભાગરૂપ સંજય દત્તે સામાજિક કલ્યાણ અને મહિલા સશક્તીકરણના પ્રયાસના ભાગરૂપ સંજય દત્તે પચાસ આદિવાસી બાળકોનાં શિક્ષણની જવાબદારી લીધી છે, એમ રાષ્ટ્રીય મહિલા પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

# કેજરીવાલનો સત્યાગ્રહઃ કોર્ટમાં હાજર નહીં રહે

નવી દિલ્હીઃ દિલ્હી એક્સાઇઝ પોલિસી કૌભાંડ મામલે આમ આદમી પાર્ટી (આપ)ના વડા અરવિંદ કેજરીવાલ સામે દિલ્હી કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. અગાઉ કોર્ટ કાર્યવાહી દરમિયાન અરવિંદ કેજરીવાલ જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની વિશ્વનીયતા સામે સવાલો ઉઠાવી ચુક્યા છે, હવે તેમણે કોર્ટમાં હાજરી આપવાની મનાઈ ફરમાવી છે.

એક પત્ર લખીને કેજરીવાલે જણાવ્યું છે કે તેઓ એક્સાઇઝ પોલિસી કેસની સુનાવણી દરમિયાન રૂબરૂ હાજર નહીં રહે અને તેમના વકીલ પણ હાજરી નહીં આપે. પોતાના પત્રમાં કેજરીવાલે લખ્યું છે કે, જસ્ટિસ સ્વર્ણકાંતા પાસેથી ન્યાય મેળવવાની મારી આશા તૂટી ગઈ છે.

અરવિંદ કેજરીવાલે મહાત્મા ગાંધીએ અપનાવેલો વિરોધ કરવાનો માર્ગ અપનાવવાનું નક્કી કર્યું છે, તેમણે લખ્યું, ‘‘મેં મહાત્મા ગાંધીના સત્યાગ્રહના માર્ગ પર ચાલવાની નક્કી કર્યું છે. મેં મારા અંતરાત્માના અવાજને સાંભળીને આ નિર્ણય લીધો છે.‘‘

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે આ પગલું વ્યક્તિગત છે. પત્રમાં કેજરીવાલે જણાવ્યું કે તેઓ કોર્ટની કાર્યવાહીમાં હાજર નહીં રહે, જરૂર પડશે તો જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જશે.

# આપના સાત સાંસદના ભાજપમાં વિલયને મળી ગઈ છે મંજૂરી

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ) માટે હવે એક સાંધો ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ છે. આમ આદમી પાર્ટીના સાત દિગ્ગજ નેતાઓ અને સાંસદો એ ભાજપમાં જોડાવાનો નિર્ણય કર્યો અને આમ આદમી પાર્ટી પક્ષપાતના ગંભીર આક્ષેપો લગાવ્યાં હતાં. હવે રાઘવ ચઢ્ઢા સહિત આપના સાત સાંસદોના ભાજપમાં સમાવેશને રાજ્યસભાના અધ્યક્ષે મંજૂરી આપી દેતા કેજરીવાલને મોટો ઝટકો લાગ્યો છે.

સભાપતિની મંજૂરી બાદ રાઘવ ચઢ્ઢા સહિત આપના સાત સાંસદ હવે સત્તાવાર રીતે ભાજપના થઈ ગયા છે. એટલે હવે રાજ્યસભામાં ભાજપના સાંસદોની સંખ્યા ૧૧૩ થઈ છે. આમ આદમી પાર્ટીની રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સતત માર પડી રહ્યો છે. ભાજપમાં સામેલ થયા બાદ રાઘવ ચઢ્ઢા પહેલું નિવેદન આપ્યું છે. આ વીડિયામાં રાઘવ ચઢ્ઢાએ આમ આદમી પાર્ટી પર આકરા પ્રહાર કરતાં પાર્ટીને ઝેરી ગણાવી છે. રાઘવ ચઢ્ઢાના આ નિવેદન પછી રાજકીય માહોલ ગરમાઈ ગયો છે.

# કૅનેડામાં શીખ પર હુમલો, દેશ છોડી જવા માટે કહ્યું

ટોરન્ટોઃ કૅનેડામાં એક યુવકે એક વૃદ્ધ શીખ વ્યક્તિ પર હુમલો કર્યો હતો. યુવકે જાતિવાદી ટિપ્પણી કરતાં કહ્યું કે ‘મારા દેશમાંથી નીકળી જા.’ આ ઘટના બાદ પોલીસે આને નફરતથી પ્રેરિત હુમલો ગણાવીને તપાસ હાથ ધરી છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

વૂડસ્ટોક પોલીસે એક નિવેદનમાં જણાવ્યું કે આ ઘટના બાવીસ એપ્રિલના રોજ ઓન્ટેરિયોના વૂડસ્ટોકમાં બની હતી. આ યુવક પર તેના કૃત્યો માટે અનેક આરોપો લગાવવામાં આવ્યા છે. વૃદ્ધ વ્યક્તિ ફૂટપાથ પર ચાલી રહ્યા હતા ત્યારે એક યુવકે તેને ધક્કો માર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર યુવકે પીડિતને તેની જાતિગત ઓળખના આધારે નિશાન બનાવ્યા હતા અને ટીપ્પણીઓ અને ગેરવર્તણૂક કરી હતી. જો કે પીડિતને કોઇ ઇજા થઇ નથી. તપાસમાં જાણવા મળ્યું કે યુવકે કોઇ પણ ઉશ્કેરણી વિના વૃદ્ધ પર હુમલો કર્યો હતો.

# ગુજરાત દિવસથી સુરતમાં યોજાશે બે દિવસની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ

અમદાવાદઃ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની ત્રીજી આવૃત્તિ ૧ અને ૨ મે, ૨૦૨૬ ના રોજ સુરતની ઔરો યુનિવર્સિટી ખાતે યોજાશે. કોન્ફરન્સની સાથે, વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન ૧ થી ૫ મે, ૨૦૨૬ દરમિયાન તે જ સ્થળે યોજાશે. ૧૨,૦૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં યોજાનારું આ પ્રદર્શન સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. પ્રદર્શનમાં, રિવર્સ બાયર-સેલર મીટ્સ, ઉદ્યમી મેળા અને વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આદિવાસી હાટ, મહિલા કારીગરો, પુરસ્કાર વિજેતા કારીગરો અને સ્ટાર્ટઅપ્સ માટે સ્ટોલ ઊભા કરવામાં આવશે. વીજીઆરઈ, એમએસએમઈ હસ્તકલા અને કુટીર ઉદ્યોગોને પણ સેવા આપશે, જે આ ક્ષેત્રના સાહસિકોને નવા બજારો સાથે જોડવામાં મદદ કરશે.સત્તાવાર નિવેદન અનુસાર, વીજીઆરસી કાપડ, હીરા અને ઝવેરાત, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, રસાયણો અને પેટ્રોકેમિકલ્સ અને પ્રવાસન સહિતના મુખ્ય વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં આ ક્ષેત્રોની અગ્રણી કંપનીઓ અને સંસ્થાઓ ભાગ લેશે. રાજકોટ અને મહેસાણામાં યોજાયેલી સમિટ સમયે પણ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્ઝિબિશન કચ્છ અને સૌરાષ્ટ્રમાં ૪૫૦ થી વધુ પ્રદર્શકો હતા, જેમાં લગભગ ૧૬૦ એમએસએમઈ, લગભગ ૬૦ સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેટર્સ, હસ્તકલા અને હાથવણાટ સાથે સંકળાયેલા આશરે ૬૨ કુશળ કારીગર અને કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગોના ૭૦ સ્ટોલનો સમાવેશ થાય છે.

# સુરતમાં વરાછાની એસબીઆઈ બ્રાન્ચમાં ધોળા દિવસે ૫૦ લાખની લૂંટ, ચારેય લૂંટારું ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) ની બ્રાન્ચમાં ધોળા દિવસે ચાર હથિયારધારી લૂંટારૂઓએ ૫૦ લાખ રૂપિયાની લૂંટ ચલાવતા ખળભળાટ મચી ગયો હતો. લૂંટારૂઓએ હથિયારો બતાવી બેંકના કર્મચારીઓને બંધક બનાવી દીધા હતા અને લૂંટની ઘટનાને અંજામ આપી નાસી છૂટ્યા હતા.

શહેરના સૌથી વ્યસ્ત વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે સમગ્ર સુરત પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી અને સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ સાથે જ ફરી એક વખત શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતી અંગે સવાલો ઊઠ્યા છે. મળતી વિગતો મુજબ ૨૭ એપ્રિલ સોમવારના રોજ બપોરના સમયે વરાછાની વસંત ભિખાની વાડી પાસે આવેલી એસબીઆઈ બેંકમાં ચાર અજાણ્યા શખ્સો હથિયારો સાથે બેંકમાં ઘૂસી આવ્યા હતા. લૂંટારુઓએ બૅન્કના સ્ટ્રોંગ રૂમ કે કેશ કાઉન્ટરમાંથી લગભગ ૫૦ લાખ રૂપિયાની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. લૂંટને અંજામ આપ્યા બાદ ચારેય શખ્સો તાત્કાલિક ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને બેંક તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ મેળવી લૂંટારુઓની ઓળખ કરવાની કાર્યવાહી હાથધરી હતી. ક્રાઈમ બ્રાંચે જુદી જુદી ટીમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજયની ૯૦૦૦ કરતાં વધુ બેઠકોનું પરિણામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાન-સભાની આવતા વર્ષે ચૂંટણી યોજાનાર છે, તે પહેલા લગભગ ૯,૨૦૦ કરતા વધારે સ્થાનિક સ્વરાજની બેઠકોનું પરિણામ આજે જાહેર થશે. રવિવારે કાળઝાળ ગરમી વચ્ચે પ્રમાણમાં ઓછું મતદાન થયું હતું. મતદાનના બહાર આવેલા આંકડા અનુસાર મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ૪૯.૦૨%, જિલ્લા પંચાયતોમાં ૬૧.૬૯% અને તાલુકા પંચાયતોમાં ૬૨.૩૮% મતદાન થયું હતું. ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનો, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના પરિણામ આજે જાહેર થશે.

ચૂંટણીમાં ૨૫,૫૩૭ ઉમેદવાર ઊભા હતા. રાજ્યના ૪૮,૪૫૦ મતદાન મથકો પર ૯૨,૦૦૦થી વધુ પોલીસ જવાનોના પહેરા હેઠળ આજે મતદાન થયું હતું. મતદાનના દિવસે નાના-મોટા છમકલાના અહેવાલો પ્રકાશમાં આવ્યા હતા. આ ચૂંટણી મતદાર સુધારણા યાદી બાદ યોજાઈ હોવાથી મતદારોની અમુક મૂંઝવણ સામે આવી હતી. બૂથમાં કન્ફ્યુઝન, મતદારોના નામની બાદબાકી વગેરેની ફરિયાદો અમુક જગ્યાએ ઊઠી હતી. ગુજરાતમાં રવિવારે મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦થી ૪૪ ડિગ્રી વચ્ચે રહ્યો હતો. સખત ગરમીને કારણે પણ મતદાનની ટકાવારી પર અસર પડી હતી.

આ સાથે સ્કૂલોમાં વેકેશન હોવાથી ઘણા પરિવારો પોતાના મતદાનમથકથી દૂર હોવાથી પણ મતદાન અપેક્ષા કરતા ઓછું થયું હોવાનું નિષ્ણાતો જણાવે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવતા વર્ષે નવેમ્બર મહિના આસપાસ હશે ત્યારે આજનાં પરિણામો તમામ રાજકીય પક્ષો માટે મહત્ત્વના સાબિત થશે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કાર ડિવાઈડર સાથે અથડાતા ચારનાં મોત

અમદાવાદઃ થોડા સમય પહેલા જ વાહનચાલકો માટે ખુલ્લા મૂકાયેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કલોલ પાસે થયેલા એક અકસ્માતમાં એક જ પરિવારના ચાર જણના જીવ ગયા હતા અને એકને ગંભીર ઈજા થઈ હતી.

મળતી માહિતી મુજબ પરિવાર રાજસ્થાનથી પરત ફરી રહ્યો હતો ત્યારે કલોલ નજીક ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર વાહન વચ્ચેના ડિવાઇડરને કૂદીને વિરુદ્ધ કેરેજ વે પર પલટી ગઈ હતી. કાર પૂરપાટ ઝડપે ચાલતી હોવાથી અકસ્માત પણ એટલો જ ગમખ્વાર સર્જાયો હતો. કારમાં સવાર પાંચ લોકોમાંથી ચારના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી, જેને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડાયો હતો. વડોદરાના તમામ મૃતકોની ઓળખ સાજીદ ઇકબાલ ખિંજી (૫૫), ઇલ્યાસ ઇકબાલ ખિંજી (૫૦), ઇશાક ઇકબાલ ખિંજી (૪૮) અને રેહાન અઝગર ખિંજી (૩૫) તરીકે થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કલોલ પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ અને અન્ય સંબંધિત વિગતો મેળવવા આગળ તપાસ હાથ ધરી હતી.

# અબડાસાના મોથાળા પાસે બે કાર વચ્ચે સર્જાયો ગમખ્વાર અકસ્માતઃ મુંબઈના એક જ પરિવારના પાંચ સભ્યો ઘાયલ

ભુજઃ કચ્છના અબડાસા તાલુકાના મોથાળા ગામ નજીકની ચેકપોસ્ટ પાસે ગઈકાલે મોડી રાત્રે બે કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મુંબઈના એક જ પરિવારના પાંચ સભ્યોને ગંભીર ઇજાઓ પહોંચી હતી. આગળ જતી કારના ચાલકે અચાનક યુ-ટર્ન લેતા પાછળ આવી રહેલી કાર તેની સાથે અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, મુંબઈનો આ ભાનુશાલી પરિવાર પોતાની કારમાં કચ્છનો પ્રવાસ કરી રહ્યો હતો. મોથાળા ચેકપોસ્ટ નજીક પહોંચતા જ આગળ જઈ રહેલા વાહને અચાનક વળાંક લીધો હતો, જેના કારણે પાછળની કારના ચાલકે કાબૂ ગુમાવતા બંને વાહનો સામસામે ટકરાયા હતા.

આ અકસ્માતમાં મહેન્દ્રભાઇ કરશનભાઇ ભાનુશાલી (ઉં.વ. ૪૯), પ્રતાપ મોહનલાલ કટારમલ (ઉં.વ. ૪૨), વર્ષાબેન મહેન્દ્રભાઇ ભાનુશાલી (ઉં.વ. ૪૫), કનૈયાલાલ મહેન્દ્રભાઇ ભાનુશાલી (ઉં.વ. ૨૪) અને પૃથ્વીભાઇ મહેન્દ્રભાઇ ભાનુશાલી (ઉં.વ. ૨૧) ને માથા, છાતી તેમજ હાથ-પગના ભાગે ઓછી-વત્તી ઇજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્તોને તાત્કાલિક ભુજની જી.કે.જનરલ હૉસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યા હતા. હૉસ્પિટલ સ્થિત પોલીસ ચોકીમાં આ અંગેની પ્રાથમિક વિગતો નોંધાવવામાં આવી છે અને પોલીસે અકસ્માત અંગે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાબરમતી નદી પર ચાલી રહેલું બુલેટ ટ્રેનનું કામ પૂર્ણતાના આરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના પ્રથમ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંગે એક મહત્ત્વપૂર્ણ અપડેટ મળ્યું છે. અમદાવાદમાં સાબરમતી નદી પર બની રહેલા બુલેટ ટ્રેન પુલનું કામ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, આ પુલ જમીનથી આશરે ૩૬ મીટર એટલે કે ૧૧૮ ફૂટની ઊંચાઈ પર સ્થિત છે, જે આશરે ૧૨ માળની બિલ્ડિંગ જેટલી ઊંચાઈ ધરાવે છે. પશ્ચિમ રેલવેની અમદાવાદ-દિલ્હી મેઈન લાઈનને સમાંતર બની રહેલો આ ૪૮૦ મીટર લાંબો પુલ સાબરમતી અને અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશનોની વચ્ચે વ્યૂહાત્મક રીતે તૈયાર કરવામાં આવી રહ્યો છે.

પ્રોજેક્ટના નિર્માણ કાર્યની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, નદી પરના તમામ આઠ મોટા રાઉન્ડ થાંભલાનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ થાંભલાનો વ્યાસ ૬ થી ૬.૫ મીટર છે અને તેમની ઊંચાઈ ૩૧ થી ૩૪ મીટરની વચ્ચે છે. નદીના કુદરતી પ્રવાહને કોઈ નુકસાન ન થાય તે રીતે આ થાંભલાનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ચાર થાંભલા નદીના પટમાં અને બાકીના કાંઠા પર બનાવવામાં આવ્યા છે. આ પુલના નિર્માણમાં ૭૬ મીટરના ૫ સ્પાન અને ૫૦ મીટરના ૨ સ્પાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેનું કામ અત્યાધુનિક 'બેલેન્સ્ડ કેન્ટિલિવર' પદ્ધતિથી કરવામાં આવી રહ્યું છે.

# આપના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે જાહેરમાં મારામારીનો વીડિયો વાયરલ

અમદાવાદઃ એક તરફ આમ આદમી પક્ષના ગુજરાતના જનરલ સેક્રેટરી સાગર રબારીએ રાજીમાનું ધરી દીધું હતું તો બીજી બાજુ પક્ષના ધારાસભ્ય ચૈતર વસાવાએ જાહેરમાં કરેલી મારામારીનો વીડિયો વાઇરલ થયો હતો. આ વિવાદાસ્પદ ઘટના અંગે વસાવાએ જણાવ્યું હતું કે ૨૩મી એપ્રિલે કંપનીની કથિત બેદરકારીને કારણે બ્લાસ્ટ થયો હતો અને ૧૬ જેટલા કર્મચારી દાઝ્યા હતા અને બે કર્મચારીનાં મોત નિપજ્યાં હતાં. હાલમાં ૧૪ જેટલા કર્મચારીઓ ઘાયલ છે અને ૫-૬ લોકો ગંભીર રીતે ઘાયલ છે, જેમનું ૮૦% શરીર દાઝીને બળી ગયું છે. છતાં પણ કંપનીના મેનેજમેન્ટે કોઈની સાથે મુલાકાત નથી લીધી, વળતરની વાત નથી કરી અને હૉસ્પિટલના બિલની પણ વાત કરી ન હતી, જેના કારણે તેમના પરિવારે મારો સંપર્ક કર્યો હતો.

# અમદાવાદના શ્યામલ વિસ્તારમાં ભયાનક આગ, વાહનો બળીને ખાક

અમદાવાદઃ શહેરના અતિ વ્યસ્ત શ્યામલ ક્રોસરોડ્ નજીક એક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં સોમવારે આગ ફાટી નીકળી હતી. અહીં બહાર પાર્ક કરેલા અનેક વાહનો બળીને ખાખ થઈ ગયા હતા અને લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે સદનસીબે કોઈ જાનહાનિના અહેવાલો નથી. આ ઘટના શાંગરી-લા આર્કેડ કોમ્પ્લેક્સમાં બની હતી, જ્યાં ગ્રાઉન્ડ ફ્લોર પર કોટક મહિન્દ્રા બેંક પાસે આગ શરૂ થઈ હતી અને ઝડપથી ઉપરના માળે ફેલાઈ ગઈ હતી.અહીં એક બહુ મોટું જીમ અને અન્ય ઓફિસ આવેલી છે. નજીકમાં વાહનો પાર્ક કરેલા હોવાથી, આગ ઝડપથી ફેલાઈ ગઈ અને ઝડપથી તીવ્ર બની, જેના કારણે કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં જોવા મળ્યા હતા. અમદાવાદથી ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી.

## વેપાર વાણિજ્ય

# ડૉલર સામે રૂપિયામાં એક પૈસાનો સાધારણ સુધારો

મુંબઈઃ વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા, પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાના નિર્દેશો, માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનાં દબાણને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન પાંચ પૈસા મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે સાધારણે એક પૈસાના સુધારા સાથે ૯૪.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૪.૧૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૨૮ અને ઉપરમાં ૯૪.૧૧ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે સાધારણ એક પૈસો વધીને ૯૪.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે સંભવિતપણે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપ સાથે ડૉલર સામે રૂપિયામાં પાંચ સત્રની મંદીને બ્રેક લાગી હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૯૩.૮૦ની સપાટી મહત્ત્વની ટેકાની અને ૯૪.૪૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા જણાય છે.

# રિટેલ માગને ટેકે ખાંડમાં ₹ ૬થી ૨૦નો સુધારો

### મે મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટનનો ક્વૉટા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની માગ ઉપરાંત રિટેલ સ્તરની લેવાલીને ટેકે હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૬થી ૨૦નો અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. આજે મોડી સાંજે કેન્દ્રીય ખાદ્યાન્ન અને જાહેર વિતરણ વિભાગે આગામી મે મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કર્યો હોવાના અહેવાલ હતા. જોકે, બજાર વર્તુળોની અપેક્ષા કરતાં ઓછો જથ્થો છૂટો કરવામાં આવ્યો હોવાથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫થી ૨૦નો સુધારો જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૬૨થી ૩૯૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૬ના સુધારા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# સોનામાં ₹ ૨૯૩ની અને ચાંદીમાં ₹ ૧૦૫ની નરમાઈ

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આવતીકાલથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે લંડન ખાતે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા, જ્યારે ચાંદીમાં સાધારણ સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે સત્રના આરંભે વૈશ્વિક બજારમાં સાંકડી વધઘટના નિર્દેશો અને સાર્વત્રિક સ્તરેથી માગ પણ મર્યાદિત રહેતાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૧થી ૨૯૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૫નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૫ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૨,૪૩,૭૨૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો નવી લેવાલીથી દૂર રહ્યા હતા તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૧ના ઘટાડા સાથે રૂ. ૧,૫૦,૫૮૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૯૩ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૧૮૬ના મથાળે રહ્યા હતા. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ આસપાસ ઔંસદીઠ ૪૭૦૭.૧૬ આસપાસ ટકેલા રહ્યા હતા અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૭૨૨.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૭૫.૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં ઉછાળા આવ્યા હોવાથી ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ આવતીકાલથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠકમાં વધુ તંગ નાણાનીતિ અપનાવવાના સંકેતો આપે તેવી શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હોવાથી રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાનું સિટી ઈન્ડેક્સ અને ફોરેક્સ ડૉટ કૉમના વિશ્લેષક ફવાદ રઝાકઝાદાએ જણાવ્યું હતું.

હજુ સ્ટ્રેટ ઑફ હોમુર્ઝમાંથી મર્યાદિત શિપમેન્ટો જ પસાર થઈ રહ્યા હોવાથી વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૫ ડૉલરની ઉપર જ પ્રવર્તી રહ્યા છે.

# શૅરબજારમાં ત્રણ દિવસના પછડાટ બાદ બાઉન્સ બેકઃ સેન્સેક્સ ૬૩૯ પોઈન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇરાનના શાંતિ પ્રસ્તાવ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને સન ફાર્મામાં તેજી અને સકારાત્મક વૈશ્વિક વલણોને કારણે સોમવારે ત્રણ દિવસના ઘટાડાનો સિલસિલો તોડીને બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ એક ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ ૬૩૯.૪૨ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા વધીને ૭૭,૩૦૩.૬૩ના સ્તરે સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૭૫૫.૮૩ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકા વધીને ૭૭,૪૨૦.૦૪ સુધી પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૯૪.૭૫ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા વધીને ૨૪,૦૯૨.૭૦ની સપાટીએ બંધ થયો. અમેરિકાની ઓર્ગેનોન ૧૧.૭૫ અબજ ડોલરમાં હસ્તગત કરી રહી હોવાની કંપનીની જાહેરાતને કારણે સન ફાર્માના શેરમાં સાત ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ પણ ૨.૮૮ ટકા ઊછળ્યો હતો. આ ઉપરાંત અદાણી પોર્ટ, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, એચસીએલ ટેક અને ટીસી એસ ટોપ ગેઇનર્સ હતા. જ્યારે એક્સિસ બેન્ક, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટ્રેન્ટ અને આઇસીઆઇસીઆઇ બેન્ક ટોપ લુઝર્સ શેરોમાં સામેલ હતા.

પ્રાઇમરી માર્કેટમાં ડીજીટલ લેન્ડિંગ કંપની વનઇએમઆઇ ટેકનોલોજીનો રૂ. ૯૨૫.૯૨ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને પાંચમી મે, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૬ઠી મેના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ આઠમી મે, ૨૦૨૬ના રોજ થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૬૨થી રૂ. ૧૭૧ પ્રતિ શેર છે.

રિઝર્વ બેન્કે પેટીએમ બેન્કનું લાઇસન્સ રદ્દ કર્યું હોવાના સમાચારે પેટીએમ બ્રાન્ડની માલિક વન૯૭ કમ્યુનિકેશનના શેરમાં આઠ ટકાનો જોરદાર કડાકો જોવા મળ્યો હતો. એક્સિસ બેન્કના શેરમાં તેના નાણાકીય પરિણામ જાહેર થયા બાદ પાંચ ટકા જેટલો કડાકો બોલાયો હતો. મેકમાય ટ્રીપ અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગે ઓનલાઇન ડ્યૂટી ફ્રી પ્રિ-બુકિંગ સર્વિસ માટે ભાગીદારી કરી છે. નિયમનકારી ધોરણોના પાલન માટે એનએસઇએ લગભગ એક ટકા જેટલો હિસ્સો ઇન્ડિયન ગેસ એક્સચેન્જને વેચ્યો છે. એમેઝોન ૧૦૦ શહેરમાં વિસ્તરણ કરશે.

અમેરિકા અને ઇરાન વચ્ચે સીઝફાયર સાથે હાલતુરત શાંતિ જળવાઈ રહેવાની આશા વધી હોવાથી બજારના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. ઇરાને શાંતિ મંત્રણા માટે અમેરિકાને પ્રસ્તાવ મોકલ્યો હોવાના અહેવાલને પગલે હોર્મુઝ સ્ટ્રેઇટ ખૂલવાની અને ક્રૂડ ઓઇલનું ટ્રાફિક સ્મુધ બનવાના સંકેતને કારણે વિશ્વભરના શેર બજારમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૨.૫૩ ટકા વધીને ૧૦૭.૯૦ ડોલર બોલાયા છે.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૧.૪૯ લાખ કરોડથી રૂ.૬.૪૨ લાખ કરોડ વધીને રૂ.૪૬૭.૯૧ લાખ કરોડ રહ્યું હતું. બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે યુટિલિટીઝ ૨.૫ ટકા, હેલ્થકેર ૨.૪૩ ટકા, ફોકસ્ડ આઈટી ૨.૪૧ ટકા, રિયલ્ટી ૨.૩૫ ટકા, આઈટી ૨.૨ ટકા, હોસ્પિટલ્સ ૨.૧૧ ટકા, પાવર ૨.૦૫ ટકા, સર્વિસીસ ૧.૯૨ ટકા, મેટલ ૧.૮૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૭૧ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક ૧.૬૬ ટકા, કોમોડિટીઝ ૧.૫૬ ટકા અને ઓટો ૧.૫૧ ટકા વધ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે સન ફાર્મા ૭.૦૩ ટકા, રિલાયન્સ ૨.૮૮ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૭૨ ટકા, ટેક મહિન્દ્ર ૨.૬૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૧૩ ટકા, એનટીપીસી ૨.૧૨ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૧૨ ટકા, ટીસીએસ ૨.૦૯ ટકા, ટાટા સ્ટીલ ૧.૬૭ ટકા, કોટક બેન્ક ૧.૫૪ ટકા, પાવર ગ્રીડ ૧.૪૫ ટકા મારુતિ ૧.૩૭ ટકા અને ઈન્ફોસિસ ૧.૩૪ ટકા વધ્યા હતા, જ્યારે એક્સિસ બેન્ક ૩.૦૫ ટકા, બીઈએલ ૨ ટકા, ટ્રેન્ટ ૦.૯૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૮૫ ટકા, ઈટર્નલ ૦.૪૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૧૫ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૫૫૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૩,૦૨૩ સ્ક્રિપ્સ વધી હતી, ૧,૩૪૫ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૮૮ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૧૭૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૪૩ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૦ સ્ક્રિપ્સને ઉપલી અને ૧૦ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૪.૮૦ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૮૦ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૬ ટકા ઘટ્યા હતા.

આ અઠવાડિયાના મુખ્ય ટ્રિગર્સમાં ફેડરલ રિઝર્વના નીતિ નિર્ણય, ચોથા ક્વાર્ટકની કોર્પોરેટ કમાણી અને ભૂ-રાજકીય તણાવનો સમાવેશ થાય છે. બજારો અસ્થિર રહેવાની ધારણા છે. રૂપિયામાં સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો નોંધાયો છે, જ્યારે કોર્પોરેટ હલચલમાં ખાસ કરીને વેદાંત અને હિન્દુસ્તાન ઝિંક પર ધ્યાન કેન્દ્રિત રહેશે.

આ સપ્તાહમાં અમેરિકન ફેડરલ રિઝર્વનો દર નિર્ણય અને તેની સાથેની ટિપ્પણી મુખ્ય ઉત્પ્રેરક હશે, કારણ કે ફેડરલનું હોકીસ વલણ મજબૂત ડોલર અને એકધારા એફઆઇઆઇ આઉટફ્લો દ્વારા ઉભરતા બજારો પર દબાણને લંબાવી શકે છે. આ ઉપરાંત બેન્ક ઓફ જાપાનનો નીતિગત નિર્ણય વૈશ્વિક પ્રવાહિતા સંવેદનશીલતાનું વધારાનું સ્તરઉમેરી શકે છે. વૈશ્વિક ઇક્વિટી બજારો યુએસ ફેડરલ રિઝર્વની પોલિસી મીટિંગ પર નજર રાખશે, જે મંગળવાર, ૨૮ એપ્રિલથી શરૂ થશે. પરિણામ બુધવાર, ૨૯ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવશે, જેમાં સેન્ટ્રલ બેંક વ્યાજ દર ૩.૫૦-૩.૭૫ ટકા પર યથાવત રાખે એવી અપેક્ષા છે.

આ અઠવાડિયે બીએસઇ પર લિસ્ટેડ ૨૦૦થી વધુ કંપનીઓ નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કરવા માટે તૈયાર છે. ફોકસમાં રહેલા મુખ્ય નિફ્ટી ઘટકોમાં કોલ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઇટર્નલ, મારુતિ સુઝુકી ઇન્ડિયા, બજાજ ફાઇનાન્સ, અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન, બજાજ ફિનસર્વ, હિન્દુસ્તાન યુનિલિવર અને કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે. વ્યાપક રીતે ટ્રેક કરાયેલા નોન-નિફ્ટી કંપનીના નામોમાં, એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, બજાજ હાઉસિંગ ફાઇનાન્સ, બંધન બેંક, આરઇસી, જીઆરએસઇ, અદાણી પાવર, મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્શિયલ સર્વિસીસ, વેદાંત, વારી એનર્જી, એસીસી, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા અને એવન્યુ સુપરમાર્ટ્સ (ડીમાર્ટ)ના પરિણામો જાહેર થવાના છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સપ્તાાહ દરમિયાન ભારે વેચવાલ રહ્યા, પાછલા સપ્તાહે તેમણે ૧૭,૧૪૦ કરોડ રૂપિયાના સ્થાનિક ઇક્વિટી શેર વેચ્યા છે. એપ્રિલમાં કુલ આઉટફ્લો વધીને ૪૩,૯૬૭ કરોડ રૂપિયા થયો છે, જ્યારે ૨૦૨૬ માટે અત્યાર સુધીનો કુલ આઉટફ્લો ૧,૭૫,૦૮૯ કરોડ રૂપિયા થયો છે. શુક્રવારે, એફઆઇઆઇએ ૮,૮૨૭.૮૭ કરોડ રૂપિયાના શેર વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૪,૭૦૦.૭૧ કરોડ રૂપિયાના ચોખ્ખા ખરીદદાર રહ્યા હતા.

કોર્પોરેટ હલચલમાં ઇન્ફોસિસનું ગાઇડન્સ બજારની અપેક્ષા કરતાં નબળું રહ્યું હોવાથી તેના શેરમાં શુક્રવારે ૭.૦૯ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. ઇન્ફોસિસે ચોથા ત્રિમાસિક પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૧ ટકાના વધારા સાથે જે ૮,૫૦૧ કરોડ રૂપિયાનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં રૂ. ૭,૦૩૩ કરોડ હતો. જ્યારે રેવેન્યૂ ૧૩.૪૦ ટકા વધીને રૂ. ૪૬,૪૦૨ કરોડ રહી હતી, જે પાછલા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૪૦,૯૨૫ કરોડ હતી.

તન-મન-ધનથી રહો તરોતાજા

# શું આપણે બધાને પૈસાની ફૂટપટ્ટીથી માપીએ છીએ?




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'શાદી તો બરાબરવાલોં મેં હોની ચાહિએ' એ વાક્યનો ગર્ભિત અર્થ શું છે ?

શું આપણે પરિવારના સભ્યોની સંખ્યા વિશે વાત કરી રહ્યાં છીએ? કે પછી ઉંમરની? ઘીના દીવા જેવું સ્પષ્ટ છે કે વર અને કન્યા બન્નેના પરિવારોનું આર્થિક બેકગ્રાઉન્ડ એકબીજાને મળતું હોવું જોઇએ એવો આ વાક્યનો મતલબ છે. કોઇ પરિવાર પાસે કેટલી સંપત્તિ છે તે કેવી રીતે માપી શકાય એ તો હું જાણતો નથી. કાને પડેલી વાતો પર ભરોસો કરીને અને કુટુંબની જીવનશૈલીનું નિરીક્ષણ કરીને થોડોઘણો અંદાજ મેળવી શકાય એટલું જ. લગ્નજીવન સુખી રહે તે માટે વર અને કન્યા એકબીજા સાથે કમ્પેટીબલ (અનુકૂળ, સુસંગત) હોય તે જરૂરી છે પણ શું પૈસો કમ્પેટિબિલિટીનો ક્યાસ કાઢવા માટેનો ખરો માપદંડ હોઇ શકે?

'ફલાણો તો બિગ શોટ છે' એવું કોઇના માટે કહીએ ત્યારે આપણે ખરેખર શું કહેવા માગતા હોઇએ છીએ? 'બિગ' શબ્દ અહીં કયા અર્થમાં વપરાય છે- ઊંચાઇના કે પહોળાઇના? કે પછી લાયકાતના અર્થમાં? યા તો આપણે શું એમ કહેવા માગીએ છીએ કે ફલાણી વ્યક્તિ બહુ બુદ્ધિશાળી છે અથવા એનું દિલ બહુ મોટું છે? મોટા ભાગે તો આનો એક જ અર્થ નીકળતો હોય છે અને તે એ કે ફલાણી વ્યક્તિ બહુ માલદાર છે. એની જે પ્રકારની લાઇફસ્ટાઇલ નજરે ચડે છે તેના આધારે પણ આ પ્રકારનું તારણ નીકળતું હોય છે.

શું કોઇ પણ માણસનું સ્તર કે કદ માપવા માટે એની ધનસંપત્તિ માપદંડ બની શકે? અથવા બનવી જોઇએ? આ સવાલ માટે આપણા સૌનો પ્રતિભાવ અલગ અલગ હશે. આ પ્રશ્નોના ઉત્તર આપણાં જાગૃત કે અર્ધજાગૃત મનમાંથી ઉદ્ભવશે. મોટા ભાગે જાગૃત મન એ વાત સાથે સહમત નહીં થાય કે ધનસંપત્તિના આધારે માણસનું મૂલ્યાંકન થઇ શકે છે. જોકે અર્ધજાગૃત મન કદાચ આ વાત સાથે સહમત થાય પણ ખરું. આપણે સૌએ સાક્ષી બનીને આપણું દિમાગ કેવી પ્રતિક્રિયા આપે છે તે જોવું જોઇએ.

માની લઇએ કે આપણું જાગૃત મન માને છે કે માણસનું મૂલ્યાંકન એની દશ્યમાન ધનસંપત્તિના આધારે ન થવું જોઇએ. આમ છતાંય આપણું અર્ધજાગૃત મન માણસને પૈસાથી તોળવાની ચેષ્ટાને વાજબી ઠેરવશે. આ આપણી વિચારપ્રક્રિયા દર્શાવે છે. આપણને લાગે છે કે પૈસો માપદંડ ન હોવો જોઇએ. પણ અર્ધજાગૃત મન વિચારે છે કે જો વર કન્યા એકસરખું બેકગ્રાઉન્ડ નહીં ધરાવતાં હોય તો આર્થિક રીતે ઊતરતું પાત્ર કદાચ અસલામતી, લાલચ, વગેરેનો શિકાર બની શકે. ઓછી સંપત્તિવાળા બેકગ્રાઉન્ડમાંથી આવતી વ્યક્તિ સામેના પાત્રની વધારે સંપત્તિવાળા માહોલમાં કદાચ સારી રીતે ભળી નહીં શકે.

આવી ઘણી દલીલો થઇ શકે છે. આડકતરી રીતે મન કહે છે કે માણસનું મૂલ્યાંકન પૈસા વડે કરવું યોગ્ય છે. માણસોને પૈસા વડે માપતું મન લઘુતાગ્રંથિ, તૂટેલા આત્મસન્માન અને કેટલાય કિસ્સાઓમાં સ્વજનોના પ્રેમનાં અભાવથી પીડાતું હોય છે.

જો વર અને કન્યા એકમેકને પ્રેમ કરતાં હશે તો પૈસાની માપપટ્ટી તેમની કમ્પેટિબિલિટી માપી શકતી નથી. કેવળ માલદાર અને કહેવાતા 'બિગ શોટ' કરતા સંવેદનશીલ, હૂંફ આપનારો અને બુદ્ધિશાળી માણસ એક દોસ્ત તરીકે કે પરિચિત તરીકે ક્યાંય બહેતર પુરવાર થાય છે. આનો મતલબ એવો બિલકુલ નથી કે સંપત્તિવાન લોકો પ્રેમાળ અને કાળજી લેનારા હોતા નથી.

કોઇને એની આર્થિક પરિસ્થિતિને આધારે પારખવાની વૃત્તિ આપણા ખુદના અસંતોષ અને અસલામતીનું પ્રતિબિંબ પાડે છે. બેન્જામિન ફ્રેન્કલિને કહ્યું છે કે, 'પૈસાથી તમામ કામ થઇ જશે એવું માનવાવાળા માણસ માટે એ બધું જ પૈસા ખાતર કરે છે એવી શંકા હંમેશાં રહેવાની.'

**યૌગિક વેલ્થ**

***જો તમારા મનની લગામ પૈસાના હાથમાં હશે તો તમે પૈસાના ગુલામ છો. જો પૈસાની લગામ તમારા હાથમાં હશે તો પૈસો તમારો ગુલામ છે. પસંદગી તમારે કરવાની છે.***

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા


# શું છે ૧૦-૧૦-૧૦ રૂલ...?

## આવેગ પર અંકુશ અને સમજદારીપૂર્ણ નાણાકીય નિર્ણયો માટેનું સરળ સચોટ માળખું એટલે આ રૂલ

**વ્યક્તિગત** નાણાકીય આયોજનમાં દરેક નિર્ણય માત્ર ગણિત કે આંકડાઓ પર આધારિત નથી હોતો. હકીકતમાં એ ખર્ચ, રોકાણ કે લોન લેવા જેવા ઘણા મહત્ત્વના નિર્ણયો પાછળ આપણી ભાવનાઓ, ઉતાવળ અને ક્ષણિક આવેગ જવાબદાર હોય છે.

અચાનક કરેલો બિનજરૂરી ખર્ચ કે જોખમી રોકાણ આ બધું તાત્કાલિક ક્ષણ પૂરતું ભલે સારું લાગે, પણ તેની અસર વર્ષો સુધી રહી શકે છે. આથી એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થાય છે: ઉતાવળની ક્ષણોમાં આપણે સચોટ નિર્ણય કેવી રીતે લઈ શકીએ?

આનો સૌથી સરળ ઉકેલ છે ૧૦-૧૦-૧૦ રૂલ.




**શું છે ૧૦-૧૦-૧૦ રૂલ?**

આ એક એવું માનસિક માળખું છે, જે તમને કોઈપણ નાણાકીય નિર્ણય લેતા પહેલાં તેના પ્રભાવને ત્રણ સમયગાળા-તબક્કામાં વિચારવાની પ્રેરણા આપે છે:

* ૧૦ મિનિટ પછીઃ આ નિર્ણય વિશે હું શું અનુભવીશ?

* ૧૦ મહિના પછીઃ આ નિર્ણયની મારા જીવન/બજેટ પર શું અસર હશે?

* ૧૦ વર્ષ પછીઃ આ નિર્ણયનું લાંબા ગાળે શું મહત્વ કે મૂલ્ય હશે?

આ રીતે વિચારવાથી, તમે ક્ષણિક આવેગથી થોડું દૂર હટીને વધુ સ્પષ્ટતા અને યોગ્ય દૃષ્ટિકોણ સાથે નિર્ણય લઈ શકો છો.

**એક વ્યવહારુ ઉદાહરણઃ**

અ-નિયોજિત ખરીદી... ધારો કે તમે કોઈ મોંઘું ગેજેટ કે વસ્તુ ખરીદવા જઈ રહ્યા છો, જે તમારા બજેટમાં નહોતીઃ

* ૧૦ મિનિટમાં : તમને ભારે ઉત્સાહ અને તાત્કાલિક સંતોષ અનુભવાશે.

* ૧૦ મહિનામાં : તે વસ્તુ કદાચ કબાટમાં પડી હશે અથવા તેનું આકર્ષણ પૂરું થઈ ગયું હશે. ત્યારે તમને પસ્તાવો થઈ શકે કે આ ખર્ચ બિનજરૂરી હતો.

* ૧૦ વર્ષમાં : તે વસ્તુનું મૂલ્ય શૂન્ય હશે.

ગણિતની રીતે વિચારીએ તો જો એ જ ₹૧૦,૦૦૦ તમે ખર્ચવાને બદલે ૧૦% ના વળતર પર રોક્યા હોત, તો ૧૦ વર્ષ પછી તે અંદાજે ₹૨૬,૦૦૦ થઈ શક્યા હોત. આ તફાવત બતાવે છે કે આજની એક ક્ષણિક લાલચ ભવિષ્યની મોટી સંપત્તિને કેવી રીતે રોકે છે.

**આ નિયમ કેમ મહત્ત્વનો છે?**

ઘણી નાણાકીય ભૂલો જ્ઞાનના અભાવે નહીં, પણ દૃષ્ટિકોણના અભાવે થાય છે. ૧૦-૧૦-૧૦ રૂલ એક 'વિચારવિરામ' તરીકે કામ કરે છે. તે તમને તાત્કાલિક ભાવનાઓના પ્રભાવમાંથી બહાર લાવીને તમારા નિર્ણયોના વ્યાપક પરિણામો વિશે વિચારવામાં મદદ કરે છે અને ભવિષ્યમાં પસ્તાવાની શક્યતા ઘટાડે છે.

**ક્યાં લાગુ કરી શકાય?**

આ માળખું લગભગ દરેક નાણાકીય સ્થિતિમાં ઉપયોગી છેઃ

* ખર્ચઃ મોજશોખ કે લક્ઝરી પાછળ ખર્ચ કરતી વખતે.

* રોકાણઃ બજારના ઉતાર-ચઢાવમાં ગભરાઈને વેચાણ કરતા પહેલાં.

* દેવુંઃ નવી લોન કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતી વખતે.

આ એક માર્ગદર્શિકા છે... મર્યાદા નહીં.

આ નિયમનો અર્થ એ નથી કે તમારે જીવનના દરેક આનંદનો ત્યાગ કરવો. યાદગાર અનુભવો અને ઉજવણીઓ પર ખર્ચ કરવો પણ જીવનનો ભાગ છે. આ નિયમ માત્ર એટલું સુનિશ્ચિત કરે છે કે તમારા નિર્ણયો માત્ર 'આવેગ' પર નહીં, પણ 'સમજદારી અને સંતુલન' પર આધારિત હોય.

**ટૂંકમાં....**

૧૦-૧૦-૧૦ રૂલ એ કોઈ પ્રતિબંધ નથી તે એક જાગૃતિ છે. આજના 'ઇન્સ્ટન્ટ સેટિસ્ફેક્શન'ના યુગમાં, ક્ષણની બહાર વિચારવાની ક્ષમતા જ તમને આર્થિક રીતે મજબૂત બનાવી શકે છે.

**યાદ રાખોઃ**

નાણાકીય સુખાકારી માત્ર તમે કેટલું કમાશો તેના પર નહીં, પણ તમે કેટલા સમજદારીપૂર્ણ નિર્ણયો લેશો તેના પર આધારિત છે. ■

feedback@bombaysamachar.com
ફોકસ
નિધી ભટ્ટ

# શું વધુ પડતું વિચારવાથી બ્લડ પ્રેશર વધે છે?




આજના સમયમાં, વધુ પડતું વિચારવાની આદત સામાન્ય બની ગઈ છે. આ ફક્ત માનસિક સ્વાસ્થ્ય પર જ નહીં, પણ શારીરિક સ્વાસ્થ્ય પર પણ અસર કરી શકે છે. આ જોતાં, એ સમજવું મહત્ત્વપૂર્ણ છે કે શું વધુ પડતું વિચારવાથી બ્લડ પ્રેશર વધી શકે છે. ચાલો જાણીએ.

આજના ઝડપી ગતિશીલ જીવનમાં તણાવ અને વધુ પડતું વિચારવાની આદત વધુને વધુ સામાન્ય બની રહી છે. ઘણા લોકો સતત નાની નાની બાબતો પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે, જેના કારણે મન પર નોંધપાત્ર દબાણ આવે છે. વધુ પડતું વિચારવાથી માનસિક થાક, ચિંતા, ઊંઘનો અભાવ અને ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી જેવી સમસ્યાઓ થઈ શકે છે. ધીમે ધીમે આ શરીર પર પણ અસર કરવાનું શરૂ કરે છે. સતત તણાવમાં રહેવાથી હોર્મોનલ ફેરફારો થઈ શકે છે અને વ્યક્તિના હૃદયના ધબકારા પર પણ અસર થઈ શકે છે.

ઘણીવાર વ્યક્તિ ચીડિયાપણું અનુભવે છે અને તેમની દૈનિક પ્રવૃત્તિઓ ખોરવાઈ જાય છે. જો વધુ પડતું વિચારવાની આદત લાંબા સમય સુધી ચાલુ રહે, તો વ્યક્તિનું માનસિક સંતુલન પણ બગડી શકે છે. આ આદત માત્ર માનસિક સ્વાસ્થ્ય જ નહીં પરંતુ શારીરિક સ્વાસ્થ્ય પર પણ અસર કરે છે. પરિણામે પ્રશ્ન ઊભો થાય છે કે શું વધુ પડતું વિચારવાથી હાઈ બ્લડ પ્રેશર થઈ શકે છે? ચાલો આ વિશે વિગતવાર જાણીએ.

વધુ પડતું વિચારવાથી બ્લડ પ્રેશર વધી શકે છે, શરીરની અંદર ચોક્કસ હોર્મોન્સ સક્રિય થાય છે; આ હોર્મોન્સ હૃદયના ધબકારા અને રક્ત પરિભ્રમણને પ્રભાવિત કરી શકે છે. પરિણામે બ્લડ પ્રેશર પર અસર થવાનું જોખમ રહેલું છે.

જ્યારે આ અસર દરેક વ્યક્તિમાં એકસરખી રીતે પ્રગટ ન થઈ શકે, પરંતુ જો લાંબા સમય સુધી લાંબા સમય સુધી તણાવ અને વધુ પડતું વિચારવાની આદતો ચાલુ રહે તો આ સમસ્યા વધવાનું જોખમ નોંધપાત્ર રીતે વધી જાય છે. તેથી સમયસર માનસિક તણાવનું સંચાલન કરવું અને તમારા શરીર દ્વારા મોકલવામાં આવતા સંકેતોને અવગણવાનું ટાળવું મહત્ત્વપૂર્ણ છે.

**તેને કેવી રીતે નિયંત્રિત કરી શકાય?**

વધુ પડતું વિચારવાને નિયંત્રણમાં લાવવા માટે તમારી દિનચર્યા થોડો ફેરફાર કરવો જરૂરી છે. ધ્યાન, યોગ અથવા શારીરિક કસરત માટે દરરોજ થોડો સમય ફાળવો, કારણ કે આ પ્રવૃત્તિઓ મનને શાંત કરવામાં મદદ કરે છે.

તમારી જાતને વ્યસ્ત રાખો અને નકારાત્મક વિચારોથી દૂર રહેવા માટે સભાન પ્રયાસ કરો. પૂરતી ઊંઘ સુનિશ્ચિત કરવી પણ મહત્વપૂર્ણ છે, કારણ કે તે મગજને આરામ અને સ્વસ્થ થવા દે છે. જો જરૂરી હોય તો, કોઈ વ્યાવસાયિક અથવા નિષ્ણાતની સલાહ લેવી પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. માનસિક સ્વાસ્થ્યની કાળજી લેવી જરૂરી છે.

તમારા માનસિક સ્વાસ્થ્યની કાળજી લેવી એ તમારા શારીરિક સ્વાસ્થ્યની સંભાળ રાખવા જેટલું જ મહત્ત્વપૂર્ણ છે. વધુ પડતું વિચારવાથી મન પર તાણ આવે છે, જે ધીમે ધીમે શરીર પર પણ અસર કરી શકે છે. તેથી તમારી જાતને હળવા રાખવાનો પ્રયાસ કરો અને તમારી લાગણીઓને દબાવવાને બદલે, તેમને સમજવાનો પ્રયાસ કરો. સકારાત્મક માનસિકતા અપનાવીને અને સંતુલિત જીવનશૈલી જાળવીને, માનસિક અને શારીરિક બંને રીતે સ્વસ્થ રહેવું શક્ય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# તમને ફટીગ-થાકનો અનુભવ થાય છે?

## બની શકે એ કદાચ માત્ર ચીલાચાલુ થાક ન પણ હોય...

**ઘણીવાર** આપણે ઘરમાં બેસતાંવેંત હા...શ કહીને થાક ઉતારીએ છીએ. થાક લાગવો આમ તો આપણને કોઈ વિશેષ ચિંતાનું કારણ ન લાગે. ઉનાળાની ઋતુમાં ગરમીને કારણે થાક લાગતો હશે તેવું માનીએ, ક્યારેક વધારે કામ કર્યું હોવાથી થાક લાગ્યો હોવાનું લાગે.

અંગ્રેજીમાં જેને આપણે ફટીગ (fatigue) કહીએ છીએ તેની વ્યાખ્યા અતિશય થાક છે. અનેક લોકોને સવારના ઊઠે ત્યારે પણ તીવ્ર થાક વર્તાય છે અને ઊઠીને દિવસ પસાર કરવો મુશ્કેલ લાગે છે. શા માટે થાય છે આવું?

ફટીગનાં કારણોમાં ઘણી પરિસ્થિતિઓ અને જીવનશૈલી જવાબદાર હોઈ શકે છે. તમે તમારી આદતો બદલીને તેને દૂર કરી શકો છો.

જો કોઈ અન્ય આરોગ્યનાં કારણોને લીધે આ સ્થિતિ હોય તો તબીબ તેનું નિરાકરણ લાવવામાં મદદ કરી શકે છે.

દરેક વ્યક્તિને ક્યારેકને ક્યારેક થાક લાગે છે, પરંતુ ફટીગ એટલે અતિશય થાક લાગવો. અતિશય થાકને કારણે સવારે ઊઠવું, કામ પર જવું, તમારી સામાન્ય પ્રવૃત્તિઓ કરવી અને દિવસ પસાર કરવો મુશ્કેલ બને છે. થાક એવો લાગે છે કે તમને ઊંઘવાની અતિશય ઇચ્છા હોય છે, પરંતુ આરામ કર્યા પછી કે ઊંઘ લીધા પછી પણ તમને તાજગી ન લાગે.

ફટીગની સાથે ઘણીવાર અન્ય લક્ષણો પણ જોવા મળે છે, જેમ કેઃ ડિપ્રેશન અને તમને જે પ્રવૃત્તિઓનો આનંદ માણતા હતા તે કરવાની ઇચ્છાનો અભાવ, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી, ખૂબ ઓછી ઊર્જા અને ઉત્સાહનો અભાવ, નર્વસનેસ, ચિંતા અને ચીડિયાપણું, સ્નાયુમાં દુખાવો અને નબળાઈ, વગેરે. તે ઉપરાંત, થાકેલી આંખો કે પગ, ખભા જકડાઈ જવા, અસ્વસ્થતા,



કંટાળો અને અધીરાઈ જેવી લાગણી પણ જોવા મળે છે.

ઘણી પરિસ્થિતિ, વિકાર, દવાઓ અને જીવનશૈલીનાં પરિબળો ફટીગનું કારણ બની શકે છે. ફટીગ કામચલાઉ હોઈ શકે છે,અથવા તે ક્રોનિક સ્થિતિ (છ મહિના કે તેથી વધુ સમય સુધી ચાલે) હોઈ શકે છે. મહત્ત્વનું છે તેનાં કારણો જાણવાનું. કેમ કે તેના વિના તેનો ઈલાજ કેવી રીતે થાય?

**જીવનશૈલી**

ખરાબ આહાર, વધુ પડતું મદ્યપાન, ગેરકાયદેસર ડ્રગનો ઉપયોગ, તણાવ, બર્નઆઉટ, નિષ્ક્રિય (બેઠાડુ)જીવનશૈલી અને જેટ લેગ જેવી જીવનશૈલીને લગતાં કારણોથી ફટીગ થઇ શકે છે.

**ઊંઘની વિકૃતિઓ**

અનિદ્રા, સ્લીપ એપનિયા, નાર્કોલેપ્સી, શિફ્ટ વર્ક સ્લીપ ડિસઓર્ડર જેવી ઊંઘને લગતી સમસ્યાઓને કારણે પણ ફટીગનો અનુભવ થાય છે.

તબીબો દ્વારા કોઈ અન્ય આરોગ્યને લગતી સમસ્યા માટે જે દવાઓ લેવાની સલાહ અપાઈ હોય તેમાંથી કેટલીક દવાને કારણે પણ ફટીગ થાય છે. શરીરના વિવિધ ભાગોને અસર કરતા વિવિધ રોગ, વિકારો અને ખામીઓની આડઅસર રૂપે પણ ફટીગ જોવા મળે છે. જેમકે ...

એચ.આઈ.વી., કોવિડ-૧૯, ઈન્ફલ્યુએન્ઝા, ન્યુમોનિયા, લાઇમ રોગ અને હૃદય અને ફેફસાંની કેટલીક સમસ્યાઓ ફટીગનું કારણ બની શકે છે. ડિપ્રેશન અને એન્ક્ઝાઈટી જેવી માનસિક સ્થિતિ પણ ફટીગ તરફ દોરી જાય છે.

આના પરથી તમને અંદાજ આવી ગયો હશે કે જીવનની નાની-મોટી ઘણી બાબત એવી છે, જેને કારણે અતિશય થાક અનુભવાય છે, અને આ લિસ્ટ તો હજી ઘણું લાંબું છે ...ઉમેરવાની જરૂર ખરી કે, એનિમિયા અને અન્ય વિટામિનની ઊણપ (જેમ કે વિટામિન ડી અથવા વિટામિન બી૧૨) ઘણીવાર થાક માટે જવાબદાર હોય છે?

ફટીગ માટે તબીબ પાસે હંમેશાં જવું જ પડે તેવું જરૂરી નથી. ઘરગથ્થુ રીતે કેવી રીતે રાહત મેળવી શકાય તે આપણે જાણીએ. હા, પણ જો સતત અને લાંબો સમય સુધી સમસ્યા રહે તો તબીબને ચોક્કસ બતાવવું જોઈએ.

સૌથી પહેલા, દરરોજ રાત્રે સાતથી નવ કલાકની ઊંઘ લેવાનું લક્ષ્ય રાખો. સૂતા પહેલા કેફીનનું સેવન ટાળો, ઇલેક્ટ્રોનિક્સનો ઉપયોગ ન કરો અથવા કસરત પણ ન કરો. દરરોજ એક જ સમયે સૂવાનો અને ઊઠવાનો પ્રયાસ કરો.

ડ્રગ અને દારૂનું સેવન આરોગ્ય માટે હાનિકારક છે, તેનું સેવન બંધ કરવું જ જોઈએ.

સંતુલિત આહાર અને પુષ્કળ પાણી તમારા શરીરને પોષણ આપશે અને હાઇડ્રેટેડ રાખશે.

યોગ, ધ્યાન અને યોગ્ય સમયે નિયમિત કસરત તમને તણાવ દૂર કરવામાં અને વધુ ઊર્જા મેળવવામાં મદદ કરી શકે છે.

તમારું વજન વધારે પડતું હોય કે વધારે ઓછું હોય તો તબીબની સલાહ, યોગ્ય આહાર સાથે યોગ્ય વજન પર પહોંચવું પણ એટલું જ જરૂરી છે.

જો તમને થાક સાથે અન્ય લક્ષણો પણ જોવા મળે તો તબીબ પાસે તરત જવું જોઈએ. જેમકે, શ્વાસ લેવામાં તકલીફ અથવા છાતી, હાથ અથવા પીઠના ઉપરના ભાગમાં દુખાવો થાય, અસામાન્ય રીતે ઝડપી (ટાકીકાર્ડિયા) અથવા ધીમા હૃદયના ધબકારા (બ્રેડીકાર્ડિયા), માથાનો દુખાવો અથવા દ્રષ્ટિની સમસ્યાઓ (ખાસ કરીને જો તમને તાજેતરમાં માથામાં વાગ્યું હોય), વગેરે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# ઉતાવળે આંબા ન પાકે પણ તમે પાકી જાવ એનું શું?

‘હે મારી ચંપાકલી, તારો ચહેરો ખાંડ વગરની ચાસણી જેવો કેમ થઇ ગયો છે?’

‘સુભુ, મને એક ખતરનાક વિચાર આવે છે કે આ લીમડાની લીંબોડી કાચી હોય ત્યારે કડવી ને પાકે એટલે મીઠી. આ કાતરા શરૂમાં ખાટા પણ આંબલી બને ત્યારે કેવા મધુરા. આ કેરી, કાચી હોય ત્યારે ખાટી જેમ જેમ પાકે એમ એમ મીઠી... બરાબર? તો પછી માણસમાં ઊલટું કેમ? શરૂઆતમાં મીઠો મધુરો પછી જેમ જેમ પાકતો જાય એમ ખટાશ પકડતો જાય. ઈશ્ર્વરનો આ હળહળતો અન્યાય નથી? બાકી આપણે પણ એની જ બનાવટ છીએ ને આપણી સાથે જ બનાવટ?’

‘અરે પગલી, આપણે ખુદ ઈશ્ર્વરને મંદિરમાં બેસાડી બનાવટ કરીએ છીએ.’

‘અચ્છા... ફળોનો રાજા કોણ?’ ચંપાએ પૂછ્યું.

‘કેરી’

‘બરાબર. ફળોનો રાજા કેરી હોય તો કેરી ‘કેવો’ ને બદલે કેરી ‘કેવી’ કેમ કહેવાય છે?’

‘રિયલી... અમારી ૧૭૦૦ પેઢીમાં કોઈને આવો ખતરનાક વિચાર નથી આવ્યો. તને...’

‘પાછું એ જ કેરીમાંનો ગોટલો ‘કેવો’. કેરી કેવી ને ગોટલો કેવો? આવું કેમ?’

‘અરે ચંપુ, તને આવું સૂઝે છે કઈ રીતે?’

‘સૂઝે છે ની ક્યાં માંડે છે આટલું વિચારતા હું આખી સૂઝી ગઈ છું.’

‘જો ચંપા, સમજાવું મારી માતાને બધા કેવી કહે છે ને? પણ હું જેવો ગર્ભમાંથી બહાર આવ્યો તો કેવો થઈ ગયો કે નઈ એવું જ ગોટલાનું. સમજી?’




‘અરે વાહ મેરે સુભુ, ક્યા ખોપરી પાઈ હૈ. મને એ કહે કે તને મોદી આવશે કે નઈ એની ફિકર છે પણ આપણા ત્રણ ટાબરિયા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ માટે કેરી ક્યારે આવશે? ગયા વર્ષે કેરીનો રસ છે બોલી ત્રણ વાટકા ચીકુનો રસ પીવરાવી દીધેલો. એ બિચારાએ કેરી જોઈ નથી એટલે ચીકુને જ કેરી સમજેલા... હવે બોલો, સાચી કેરી ખરીદવા ક્યારે જઈશું?’

‘એમ ઉતાવળ ન કર માય સ્વીટુ, બસ, એકવાર આ બકરીબજાર બની ગયેલું શેરબજાર ઉપર આવશે તો આપણે પણ ઉપર આવશું ને ત્યારે..’

‘તંબુરો ઉપર આવશું? એ પહેલાં તો આપણે ઉપર પહોંચી જશું.’

‘અરે મેરી દુલારી, આવા અજ્ઞાની, અશુભ, અનિષ્ઠ વિચાર તારી વાણીમાં જન્મ શું કામ લેતા હશે?’ તને ભગવાન પર ભરોસો નથી?’ મેં પૂછ્યું.

‘અરે મેરે લાલકે એક્કે... મને ઈશ્ર્વર કરતાં તારા પર ભરોસો કે આ સિઝનમાં તો તું અમને કેરી ખવડાવીશ.’

‘તો મારે તારો ભરોસો તોડવો પણ નથી, ચાલ છોકરાઓને કર તૈયાર ને હંમણા જ નીકળીએ’ ને અમારી કેરી ખરીદ સવારી પહોંચી બજારમાં...

‘અરે ભૈયાજી યે કોનસા હૈ?’ ચંપાએ પૂછ્યું.

‘બહેનજી યે વલસાડ હૈ.’

‘વલસાડ? અરે યે કાંદિવલી હૈ. વલસાડ ઇધર કીધરસે આયા.’

‘અરે, યે આમકા નામ હૈ’

‘ઓકે. ઓર યે...’

‘યે લંગડા હૈ બહેનજી, બજારમેં બહોત ચલતા હૈ.’

‘કમાલ હૈ લંગડા હૈ ફિર ભી ચલતા હૈ!’

‘બહેનજી, યે બડા રાજાપુરી બહોત મીઠા ૧૫૦૦ રૂપિયે ડઝન.’

‘દેખો ભૈયા, તુમકો તો માલૂમ હૈ કી યે સિઝનમેં પરીવારસે જ્યાદા મૈં તુમકો ચાહતી હું, ઓર તુમકો હી ખટાતી હું. ચલ ૧૦૦૦ રૂપિયા દેતી હુ પેક કર દે.’

‘અરે ૧૧૦૦ રૂપિયેમે તો હમકો ઘરમે ગિરતા હૈ.’

‘ઠીક હૈ ઘરકા સરનામા દે. હમ ઘરપે આકે લે જાયેંગે, અભી સબ કેરીકા એક એક ચીરી હમ સબકો ચખાડકે એક ટોપલા પેક કર દો’ ને અમેં ઘરે પહોંચ્યા.

ઘરે આવી ત્રણે ટાબરિયાઓને કીધું ‘જુઓ, છોકરાઓ, આજે રસ-રોટલીનો પ્લાન હતો પણ તમે બજારમાં કેરી ચાખી ચાખીને પેટ ભર્યું છે એટલે ઘરે માત્ર રોટલી જ મળશે. તમારા માટે રસ રોટલીનું જમણ પૂરું. હું ને મમ્મી હમણાં આવીએ.’

એટલું બોલી અમે બગીચામાં આંબાના વૃક્ષ નીચે બેઠા ને ચંપાએ વાત ઉપાડી ‘સુભુ, મેં આપણી વીસ હજારની એફડી રીન્યુ કરાવી અને એના બે વર્ષે ત્રીસ હજાર પાકશે પછી એ મ્યુચ્યુઅલ ફંડમાં મૂકીશું તો પાંચ વર્ષમાં પચાસ હજાર પાકશે. પછી વિકાસપત્ર લઈશું તો પંચોતેર હજાર પાકશે પછી..’

એટલામાં આંબા ઉપરથી ઢબૂક કરતી પાકેલી કેરી મારા માથા પર પડી. મેં પ્રશ્નાર્થભાવથી પૂછ્યું ‘અલી વાઈફ, આ ઝાડ પરથી ડાયરેક્ટ કેરી પાકે કેવી રીતે?’

‘એ પકાઉ’ કેરી જ બોલી ‘હું ઉપરથી તમારી વાતો સાંભળી પાકી ગઈ. સાલુ આ રૂપિયા પાકશે, પેલા પાકશે, અરે અક્કલમઠ્ઠાઓ, રૂપિયા પકવતા પકવતા તમે પોતે પાકતા જાઓ છો એનું ભાન કે ધ્યાન છે? યાદ રાખો ઉતાવળે આંબા ન પાકે પણ તમે પાકો છો એનું શું? તમારું નિધન થાય ત્યાં સુધી ધન પાછળ જ ભટકશો. પણ બધુ એક દહાડો છીનવાઈ જશે. કોઈ નઈ છીનવે તો છેવટે મોત છીનવી લેશે. અમારી પાસેથી શીખો કે અમારા ગોટલા છોતરા નીકળી જાય ત્યાં સુધી અમે મીઠાશ આપવાનું છોડતા નથી, કારણકે અમને જ્ઞાન છે કે અમે મીઠો રસ નઈ આપીએ તો છેવટે બગડીને ભડદું થઇ જશું.’

સાલુ, આ કેરીએ તો ઘણું શીખવાડ્યું.

શું કહો છો?

feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# ત્વચાની સુંદરતા માટે ફાયદાકારક સેલિસિલિક એસિડ ને લેક્ટીક એસિડ...

સૌદર્ય સદૈવ આનંદ આપે છે. સુંદરતા એ બધા જ મનુષ્યોને આકર્ષિત કરવાની પ્રબળ શક્તિ હોય છે. શરીર આંતરિક રીતે શુદ્ધ કરો તો જ બાહ્ય સુંદરતા આકર્ષક હશે. ક્રીમ, લોશન કે કોઇ દવા સુંદરતા વધારતી નથી આની માટે યોગ્ય આહારની જરૂર હોય છે. ત્વચાને આકર્ષક બનાવવા માટે શરીરમાં આવશ્યક તત્ત્વો લેવા જરૂરી છે. કોઇ પણ ઊણપના લક્ષણ ત્વચા પર જલદી દેખાઇ આવે છે. બાહ્ય સૌદર્ય ખરાબ થવાનું કારણ આંતરિક અવયવોમાં અવ્યવસ્થા થવી તે છે.



આકર્ષક ત્વચા માટે સેલિસિલિક એસિડ અને લેક્ટીક એસિડની જરૂર પડે છે. ખીલ મસ્સા, સોરયાસિસ, દાગ, ધબ્બા, ફોડા વગેરેની સમસ્યા દૂર કરવા માટે યોગ્ય આહારની જરૂરિયાત પડે છે. બાહ્ય ઉપચાર પણ કુદરતી વસ્તુઓથી જ કરવા જોઇએ. સેલિસિલિક એસિડ એક બીટા-હાઇડ્રોક્સી છે જે ત્વચાના રોમછિદ્રોમાં ઊંડાણ સુધી જઇ મૃત કોશિકા અને અધિક તેલને દૂર કરે છે. તેમ જ ત્વચાની આસપાસના સોજા ને પણ હટાવે છે. સૂકકી ત્વચાને તેજવાન બનાવે છે. ખંજવાળની સમસ્યા પણ હટાવે છે. ઘણીય ખાદ્ય સામગ્રીમાં આ એસિડનો સ્રોત મળી રહે છે.



લેકટીક એસિડ આ એક કાર્બનિક અમ્લ છે જે શરીરમાં ઊર્જા આપવાનું કામ કરે છે. જે કાર્બોહાઇડ્રેડના પાચનથી બને છે. જયારે ઓકિસજન ઓછું ત્યારે તે વધારવાનું કામ કરે છે. આ માંસપેશી અને રક્ત કોશિકાઓમાં નિર્માણ પામે છે. વધુ ચાલવાની કે વધુ કામ વ્યક્તિ કરે ત્યારે ચયાપચન દરમ્યાન ઊર્જા આપવાની ભૂમિકા બજાવે છે. ત્વચાને ઊર્જા આપવાની ક્ષમતા ધરાવે છે. આ એસિડ અલ્ફા હાઇડ્રોકસી એસિડ છે જે ત્વચાને લચીલાપણું અને કોમળતા આપે છે. વધુ પડતું એસિડ જમા થઇ જતાં સમસ્યા થાય છે. તેથી આનું નિયત્રંણ હોવું જરૂરી છે. દૂધનું પાચન કરી તે દહીં બનાવે છે. મૃત કોશિકાને હટાવે છે અને ત્વચાની નમી બનાવી રાખે છે. તેમ જ ત્વચાને ચમકદાર બનાવે છે. ભોજનનું પોષણ મૂલ્ય વધારે છે. જેથી આંતરડામાં સંક્રમણ નિયંત્રિત થાય છે અને કોલેસ્ટ્રોલ સીરમનું સ્તર પણ નિયંત્રિત થાય છે. જયારે થાયમીન (વિટામિન બી-૧)ની ઓછપને કારણે લેકટીક એસિડ વધુ બને છે. આ એસિડનું નિયંત્રણ ન થાય તો કમજોરી થકાન, ઊર્જાની કમી, ભ્રમ ભટકાવ થાય છે અને ઓકિસજનની ઓછપ થાય છે. લેકટીક એસિડનું પાચન લીવર અને કીડની કરે છે આનો ઉપયોગ ગ્લુકોનિયોજેનેસિસમાં કરવામાં આવે છે. યોગ્ય પાચન થવું જરૂરી છે.

સેલિસેલિક એસિડ ઘણાંય ખાદ્ય પદાર્થમાં હાજર છે. એપ્રીકોટ (જરદાલુ) બ્લેકબેરી (શેતુર) બ્લુબેરી, બોયસેન બેરી, (બફેલા બેરી), કેન્ટાલૂપ ચેરી, કાળીદ્રાક્ષ, ખજૂર, ફેશદ્રાક્ષ, પેરૂ, લોંગન બેરી, (લાલ રંગની), ઓરેન્જ, પાઇનેપલ, રાસબેરી, લાલ મોટી દ્રાક્ષ, સ્ટ્રોબેરી, સુલતાના (મોટી કીસમીસ), યંગબેરી (કાળીબેરી)આ બધામાં લગભગ એક એમ. જી. જેટલું છે.

એપલ, એવાકાડો, અંજીર, ગ્રેપફ્રૂટ (પપનસ), મલબેરી, પીચ, લીચી, પ્લમ, કલિંગર, પેશનફ્રૂટ, મેંગો, દાડમ, મલબાર આમલી, પેર, બનાના, બાંબૂ, બૂસેલસ્પ્રાઉટ, સેલરી, લીકભાજી, ગાજર, બીટ, મશરૂમ, પમકીન, કોબી, લસણ, કાંદા, તાજુ માખણ, જીરું, આદું, ચક્રીફૂલ, મધ, હળદર, વરિયાળી જેવી ખાદ્ય વસ્તુઓમાં મળી રહે છે. લેકટીક એસિડ, દહીં, દૂધ, છાસ, પનીર, ચીઝ, ઇડલી, ઢોસા, હાંડવો, ઢોકળા, ઓર્ગેનિક અથાણા વગેરેમાં મળી રહે છે.

આ બધા ખાદ્ય-પદાર્થ ત્વચાને સ્વસ્થ બનાવે છે. આ પૌષ્ટિક આહાર, પ્રદૂષણ, કેમિકલ અને હાનિકારક બેકટેરિયાથી ત્વચાને બચાવે છે. ત્વચા પર ચકમા થવા, સોજા, ખંજવાળ અને ચામડીની બિમારીઓથી બચાવે છે. અંદરના અવયવોની એટલે કે આંતરિક ત્વચા પર થતા સંક્રમણ ગાંઠો, જખમ, સોજા, અલ્સર, લટકતી ત્વચાને માટે જરૂરી પોષણ આ ખાદ્ય પદાર્થથી મળી રહે છે. ઘણીવાર ત્વચા પરની સંવેદના એટલે કે ઠંડું ગરમ કે દુ:ખાવો જણાતો નથી, ત્વચા મૃત થઇ જાય છે. વિટામિનની કમીને કારણે આ પરિસ્થિતિમાં આંતરિક સંભાળ વધુ જરૂરી બની જાય છે. ત્વચા સુરક્ષિત રહે તો જ અંદરના અવયવો પણ સુરક્ષિત રહે છે.

ખરાબ ખાદ્ય-પદાર્થને કારણે ત્વચા સંક્રમણ થાય છે અને તે ધીરે ધીરે આંતરિક ત્વચા પર અને પછી અવયવોને નુકસાન થાય છે. ઘણીયવાર ત્વચા પરના વાળ ખરી જાય છે. જેથી સંક્રમણ થાય છે. ત્વચા લાલ અને નિસ્તેજ બની જાય છે. તેને એલોપેસિયા અરેટા કહેવાય છે. આ બીમારી વધુ પડતી એસિડિટીના કારણે થાય. થોડાક તડકામાં જતાં જ ત્વચામાં બળતરા થાય છે. ઘણીવાર રેસૈસિયા થાય છે. જેમાં ત્વચા લાલ જાડી થાય અને પછી પસવાળા દાણાઓ નીકળી આવે છે. જે શરીરને કદરૂપુ કરી નાખે છે. આ બધી વ્યાધિઓનું સ્વરૂપ મોટું થાય અને નાઇલાજ બીમારી થાય છે. તેથી પહેલા જ યોગ્ય આહાર વિહાર જરૂરી છે.

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગંઠોડો | MUSICIAN |
| ગંડેરી | SMELL |
| ગંધ | SUGARCANE PIECE |
| ગંધર્વ | SULPHUR |
| ગંધક | MEDICINE |

### માતૃભાષાની મહેક

જંગલ એટલે અરણ્ય, વન, રાન. જંગલ જવુંનો એક અર્થ ટટ્ટી જવું એવો પણ થાય છે. અગાઉના વખતમાં લોકો જાજરૂ જવાને ઝાડીમાં, જંગલમાં કે નદી તરફ જતા. એના પરથી નદીએ જવું અથવા જંગલ જવું એ શબ્દો વપરાતા. વખત જતાં જંગલો ઓછાં થયાં તેમ બહાર જવું. દિશાએ જવું ઇત્યાદિ શબ્દો વપરાવા લાગ્યા. હાલમાં તો એ શબ્દો માત્ર સૂચક જ છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ CASADAS-TRAPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આઈસક્રીમ  બ) કેસેટ  ક) આકાશ  ડ) ગરમી

### ઈર્શાદ

*એને કશું ન કહેશો ભલા, એનો વાંક ક્યાં? એ લોકોએ કદીય મહોબ્બત કરી નથી.*

--- હરીન્દ્ર દવે

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | |
| ૭ | | | | ૮ | ૯ | | ૧૦ | | ૧૧ |
| ૧૨ | | | ૧૩ | | | | | ૧૪ | |
| | | ૧૫ | | | | | ૧૬ | | |
| | ૧૭ | | ૧૮ | | | ૧૯ | | ૨૦ | |
| | ૨૧ | | | | ૨૨ | | | | |
| ૨૩ | | | | ૨૪ | | | | | ૨૫ |
| ૨૬ | ૨૭ | | ૨૮ | | ૨૯ | | | ૩૦ | |
| ૩૧ | | ૩૨ | | ૩૩ | | | ૩૪ | | |
| | ૩૫ | | | | ૩૬ | | | | |

### આડી ચાવી

૧. કોકિલ (૪)
૪. --- રાખવું= મુલતવી રાખવું (3)
૭. વાણીનો પ્રહાર (3)
૮. વીતી ગયેલું (૨)
૧૦. --- કરવું=પાછું આપવું (3)
૧૨. જંગલ (૨)
૧૩. સમુદ્રમાં રહેલો અગ્નિ (૪)
૧૪. પૈસો, નાણું (૨)
૧૭. બાજૂ, પક્ષ (૪)
૧૯. ચહેરો, મુખાકૃતિ (3)
૨૧. ભિખારી (3)
૨૨. દૂઝણી ગાયની --- ખમી લેવી (૨)
૨૮. અરવલ્લી ગિરિ-માળાનું એક શિખર (૪)
30. ક્ષણ (૨)
3૧. કાયા, દેહ (3)
33. બાણ (૨)
3૪. એક તંતુ વાદ્ય (3)
3૫. વિદ્વાન, પંડિત (3)
3૬. રૂબરૂ, સામસામે (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ૨ ક્ષા | પ | ૩ ક્ષી | | ૪ સ | ૫ મો | વ | ડિ | ૬ યો |
| ૭ ડ | ર | | રો | | ૮ ખા | ક | | | જ |
| પૂ | | ૯ હ | દ | ય | | ળા | | ૧૦ હી | ના |
| ૧૧ છ | ૧૨ જું | | ક | | ૧૩ રે | શ | ૧૪ મ | | |
| | ૧૫ ગા | ૧૬ મ | | | ડું | | ૧૭ હે | ૧૮ મં | ત |
| ૧૯ ર | ઈ | સ | | ૨૦ રા | | | ૨૧ શ | ગ | |
| | | ૨૨ કો | ૨૩ શિ | શ | | ૨૪ અ | | ૨૫ લ | ૨૬ ત |
| ૨૭ ય | જ્ઞ | | ર | | ૨૮ ગ | લી | ચ | | ર |
| મુ | | | ૨૯ મો | ૩૦ ર | | બા | | ૩૧ કા | બો |
| ૩૨ ના | મ | ક | ર | ણ | | ૩૩ બા | લ્ય | કા | ળ |

### ઊભી ચાવી

૧. ઉન્મત્ત, મદમાતું (3)
૨. ક્યારેક બળથી ન થાય તે ---થી થાય (૨)
3. પથ્થર (3)
૫. કૂવો (૨)
૬. કર્તવ્ય (3)
૭. પુંકેસર, ફૂલમાંની રજ (3)
૯. તાકીદ, ધમકી (3)
૧૧. તણખલું (3)
૧૫. --- થવું=કામ આવવું, સફળ થવું (૪)
૧૬. અભિલાષા, ઉમેદ (૪)
૧૭. પરવા, દરકાર (૨)
૧૮. સાપની ફણા (૨)
૧૯. સ્વર, અવાજ (૨)
૨૦. શરીર, કાયા (૨)
૨3. શોધ, તપાસ (3)
૨૪. નાઉમેદ (3)
૨૫. તીવ્ર, આકરું (3)
૨૭. રીત (3)
૨૯. આંખમાં આંજવાનો એક પદાર્થ, અંજન (3)
30. પ્રભાત, સવાર (3)
3૨. સૂર્ય (૨)
3૪. વખત (૨)

### ઓળખાણ પડી?

જુવાર, બાજરી, ઘઉં, ચોખા અને વિવિધ દાળથી તૈયાર કરવામાં આવતી ખૂબ જ સ્વાદિષ્ટ મહારાષ્ટ્રીયન વાનગીની ઓળખાણ પડી?



અ) ઉપમા  બ) મિસળ  ક) થાલીપીઠ  ડ) અળુ ભાખરી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘પીઠી ચોળ્યે વરણ ન પાલટે’ પંક્તિમાં પાલટે શબ્દનો અર્થ જણાવો.

અ) સમજાય  બ) બદલાય  ક) ગભરાય  ડ) પોરસાય

### માઈન્ડ ગેમ

છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા કબજે કરવામાં આવેલો પ્રથમ કિલ્લો ‘તોરણા ફોર્ટ’ મહારાષ્ટ્રના કયા જિલ્લામાં સ્થિત છે એ જણાવશો?

અ) પુણે  બ) નાગપુર  ક) અમરાવતી  ડ) સોલાપુર

### સુડોકુ-૯૨૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૮ | | ૪ | | | ૬ |
| | | ૭ | | | | ૫ | | |
| ૮ | | | ૩ | | ૭ | | | ૨ |
| ૩ | ૮ | ૬ | | | | ૨ | ૯ | ૭ |
| | | | | | | | | |
| ૫ | ૪ | ૨ | | | | ૮ | ૩ | ૧ |
| ૪ | | | ૭ | | ૩ | | | ૯ |
| | | ૯ | | | | ૪ | | |
| ૧ | | | ૯ | | ૬ | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-૯૨૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૮ | ૧ | ૨ | ૪ | ૯ | ૫ | ૩ |
| ૫ | ૧ | ૩ | ૮ | ૭ | ૯ | ૨ | ૬ | ૪ |
| ૯ | ૨ | ૪ | ૫ | ૬ | ૩ | ૮ | ૭ | ૧ |
| ૨ | ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૪ | ૩ | ૮ |
| ૧ | ૮ | ૯ | ૩ | ૪ | ૫ | ૭ | ૨ | ૬ |
| ૩ | ૪ | ૬ | ૨ | ૮ | ૭ | ૧ | ૯ | ૫ |
| ૬ | ૯ | ૨ | ૪ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ |
| ૪ | ૩ | ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ |
| ૮ | ૭ | ૧ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૯ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગંજ | HEAP |
| ગંજી | HAY - STACK |
| ગંજીફો | PLAYING CARDS |
| ગંઠો | NECKLACE |
| ગંદું | DIRTY |

**ગુજરાત મોરી મોરી રે:** તરવું

**ઓળખાણ પડી?** બિરંજ

**માઈન્ડ ગેમ :** ડાંગ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** સરસામાન સાથે નીકળી ગયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) ભાવના કર્વે (૧૫) કમલ માતલિયા (૧૬) ભરત કજરિયા (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) જ્યોત્સના ગાંધી (૨૪) રમેશભાઈ દલાલ (૨૫) હિનાબેન દલાલ (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) અંજુ ટોલિયા (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) પુષ્પા ખોના (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) મહેશ દોશી (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) પ્રતિમા પમાણી (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) મહેશ સંઘવી



# કોલરાબીમાં સમાયેલાં છે અગણિત સ્વાસ્થ્યવર્ધક ગુણો

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

'કોલરાબી' જેને 'જર્મન -શલજમ' તરીકે ભારતીયો આળખે છે. શલજમનો દેખાવ ઘણો જ આકર્ષક હોય છે. ભારતનાં અનેક રાજ્યોમાં તેને નોલખોલ કે નુલકોલ તરીકે ઓળખવામાં આવે છે. તેનો દેખાવ જોઈને આપણને એમ થાય કે નોલખોલ કે નુલકોલની ગણના કંદમૂળમાં થતી હશે. વાસ્તવમાં તે જંગલી કોબી (બ્રાસિકા આલેરસિયા) પરિવારનું લીલું શાક ગણાય છે. અનેક સ્વાસ્થ્યવર્ધક ગુણોને કારણે હાલમાં તેનો ઉપયોગ વધી ગયો છે. પત્તાકોબી, ફ્લવાર, બ્રોકોલી વગેરે જેવો દેખાવ ધરાવતું ગોળાકાર લાંબા પાનવાળું શાક ગણાય છે. સ્વાદમાં હળવી મીઠાશ ધરાવે છે. દુનિયામાં નોલખોલમાંથી બનતી વિવિધ સ્વાદિષ્ટ વાનગીને કારણે તે અનેક શાક પ્રેમીઓની પ્રથમ પસંદ બની ગયું છે. ઈતિહાસકારોના મત મુજબ નુલકોલની ઉત્પત્તિ ૧૫મી સદીમાં થઈ હતી. ઈટાલીના વનસ્પતિ વિજ્ઞાની મૈટિઓલીએ ૧૫૫૪માં તેની નોંધ લીધી હતી. તેમનું કહેવું હતું કે તાજેતરમાં ઈટાલિના માર્કેટમાં તે જોવા મળી હતી. ત્યારબાદ તેના સ્વાદને કારણે ધીમે ધીમે ઑસ્ટ્રિયા, જર્મની, ઈંગ્લેન્ડ, સ્પેન તથા પૂર્વી ભૂમધ્યસાગરીય ક્ષેત્રના કેટલાક ખાસ હિસ્સામાં તેની ખેતી મોટા પાયે થવા લાગી. જર્મન શલજમની ખેતી ઠંડીની મોસમમાં કરવામાં આવે છે. તેનો પાક તૈયાર થતાં લગભગ ૬૦ દિવસ લાગે છે. તે વિવિધ રંગમાં જોવા મળે છે. જેમ કે સફેદ, લીલી, જાંબુડી શલજમ ગણાવી શકાય. માટીની ઉપર ઊગે છે. વળી તેની પાન-ડાળી ૨-૩ ઈંચ જમીન ઉપર ફેલાય છે. તેને વારંવાર પાણી આપવું આવશ્યક છે. તેના પાન વારંવાર કાપી લેવામાં આવે છે. તેનો ઉપયોગ સલાડ તરીકે કરવામાં આવે છે. પાનની કુમાશ જળવાઈ રહે તે માટે તેની ડાળીને યોગ્ય માત્રામાં સતત પાણી મળી રહે તે આવશ્યક બની જાય છે.

ભારતમાં કોલરાબીનો ઉપયોગ લાંબા સમયથી થતો આવે છે. મુખ્ય ભોજનમાં તેનું સ્વાદિષ્ટ શાક કે કચુંબર ભારતીયો ઘણા શોખથી ખાતા હોય છે. ભારતીય વિવિધ ભાષામાં તેને અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે કાશ્મીરમાં મોંજ-હખ, કહેવામાં આવે છે. જેમાં મોંજ ગોળ ભાગને કહેવામાં આવે છે. જ્યારે હખ લાંબા પત્તેદાર ભાગને કહેવામાં આવે છે. હિન્દીમાં નોલ ખોલ કહેવાય છે. મહારાષ્ટ્રમાં નવલકોલ, તેલુગુ તથા તમિલમાં નુલકોલ કે નોલખોલ, કન્નડમાં નવિલ કોસુ બંગાળીમાં સુહાઓ તરીકે ઓળખાય છે.

કોલરાબીમાં સમાયેલાં પોષક તત્ત્વોની વાત કરીએ તો વિટામિન સી, વિટામિન બી-૬, પોટેશ્યિમ, મેગ્નેશ્યિમ, મેંગેનીઝ, ફૉલેટ તથા ફાઈબર સમાયેલાં છે. પ્રતિદિન એક વ્યક્તિને જોઈતી વિટામિન સીની ૯૫ ટકા તથા ફાઈબરની ૨૦ ટકા આવશ્યક્તાને પૂરી કરે છે. આયુર્વેદમાં જણાવ્યા મુજબ પિત્તની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે કોલરાબીનું સેવન અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

## કોલરાબીનું સ્વાદિષ્ટ શાક



**સામગ્રી:** ૩ કપ કોલરાબીના મધ્યમ આકારના ટુકડા, ૧ નંગ ઝીણી કાપેલી ડુંગળી, ૧ નંગ ઝીણું કાપેલું ટામેટું, ૨ નંગ ઝીણું સમારેલું લીલું મરચું, ૧ નાની ચમચી છીણેલું આદું, ૧ નાની ચમચી ગરમ મસાલો, ૧ મોટો ચમચો તલનું તેલ, સ્વાદાનુસાર મીઠું. ૧ ચમચી વરિયાળીનો પાઉડર, ૧ ચમચી જીરૂ. ચપટી હિંગ. સજાવટ માટે કોથમીર.

**બનાવવાની રીત:** સૌ પ્રથમ કોલરાબીને સ્વચ્છ પાણીથી સાફ કરી લેવી. ત્યારબાદ તેની ડાળખી કાપી લેવી. તેના ગોળ ભાગમાંથી મધ્યમ આકારના ટુકડા કરી લેવા. એક કડાઈમાં તલનું તેલ ગરમ કરવાં મૂકવું. તેમાં જીરું, હિંગ ઉમેરવું. કાપેલાં કાંદા સાંતળવા. કાંદા થોડા લાલ થાય ત્યારબાદ તેમાં ટામેટાં ઉમેરવાં. ગ્રેવી એકરસ બનાવવી. ત્યારબાદ તેમાં કોલરાબીના ટુકડા ઉમેરવાં. લીલા મરચાં-આદું ઉમેરવું. ઉપર પાણીની થાળી ઢાંકીને પકાવવું. પાંચ મિનિટ બાદ તેમાં ગરમ મસાલો, સ્વાદાનુસાર મીઠું, વરિયાળી પાઉડર ભેળવવો. કોથમીરથી સજાવીને તૈયાર કરવું. સૂકું શાક અત્યંત સ્વાદિષ્ટ બને છે. ગરમાગરમ રોટલી કે ગરમાગરમ ભાત સાથે તેનો સ્વાદ માણવામાં આવે છે.

## કોલરાબીના સ્વાસ્થ્ય લાભ

### વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી

કેલરીનું પ્રમાણ ઓછું હોવાની સાથે ફાઈબરનું પ્રમાણ વધુ જોવા મળે છે. એક સર્વિંગમાં કોલરાબીમાં ૩૬ ગ્રામ કેલરી તથા ૫ ગ્રામ ફાઈબર સમાયેલું હોય છે. જેથી લાંબા સમય સુધી ભૂખને શાંત રાખવામાં મદદરૂપ બને છે. કોલરાબીના પાન-ડાળીનો ઉપયોગ સલાડમાં કરવાથી સ્વાદ વધવાની સાથે શરીરને પોષક તત્ત્વો પૂરતાં પ્રમાણમાં મળશે.

### રોગપ્રતિકારક શક્તિ વધારે છે

કોલરાબી પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે. જેથી તેનું સેવન કરવાથી રોગપ્રતિરોધક શક્તિમાં વધારો થાય છે. જેને કારણે વારંવાર શરીરમાં નબળાઈ કે ચક્કર આવવાં જેવી તકલીફમાં રાહત મળે છે. વાયરલ કે બૅક્ટેરિયલ ચેપથી શરીરના વિવિધ અંગોને બચાવે છે. વિટામિન બી-૬નું પ્રમાણ સારા પ્રમાણમાં સમાયેલું છે. જેને કારણે કોલરાબીના સેવનથી શરીરનાં અંગો ઉપર સોજા ઘટાડે છે અને પાચન શક્તિ મજબૂત બનાવે છે. શ્વેત રક્તકોશિકાનું કામ સુચારૂ રીતે થાય તેમાં એ ઉપયોગી બને છે.

### કૅન્સર વિરોધી ગુણ ધરાવે છે

કોલરાબીમાં ગ્લૂકોસિનોલેટ સામગ્રીની માત્રા ઉપર વારંવાર સંશોધન થતું આવ્યું છે. જેને કારણે જાણવા મળે છે કે ગ્લૂકોસિનોલેટ આઈસોથિયોસાઈનેટમાં બદલાઈ જાય છે. જે કૅન્સર કોશિકામાં એપોપ્ટોસિસ (પ્રોગ્રામ્ડ ડેથ સેલ્સ)ગાંઠના વિકાસને રોકવામાં સક્ષમ ગણાય છે. એવી પણ માહિતી મળે છે કે કોલરાબી ક્રુસિફેરસ શાકમાં સ્થાન ધરાવે છે. જે ફેંફસાં, સ્તન કૅન્સર જેવા જોખમને ઘટાડવામાં મદદ કરે છે. કેમ કે તેમાં ભરપૂર માત્રામાં ઍન્ટિ-ઓક્સિડન્ટ, ફાઈબર, ગ્લૂકોસિનોલેટસ્નું સંયોજન જોવા મળે છે. જે કૅન્સર નિવારક આહારનું મૂલ્યવાન ઘટક ગણાય છે.

### બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખે છે

કોલરાબીમાં પોટેશિયમનું પ્રમાણ સારી માત્રામાં હોય છે. જેથી લોહીની કોશિકાને મોટી કરીને લોહીનું દબાણ ઘટાડવામાં મદદ કરે છે. શ્વાસની તકલીફ તેમજ માનસિક તાણને નિયંત્રિત કરવામાં નુલકોલ મદદરૂપ બને છે.

### હૃદયની તંદુરસ્તી જાળવવામાં ફાયદાકારક

નુલકોલ ગ્લૂકોસિનોલેટસ્ તથા આઈસોથિયોસાઈનેટસ્નું એક સમૃદ્ધ સ્ત્રોત છે. જે હૃદયરોગ સંબંધિત જોખમને નિયંત્રિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ધમનીમાં લોહીને ગંઠાઈ જવાની શક્યતા રહેતી નથી.

### હાડકાંને મજબૂત બનાવે છે

નુલકોલમાં કેલ્શ્યિમ, મેંગેનીઝ, આયર્નની માત્રા કુદરતી રીતે જ ભરપૂર સમાયેલી હોય છે. જે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. ઓસ્ટિયોપોરોસિસ જેવી હાડકાંની તકલીફથી બચવું હોય તો નુલકોલનો આહારમાં સમાવેશ લાભકારક બની રહેશે.

# નાનાં બાળકોમાં ડિહાઈડ્રેશનનાં લક્ષણ શું છે?

feedback@bombaysamachar.com
વિશેષ
રશ્મિ શુકલ

દેશના ઘણા ભાગોમાં તાપમાન સતત વધી રહ્યું છે, નાનાં બાળકોના સ્વાસ્થ્ય પર આની નોંધપાત્ર અસર કરી શકે છે. આનાથી ડિહાઇડ્રેશન થઈ શકે છે; તેથી તેનાં લક્ષણો અને તેને રોકવા માટેની પદ્ધતિઓથી વાકેફ રહેવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ચાલો નજીકથી આના પર એક નજર કરીએ.

વધતી ગરમીની અસર હવે દેશના ઘણા રાજ્યોમાં સ્પષ્ટપણે દેખાય છે, નાનાં બાળકો અને તેમના સ્વાસ્થ્ય પર તેની અસર થાય છે. ઉચ્ચ તાપમાન અને ગરમીથી બાળકોના શરીરમાંથી પરસેવો ઝડપથી નીકળતો હોવાથી પાણીનું સ્તર ઘટે છે, જે ડિહાઇડ્રેશન તરફ દોરી શકે છે. વધુમાં ઊલટી અને ઝાડા, અપૂરતું પાણીનું સેવન અને સીધા સૂર્યપ્રકાશમાં લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાનાં મુખ્ય પરિબળો છે.



નાનાં બાળકો ખાસ કરીને પાણી ઓછું પીતા હોય છે કારણ કે તેમના શરીર હજુ સુધી આંતરિક તાપમાનને અસરકારક રીતે નિયંત્રિત કરવામાં સંપૂર્ણપણે સક્ષમ નથી. નવજાત શિશુઓ, નાના બાળકો, નબળી રોગપ્રતિકારક શક્તિવાળા બાળકો અને બહાર રમવામાં સમય વિતાવતા લોકો માટે જોખમ ખાસ કરીને ઊંચું છે. માતાપિતા ઘણીવાર આવી શરૂઆતી ચેતવણીને અવગણે છે, જે સ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. તેથી આ મુદ્દા અંગે સચોટ માહિતી રાખવી એકદમ જરૂરી છે. ચાલો નાનાં બાળકોમાં ડિહાઇડ્રેશનનાં ચોક્કસ લક્ષણો પર ધ્યાન દઇએ અને તેને કેવી રીતે અટકાવવું તેના વિશે માહિતી મેળવીએ.

### ડિહાઈડ્રેશનનાં લક્ષણ

નેમોર્સ કિડ્સહેલ્થ મુજબ જ્યારે ડિહાઇડ્રેશન થાય છે, ત્યારે બાળકનું શરીર વિવિધ સંકેતો દર્શાવે છે જે ઓળખવા માટે મહત્ત્વપૂર્ણ છે. વધુ પડતી તરસ, શુષ્ક મોં અને હોઠ એ શરૂઆતના લક્ષણો હોય છે. વધુમાં બાળક સુસ્ત અથવા ચીડિયા દેખાઈ શકે છે અને રમવામાં રસ ઓછો બતાવી શકે છે. કેટલાક કિસ્સાઓમાં પેશાબનું પ્રમાણ ઓછું થવું અથવા ઘેરો પીળો રંગનો પેશાબ દેખાતો હોય તે પણ ચેતવણીનો સંકેત હોઈ શકે છે.

બાળકની આંખો ડૂબી ગયેલી દેખાઈ શકે છે, અને રડતી વખતે તે ઓછા આંસુ આવવા - અથવા બિલકુલ આંસુ નહીં -. ગંભીર ડિહાઇડ્રેશનના કિસ્સામાં બાળક નબળાઈ અનુભવી શકે છે અને ઊર્જાનો નોંધપાત્ર અભાવ દર્શાવી શકે છે. જો ધ્યાન ન આપવામાં આવે તો, પરિસ્થિતિ ગંભીર બની શકે છે; તેથી આ લક્ષણોને ક્યારેય અવગણવા જોઈએ નહીં.

### ડિહાઈડ્રેશન કેવી રીતે અટકાવવું?

બાળકોને ડિહાઇડ્રેશનથી બચાવવા માટે, ખાતરી કરો કે તેઓ નિયમિત પાણી પીવે છે. ઉનાળા દરમિયાન માત્ર પાણી જ નહીં પણ નાળિયેર પાણી, છાશ અને ઘરે બનાવેલા ORS પણ આપવાનું ફાયદાકારક છે.


બાળકોને લાંબા સમય સુધી તડકામાં રમવાથી રોકો અને બહાર જતી વખતે તેમના માથા ઢાંકેલા રાખવાની ખાતરી કરો. તેમના શરીરને જરૂરી પોષક તત્ત્વો મળે તે સુનિશ્ચિત કરવા માટે હળવું છતાં પૌષ્ટિક ભોજન આપો. ચેપનું જોખમ ઓછું કરવા માટે સ્વચ્છતા પર ખૂબ ધ્યાન આપો. યોગ્ય કાળજી રાખીને આ સમસ્યાને સરળતાથી અટકાવી શકાય છે.

જો બાળકમાં ડિહાઇડ્રેશનનાં ગંભીર લક્ષણો દેખાય છે - જેમ કે અતિશય સુસ્તી, વારંવાર ઊલટી થવી અથવા પેશાબ ન કરવો-તો તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક કરો. જો સમયસર તબીબી સારવાર ન મળે તો સ્થિતિ ગંભીર બની શકે છે. તેથી માતાપિતાએ સતર્ક રહીને તેમનાં બાળકોના સ્વાસ્થ્ય પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

## શ્વસનતંત્રની બીમારી શ્રેણીઃ

# હેડકી શું કામ પજવે છે?




### હેડકી થવાનાં કારણ

- ઝડપી, વધારે કે મસાલેદાર જમવાથી.
- વધુ પડતાં ઠંડા પીણાં પીવાથી.
- શરીરમાં વધુ પડતી હવા જવાથી - વાતપ્રકોપથી.
- વધુ પડતો અચાનક આનંદ કે મુંઝવણ આવવાથી.
- સિગારેટ કે દારૂના વ્યસનથી....

### શું છે હેડકી મટાડવાના ઉપચાર?

૧) આદુંના નાના નાના ટુકડા કરીને એક એક ટુકડો સતત ચાવીને ચૂસતા રહેવાથી હેડકી તરત મટે છે.
૨) નાક દ્વારા શ્વાસ અંદર લઈને શક્ય હોય તેટલો રોકી રાખવો, પછી ધીરે ધીરે તે શ્વાસને બહાર કાઢવો. આવું બે થી ત્રણ વાર કરવું.
૩) ઠંડા પાણીમાં થોડું મધ નાખીને પી જવું. આનાથી હેડકી તરત જ બંધ થઈ જશે.
૪) અડધા લીંબુનો રસ પી જવો અથવા અડધા કપ પાણીમાં અડધું લીંબુ નાખીને તરત જ પી જવું.
૫) દસેક ગ્રામ તુલસીનો રસ અને ૫ ગ્રામ મધ ભેગું કરી પીવું.
૬) સાકર સાથે જીરું ચાવીને ખાવાથી હેડકી બંધ થાય છે.
૭) સૂંઠ અને ગોળને ગરમ પાણીમાં મેળવી તેનાં ટીપાં નાકમાં નાખવાં.
૮) મૂળાનો રસ ૧ ગ્લાસ પીવો.
૯) બારીક સૂંઠ કે કાળા મરીની ભૂકી, ભૂંગળી વડે દર્દીના બંને નાકમાં ૨-૩ વાર ફુંકવાથી હેડકી જરૂર મટે છે. ■



# શું વધુ પડતા મીઠાના સેવનથી કેલ્શિયમની ઊણપ થાય છે?

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
દિક્ષીતા મકવાણા

મીઠાનું સેવન આપણા રોજિંદા આહારનો એક અભિન્ન ભાગ છે; જોકે તેનું વધુ પડતું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. કેલ્શિયમ શરીર માટે એક આવશ્યક પોષક તત્ત્વ છે. ચાલો જોઈએ કે શું મીઠાનું વધુ પડતું સેવન શરીરમાં કેલ્શિયમની ઊણપ વધારી શકે છે.

મીઠું આપણા ભોજનનો એક મહત્ત્વપૂર્ણ ઘટક છે, છતાં તેનું વધુ પડતું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. લોકો ઘણીવાર અજાણ હોય છે કે મીઠાનું વધુ પડતું સેવન શરીરમાં વિવિધ શારીરિક અસંતુલન પેદા કરી શકે છે. કેલ્શિયમ એક મહત્ત્વપૂર્ણ ખનિજ છે જે ફક્ત હાડકાં અને દાંતને મજબૂત બનાવે છે પણ સ્નાયુઓ અને ચેતાના યોગ્ય કાર્યમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શરીરમાં કેલ્શિયમ સંતુલન જાળવવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ઊણપ હાડકા સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે.



મીઠું અને કેલ્શિયમ વચ્ચે એક અલગ સંબંધ હોવાનું માનવામાં આવે છે, કારણ કે બંને શરીરના એકંદર સંતુલન સાથે આંતરિક રીતે જોડાયેલા છે. જો કોઈની આહારની આદતો નબળી હોય, તો આ નાજુક સંતુલન ખોરવાઈ શકે છે. આધુનિક સમયમાં, પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ખોરાકનો વધતો વપરાશ ઘણીવાર મીઠાના સેવનમાં અજાણતા વધારા તરફ દોરી જાય છે. પરિણામે, આ વિષયની સ્પષ્ટ સમજ મેળવવી જરૂરી છે. ચાલો આપણે તપાસ કરીએ કે શું વધુ પડતા મીઠાનું સેવન ખરેખર કેલ્શિયમની ઊણપમાં ફાળો આપે છે.

વધુ પ્રમાણમાં મીઠાનું સેવન શરીર પર અનેક રીતે અસર કરી શકે છે. એવું માનવામાં આવે છે કે વધુ પડતા મીઠાનું સેવન ચોક્કસ શારીરિક ફેરફારોનું કારણ બને છે જે શરીરના ખનિજ સંતુલનને વિક્ષેપિત કરી શકે છે. આ બદલામાં શરીરના કેલ્શિયમ સ્તર પર સીધી અસર કરી શકે છે.

વધુ પડતા મીઠાનું લાંબા ગાળાનું સેવન હાડકાના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસરોનું જોખમ વધારી શકે છે. જો કે, આ અસરની હદ વ્યક્તિના આહાર, જીવનશૈલી અને એકંદર શારીરિક સ્થિતિ પર પણ આધાર રાખે છે. તેથી મધ્યમ માત્રામાં મીઠું લેવું અને વ્યક્તિના આહાર પસંદગીઓ પર ધ્યાન આપવું હિતાવહ છે.

**કોણ વધારે જોખમ ધરાવે છે?**

વધુ પડતા મીઠાના સેવનની પ્રતિકૂળ અસરો માટે ચોક્કસ વ્યક્તિઓ વધુ સંવેદનશીલ હોઈ શકે છે. વૃદ્ધો, સ્ત્રીઓ અને જેમના આહારમાં પહેલાથી જ કેલ્શિયમની ઊણપ હોય છે તેમાં જોખમ ખાસ કરીને વધી શકે છે.

વધુમાં, પહેલાથી અસ્તિત્વમાં રહેલા હાડકા સંબંધિત રોગોથી પીડાતા અથવા હોર્મોનલ વધઘટમાંથી પસાર થતા વ્યક્તિઓએ પણ તેમના મીઠાના સેવન અંગે સાવધાની રાખવી જોઈએ. ખરાબ આહાર અને શારીરિક પ્રવૃત્તિનો અભાવ પણ આ જોખમ વધારી શકે છે.

**સંતુલન કેવી રીતે જાળવવું?**

મીઠાનું સેવન મર્યાદિત કરવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તમારા ભોજનમાં વધુ પડતું મીઠું ઉમેરવાનું ટાળો અને પ્રોસેસ્ડ ખોરાકનો વપરાશ ઓછો કરો. વધુમાં તમારા આહારમાં દૂધ, દહીં અને લીલા શાકભાજી જેવા કેલ્શિયમયુક્ત ખોરાકનો સમાવેશ કરો. સંતુલિત આહાર અને સ્વસ્થ જીવનશૈલી અપનાવીને, શરીરનું ખનિજ સંતુલન જાળવી શકાય છે.

# મરીન ડ્રાઈવ પર બેફામ બાઈક હંકારી અકસ્માત સર્જ્યો

## બાઈકસવાર યુવક-યુવતી અને અડફેટમાં આવનાર વૃદ્ધે પણ જીવ ગુમાવ્યો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના મરીન ડ્રાઇવ વિસ્તારમાં પૂરપાટ વેગે બાઇક હંકારીને માર્ગ ઓળંગી રહેલા ૬૬ વર્ષના વૃદ્ધને અડફેટમાં લીધા બાદ બાઇકસવાર યુવક-યુવતી માર્ગ પર પટકાયાં હતાં. વહેલી સવારે થયેલા આ અકસ્માતમાં ગંભીર ઇજા પામવાને કારણે વૃદ્ધ સહિત ત્રણેયનાં મોત થયાં હતાં. મરીન ડ્રાઇવ પોલીસે આ પ્રકરણે મૃત બાઇકસવાર સામે બેદરકારીપૂર્વક વાહન હંકારવા અને મૃત્યુ માટે કારણભૂત થવા બદલ ગુનો દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર મરીન ડ્રાઇવ ખાતે એન.એસ. રોડ પર પારસી જિમખાના જંક્શન સિગ્નલ પર સોમવારે વહેલી સવારે ૫.૪૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા ત્રણેયની ઓળખ ગિરગામના કાંતિનગરમાં આવેલી સોસાયટીમાં રહેનારા કિશોર પાંડુરંગ લામણે (૬૬), મુલુંડ પૂર્વમાં મ્હાડા કોલોની ખાતે રહેતા કૃષ્ણ ઉદય દેસાઇ (૧૯) અને કફ પરેડમાં રહેતી તેની મિત્ર ચાંદની શેખ (૧૮) તરીકે થઇ હતી.

કૃષ્ણ દેસાઇ સોમવારે વહેલી સવારે તેની મિત્ર ચાંદની શેખને મળવા માટે બાઇક પર આવ્યો હતો. બંને જણ બાદમાં બાઇક પર મરીન ડ્રાઇવ ખાતેથી જઇ રહ્યા હતા. કૃષ્ણ દેસાઇ બાઇક પૂરપાટ વેગે હંકારી રહ્યો હતો અને તેઓ પારસી જિમખાના જંક્શન સિગ્નલ પર પહોંચ્યા ત્યારે માર્ગ ઓળંગી રહેલા કિશોર લામણેને તેણે અડફેટમાં લીધો હતો. કિશોર લામણે મોર્નિંગ વૉક માટે આવ્યો હતો અને બાઇકની ટક્કર એટલી જોરદાર હતી કે તે ફંગોળાઈને રસ્તા પર

(જુઓ પાનું ૪) ▸▸

## કૃષ્ણ દેસાઈએ રવિવારે રાતે મિત્રો સાથે બર્થડે ઉજવ્યો હતો

મુંબઈ: મરીન ડ્રાઇવ ખાતે વહેલી સવારે થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલો મુલુંડનો કૃષ્ણ દેસાઇ ડિલિવરી બૉય તરીકે કામ કરતો હતો. કૃષ્ણ દેસાઇએ હાલમાં જ નવી બાઇક ખરીદી હતી. રવિવારે તેનો જન્મદિવસ હતો અને તેણે મુલુંડમાં તેના મિત્રો સાથે જન્મદિવસની ઉજવણી કરી હતી. મિત્રો સાથે તેણે રાતે ભોજન કર્યું હતું અને તેમને કહ્યું હતું કે તે પરિવારજનો સાથે જન્મદિવસની ઉજવણી કરવા ઘરે જઇ રહ્યો છે. જોકે તેણે બાદમાં પોતાનો મોબાઇલ બંધ કરી દીધો હતો અને ઘરે જવાને બદલે કૃષ્ણ તેની મિત્ર ચાંદની શેખને મળવા માટે બાઇક પર દક્ષિણ મુંબઈ આવ્યો હતો. ચાંદનીને મળ્યા બાદ બંને જણ બાઇક નીકળ્યાં હતાં અને તેઓ મરીન ડ્રાઇવ પરથી જઇ રહ્યાં હતાં ત્યારે તેમણે અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો. કૃષ્ણનું મૃત્યુ થતાં તેના પરિવારજનો તથા મિત્રોમાં શોક ફેલાયો હતો.

# ભરઉનાળે મુંબઈમાં પાણીકાપની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણીપુરવઠો કરનારા જળાશયોમાં છેલ્લા બે વર્ષની સરખામણીમાં આ વર્ષે પાણીનો જથ્થો વધુ હોવા છતાં ‘અલ-નિનો’ની અસર હેઠળ નબળા ચોમાસાની શક્યતાને પગલે મુંબઈ મહાનગરપાલિકાએ સાવચેતીના પગલારૂપે મે મહિનાથી મુંબઈમાં પાણી-કાપ લાગુ કરવાનું આયોજન કરી રહી હોવાનું માનવામાં આવે છે.

મુંબઈને સાત જળાશયોમાંથી પ્રતિદિન ૩,૮૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. સોમવારે સાતેય જળાશયોમાં પાણીનું સ્તર ૪,૧૬,૭૧૪ મિલ્યન લિટર (૨૮.૭૯ ટકા) હતું, તેની સરખામણીમાં ૨૦૨૫માં આ સમયે જળાશયોમાં ૩,૭૧,૩૪૦ મિલ્યન લિટર (૨૫.૬૬ટકા) અને ૨૦૨૪માં ૨,૯૩,૫૫૨ મિલ્યન લિટર (૨૦.૨૮ ટકા) હતું. છેલ્લા બે વર્ષની સરખામણીમાં આ વર્ષે જળાશયોમાં વધુ પાણી હોવા છતાં

(જુઓ પાનું ૪) ▸▸

# કલ્યાણ-કસારાના રહેવાસીઓ માટે ખુશખબર! રેલવેએ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો

મુંબઈ : કલ્યાણ-કસારા રૂટ પર મુસાફરો દૈનિક લોકલમાં ભીડ, વિલંબ અને અસુવિધાઓથી હેરાન થઈ રહ્યા છે, પરંતુ હવે મુસાફરોને રાહત મળશે. ઘણા વર્ષોથી પડતર સમસ્યાઓના ઉકેલ માટે રેલ્વે વહીવટીતંત્રે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. કલ્યાણ-કસારા રૂટ પર મુસાફરોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે, તેથી આ રૂટ પર વધુ લોકલ સેવાઓ શરૂ કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. આ માટે ખડી, અટગાંવ, વાશિંદ અને ખડવલી સ્ટેશનો વચ્ચે એક નવું યાર્ડ બનાવવાની યોજના બનાવવામાં આવી હતી. ત્યાં રેલવેની મોટા પ્રમાણમાં ખુલ્લી જગ્યા હોવાથી આ સ્થાન પર યાર્ડ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં કલ્યાણ અને કસારા વચ્ચે ત્રીજી અને ચોથી લાઇનનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. નવી લાઇન રેલ ટ્રાફિક પરના દબાણને ઘણી હદ સુધી ઘટાડવામાં મદદ કરશે અને ખડી ખાતે બનાવવામાં આવનાર યાર્ડ આગામી દિવસોમાં લોકલ ટ્રેનોની સંખ્યા વધારવામાં મદદ કરશે. ખડી ખાતે બનનાર યાર્ડમાં અપ અને ડાઉન બંને દિશાઓ માટે વધુ ત્રણ લાઇનો નાખવામાં આવી રહી છે. આનાથી ટ્રેનોનું આયોજન વધુ સરળ બનશે. આ બધા પગલાથી મુસાફરી વધુ અનુકૂળ અને ઝડપી બનવાની અપેક્ષા છે. ■

# ખોરાકી ઝેરની અસરથી એક જ પરિવારનાં ચારના મોત



## રાતના બિરયાની ખાધી પછી કલિંગર ખાધું પણ ઝેરની અસર શેનાથી થઈ તે અસ્પષ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં એક જ પરિવારના સભ્યોને કલિંગર ખાવાથી થયેલા ખોરાકી ઝેરની અસરને કારણે પતિ-પત્ની સહિત તેમના બે બાળકો મૃત્યુ પામ્યા હોવાનો બનાવ નોંધાયો હોવાનું પોલીસે સોમવારે જણાવ્યું હતું.

દક્ષિણ મુંબઈના જે.જે. રોડ પરિસરમાં રહેતા પરિવારના ઘરમાં ૨૫ એપ્રિલ એક પારિવારિક સમારંભ યોજાયો હતો. એ દરમ્યાન પરિવારના સભ્યો સહિત તેમના ઘરે આવેલા પાંચ મહેમાનોએ ચીકન પુલાવ ખાધો હતો. બિરયાની ખાધા બાદ તમામ મહેમાનો પોતાના ઘર માટે નીકળી ગયા હતા. એ બાદ પરિવારનાં ચાર સભ્યોએ

(જુઓ પાનું ૪) ▸▸

# આ તે મીરા રોડ કે પહલગામ?: ધર્મ પૂછીને હિન્દુ વૉચમેનને માર્યો

## આરોપી મોટા ષડ્યંત્રની તૈયારી કરતો હોવાની શંકા: ઘરેથી આઈએસઆઈએસને લગતું સાહિત્ય મળ્યું: કેસ એટીએસને સોંપાયો

*યોગેશ સી પટેલ*

મુંબઈ: જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની જેમ મીરા રોડમાં પણ ધર્મ પૂછીને નિર્માણાધીન ઈમારતના સિક્યોરિટી ગાર્ડ પર હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. હુમલામાં સંડોવાયેલા આરોપીને પોલીસે દોઢ કલાકમાં જ પકડી પાડ્યો હતો, પરંતુ તેના ઘરમાંથી મળેલા કથિત વાંધાજનક દસ્તાવેજોને કારણે આ પ્રકરણની તપાસ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ને સોંપવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર ઘટના સોમવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ મીરા રોડના નયાનગર વિસ્તારમાં બની હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સિક્યોરિટી ગાર્ડ રાજકુમાર મિશ્રાને નજીકની વૉકહાર્ટ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સારવાર બાદ તેનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ મિશ્રા તેના સાથી સુબ્રતો રમેશ સેન સાથે વૉકહાર્ટ હૉસ્પિટલની પાછળ નિર્માણાધીન ઈમારતમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. મળસકે મિશ્રા પર ચાકુના ઉપરાછાપરી ઘા ઝીંકવામાં આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં મિશ્રા જમીન પર ફસડાઈ પડ્યો હતો અને આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ પ્રકરણે નયાનગર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે હુમલાખોરને ઓળખી કાઢ્યો હતો. પોલીસ

(જુઓ પાનું ૪) ▸▸

# શિંદે જૂથમાં બચ્ચુ કડુના પક્ષના વિલીનીકરણની અટકળ

મુંબઈ: એકનાથ શિંદેએ શિવસેનામાંથી બળવો કર્યો હતો. એકનાથ શિંદેના બળવા પછી શિવસેનામાં ઊભી તિરાડ પડી હતી. શિંદેના બળવા પછી શિવસેનાના ઘણા નેતા ઉદ્ધવ ઠાકરેને છોડી ગયા હતા. ઘણા વિધાન સભ્યો અને સંસદસભ્યોએ એકનાથ શિંદેને ટેકો આપ્યો હતો. તે સમયે રાજ્યમાં મહા વિકાસ આઘાડી સરકાર હતી. શિવસેનામાં ભાગલાને કારણે સરકાર લઘુમતીમાં આવી ગઈ અને ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું. ત્યારબાદ ભાજપના સમર્થનથી એકનાથ શિંદે રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા અને ચૂંટણી પંચ દ્વારા પક્ષનું પ્રતીક અને નામ પણ એકનાથ શિંદેને આપવામાં આવ્યા હતા.

એકનાથ શિંદેને પક્ષના પ્રતીક અને નામ મળ્યા બાદ રાજ્યમાં શિવસેના બે પક્ષમાં વિભાજીત થઈ ગઈ. મૂળ શિવસેના અને શિવસેના ઠાકરે જૂથ.

(જુઓ પાનું ૪) ▸▸

# ઘાટકોપરમાં રોષે ભરાયેલા ટોળાનો આરોપી સાથે પોલીસ પર હુમલો

## બે બાળકી સાથે કુકર્મ કરનારા શકમંદને પકડવા ગયેલા એક કોન્સ્ટેબલનું માથું ફૂટ્યું તો બીજાના હાથમાં ફ્રેક્ચર થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપરમાં બનેલી ઘટનામાં બે બાળકી સાથે કથિત કુકર્મ કરનારા શકમંદને ફટકારવાની સાથે રહેવાસીઓના ટોળાએ પોલીસ ટીમ પર પણ હુમલો કર્યો હતો. મારપીટ અને હેલ્મેટથી કરાયેલા હુમલામાં એક કોન્સ્ટેબલનું માથું ફૂટ્યું હતું તો બીજાના હાથમાં ફ્રેક્ચર થયું હતું. આ પ્રકરણે પોલીસે ૩૫થી વધુ લોકો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ શનિવારની રાતે બનેલી ઘટનામાં પોલીસ કોન્સ્ટેબલ કોળી અને ઋષભ ઉત્તમ ખંદારે જખમી થયા હતા. સારવાર માટે બન્નેને રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. પોલીસ ટીમ પર હુમલો કરનારા ચારની ઓળખ થઈ હતી, જ્યારે બાકીનાની ઓળખ મેળવવા પોલીસ ઘટનાસ્થળની આસપાસ લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે.

ફરિયાદમાં જણાવાયું હતું કે શનિવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ કન્ટ્રોલ રૂમને માહિતી મળી હતી કે ઘાટકોપરના નિત્યાનંદ નગરની હાજી મુલ્લા ચાલમાં એક શખસને મારવા માટે મોટી સંખ્યામાં લોકોની ભીડ થઈ છે. એ શખસને બચાવવા પોલીસ મદદની જરૂર છે. આ અંગેનો મેસેજ મળતાં જ પેટ્રોલિંગ પર હાજર ઘાટકોપર પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

ચાલમાં હોબાળો મચાવનારા લોકોએ એક ઘર તરફ આંગળી ચીંધીને તેમાં ફિરોઝ ઉર્ફે સની ઈકબાલ શેખ (૩૮) સંતાયો હોવાનું પોલીસને કહ્યું હતું. બે બાળકી સાથે શરમનજક કૃત્ય કરીને રહેવાસીઓના ડરથી

(જુઓ પાનું ૪) ▸▸

# બાગેશ્વર બાબાને કોલ્હાપુરી ચપ્પલથી મારો ને મેળવો દોઢ લાખ રૂપિયાનું ઇનામ

**રાજ્યના શિવપ્રેમીઓ આક્રમક**

મુંબઈ: બાગેશ્વર ધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી (બાગેશ્વર બાબા) દ્વારા છત્રપતિ શિવાજી મહારાજ અને સમર્થ રામદાસ સ્વામી અંગે આપેલા નિવેદનથી વિવાદ સર્જાયો છે. આ કારણે તેમની ચારે બાજુથી ટીકા થઈ રહી છે. ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કહ્યું હતું કે, ‘જ્યારે છત્રપતિ શિવાજી મહારાજ લડીને થાકી ગયા હતા ત્યારે એક દિવસ મહારાજ સમર્થ રામદાસ સ્વામી પાસે ગયા અને તેમનો મુગટ ઉતારીને કહ્યું, મેં ઘણી લડાઈ લડી છે, ઘણા યુદ્ધો લડ્યા છે, પરંતુ હવે હું હવે લડવા માગતો નથી. કૃપા કરીને મારા પર એક ઉપકાર કરો અને હવે આ મુગટનું ધ્યાન રાખો, આ રાજ્યનું ધ્યાન રાખો.’ આ વક્તવ્ય જાણ્યા પછી શિવ પ્રેમીઓએ આક્રમક વલણ અપનાવ્યું છે.

છત્રપતિ શિવાજી મહારાજ વિશે વિવાદાસ્પદ નિવેદન આપનારા બાગેશ્વર બાબા સામે ધારાશિવમાં શિવપ્રેમીઓએ આક્રમક બની બાગેશ્વર બાબાને કોલ્હાપુરી ચપ્પલે ચપ્પલે મારનારને ૧ લાખ ૫૧ હજારનું ઇનામ આપવાની જાહેરાત કરી છે. શિવ પ્રેમીઓએ ધારાશિવના છત્રપતિ શિવાજી મહારાજ ચોક ખાતે ‘‘શિવાજી કોણ હતા?‘‘ પુસ્તકનું વાંચન કરી બાગેશ્વર બાબાના ફોટાને જૂતાથી ફટકારીને સૂત્રોચ્ચાર કરીને વિરોધ કર્યો હતો. આ સમયે મોટી સંખ્યામાં શિવ પ્રેમીઓ હાજર રહ્યા હતા. હિંગોલીમાં શિવ પ્રેમીઓએ છત્રપતિ શિવાજી મહારાજ વિશેના પાયાવિહોણા નિવેદનના વિરોધમાં બાગેશ્વર બાબાના પુતળાનું દહન કર્યું. કોંગ્રેસે પુણે શહેરમાં પણ વિરોધ પ્રદર્શન કર્યું. પુણે જિલ્લા કલેક્ટર કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું અને બાગેશ્વર બાબા સામે કડક કાર્યવાહીની માગણી કરવામાં આવી હતી. માલેગાંવ અને અમરાવતીમાં પણ શિવ પ્રેમીઓએ વિરોધ પ્રદર્શન કરી કડક કાર્યવાહીની માગ કરી છે. ■

## ૧૯૮૫ સુધી સંઘ કાર્યાલયમાં છત્રપતિ શિવાજી મહારાજનો ફોટો નહોતો: ઉદ્ધવ જૂથના નેતા

મુંબઈ: ‘હું છેલ્લા પચાસ વર્ષથી સંઘ પરિવારમાં છું. મને યાદ છે કે ૧૯૮૫ સુધી છત્રપતિ શિવાજી મહારાજનો ફોટો ક્યારેય સંઘ કાર્યાલયમાં નહોતો રાખવામાં આવ્યો’ એવો દાવો પૂર્વ વિધાન સભ્ય ઉબાઠા જૂથના નેતા અનિલ ગોટેએ કરી ‘ભાજપ માટે, હિન્દુઓના નેતા મહારાણા પ્રતાપ છે,’ એમ જણાવ્યું હતું. અનિલ ગોટે હવે ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં છે, પણ પહેલા ભાજપમાં હતા. ભાજપના વિધાન સભ્ય રહી ચૂક્યા છે. અનિલ ગોટે ધુળે જિલ્લામાં ભાજપના અગ્રણી નેતા હતા, પરંતુ હવે તેઓ સતત ભાજપની ટીકા કરે છે. તાજેતરમાં, બાગેશ્વર ધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ છત્રપતિ શિવાજી મહારાજ અંગે નિવેદન આપ્યું તેના અંગે મોટો વિવાદ ઉભો થયો છે.

‘છત્રપતિ શિવાજી મહારાજને લડતા લડતા ખૂબ થાકી ગયા હોવાની લાગણી થઈ. એક દિવસ રામદાસ સ્વામી પાસે જઈ તેમણે પોતાનો મુગટ ઉતારીને નીચે રાખ્યો. હવે યુદ્ધ લડવા માગતા નથી. એવી સ્પષ્ટતા કરી તમે આ મુગટનું ધ્યાન રાખો, તમે આ રાજ્યનું ધ્યાન રાખો’ એમ જણાવ્યું હોવાનું ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કહ્યું. નાગપુરમાં ભારદુર્ગા શક્તિસ્થળના શિલાન્યાસ સમારોહમાં ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ આ નિવેદન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સરસંઘચાલક મોહન ભાગવત, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી તેમજ ઘણા મહાનુભાવો અને સંતો હાજર હતા. ગોટેએ વધુમાં જણાવ્યું કે ‘ભાજપને આમ પણ છત્રપતિ શિવાજી મહારાજ સાથે કોઈ લેવાદેવા નથી. રાજકીય સમર્થન વિના બુઆ અને બાબા આગળ નથી આવી શકતા. અશોક ખરાત આવ્યા, તેમને કોણે મોટા કર્યા? આસારામ બાપુને કોણે મોટા કર્યા? રાજકીય લોકો કેપ્ટન અશોક ખરાત કેસનો ઉપયોગ રાજકીય બ્લેકમેઇલિંગ વિના કરી શકતા નથી. જો ખરાટ દસ વર્ષથી આ બધું કરી રહ્યા હતા, તો ગૃહ વિભાગ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે હતો, તો પછી તે સ્થળના કમિશનરને કેમ સસ્પેન્ડ નથી કરવામાં આવતા?’ ■

## ધીરેન્દ્ર શાસ્ત્રીની ભુજબળે ઝાટકણી કાઢી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કથાકાર ધીરેન્દ્ર શાસ્ત્રીએ છત્રપતિ શિવાજી મહારાજ કરેલા વિવાદાસ્પદ નિવેદનની છગન ભુજબળે ઝાટકણી કાઢી હતી તેમણે કહ્યું હતું કે, ‘ઘણા ઇતિહાસકારો કહે છે કે છત્રપતિ શિવાજી મહારાજ અને રામદાસ સ્વામી ક્યારેય મળ્યા નહોતા. તમે ઇતિહાસકાર નથી, તમે પુરાણોમાંથી વાર્તાઓ સંભળાવો છો અને ભજન ગાઓ છો. ઇતિહાસકારો અલગ છે, તેઓ અંત સુધી જાય છે અને ઇતિહાસમાં શું બન્યું તે શોધે છે. સંત રામદાસ અને છત્રપતિ શિવાજી મહારાજ મળ્યા હોય તેવું કોઈ પુરાવા અને તથ્યો પ્રકાશમાં આવ્યા નથી, હકીકતમાં, તેનો વિરોધ કરવામાં આવ્યો છે,’ એમ છગન ભુજબળે કહ્યું હતું.

‘તમે એવી વાતો કહેવાનું શરૂ કર્યું જે ઇતિહાસમાં નથી. જો તમે કહો છો કે છત્રપતિ શિવાજી મહારાજ થાકી ગયા હતા, તો છત્રપતિ શિવાજી મહારાજને પ્રેમ કરનારા દરેક, જેમાં મરાઠી લોકોનો પણ સમાવેશ થાય છે, તે સ્વાભાવિક રીતે ગુસ્સે થશે. છત્રપતિ શિવાજી મહારાજનું શું.. સંભાજી મહારાજનું શું.. તેઓએ પોતાના જીવનું બલિદાન આપ્યું. તેઓએ ક્યારેય કહ્યું નહીં કે હું થાકી ગયો છું. શું મહાત્મા જ્યોતિબા ફૂલે, અણ્ણાભાઉ સાઠે, ડો. બાબાસાહેબ આંબેડકર, જે યુગના માણસો છે, તેમણે ક્યારેય એવું કહ્યું? અમે થાકી ગયા છીએ. તેઓ તેમના જીવનની છેલ્લી ક્ષણ સુધી લડ્યા છે,’ એમ છગન ભુજબળે ધીરેન્દ્ર શાસ્ત્રીના નિવેદનની ઝાટકણી કાઢતાં કહ્યું હતું.

# એક વાંદરો પકડવાના ₹ ૬૦૦!

## મહારાષ્ટ્ર સરકારની જાહેરાત ચર્ચાનો વિષય બની

મુંબઈ : વાંદરા જંગલો છોડીને માનવ વસ્તીમાં ઘૂસણખોરી કરી રહ્યા છે અને માનવ-વાંદરાઓ વચ્ચે સંઘર્ષના બનાવો વધી રહ્યા છે. ત્યારે મહારાષ્ટ્ર સરકારે એક એવો નિર્ણય લીધો છે જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. હવે, જે કોઈ વાંદરાને પકડશે તેને પૂરા ૬૦૦ રૂપિયા આપવામાં આવશે. મહારાષ્ટ્ર સરકારે ૨૨ એપ્રિલે આ આદેશ જારી કર્યો હતો. હકીકતમાં, શહેરો અને ગામડાઓમાં રીસસ મકાક અને હનુમાન લંગુરની વધતી સંખ્યા રહેવાસીઓ માટે માથાનો દુખાવો બની ગઈ છે. તેઓ ઘરમાં ઘૂસીને વસ્તુઓ ઉપાડી જાય છે અને ક્યારેક પસાર થતા લોકો પર હુમલો કરે છે. આ ઘટનાઓએ વહીવટીતંત્રની ઊંઘ ઉડાડી દીધી

(જુઓ પાનું ૪) ▸▸

# રિક્ષા-ટેક્સી ડ્રાઈવરો માટે મરાઠા ફરજિયાત પરનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ, પણ...

મુંબઈ: મહારાષ્ટ્રમાં અમરાઠી રિક્ષા અને ટેક્સી ડ્રાઈવરો અને મુસાફરો વચ્ચે વાતચીત સરળ, સ્પષ્ટ અને વધુ અસરકારક રીતે થાય તે માટે, ૧ મેથી ‘વ્યવહારિક મરાઠી’ ફરજિયાત બનવાની હતી. જોકે, વિવિધ રિક્ષા અને ટેક્સી ડ્રાઈવર સંગઠનોએ સરકારના આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો અને સમયમર્યાદા લંબાવવાની વિનંતી કરી હતી. આ પૃષ્ઠભૂમિમાં પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકની વિવિધ રિક્ષા ટેક્સી ડ્રાઈવરોના સંગઠનોના પ્રતિનિધિઓ સાથે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકારે મરાઠી ભાષાની ફરજિયાતતાથી પીછેહઠ કરવાના સંકેત આપ્યા હતા. રિક્ષા ચાલકોને મરાઠી આવડવી જોઈએ તે

(જુઓ પાનું ૪) ▸▸

# મલાડમાં ૧૦ લાખ રોકડ ચોરી કેસમાં યુવાન અમદાવાદમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંગડિયાની ઑફિસેથી નીકળેલા ફરિયાદીના સ્કૂટરની ડિકીમાંથી ૧૦ લાખની રોકડ ચોરવાના કેસમાં પોલીસે અમદાવાદથી યુવાનની ધરપકડ કરી હતી.

આ કેસમાં પકડાયેલા આરોપીના બે સાથીની પણ સંડોવણી સામે આવી છે. બન્ને શકમંદની શોધ ચાલી રહી હોવાથી પકડાયેલા આરોપીની ઓળખ છતી કરવાનો ઇનકાર કાંદિવલી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર કરણ સોનકવડેએ કર્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૭ એપ્રિલના રોજ કાંદિવલી પોલીસની હદમાં બની હતી. મલાડ પૂર્વમાં ડાયમંડ માર્કેટમાંથી આંગડિયાની ઑફિસેથી ૧૦ લાખ રૂપિયા લઈને ફરિયાદી નિખિલ શાહ (૪૪) સ્કૂટર પર નીકળ્યો હતો. આ રોકડ સ્કૂટરની

(જુઓ પાનું ૪) ▸▸

# કારનો કાચ તોડી લોખંડનું પતરું પેટની આરપાર નીકળ્યું: યુવકનું મૃત્યુ

પુણે: મુળશી તાલુકાના ધનવેવાડી ખાતે મોડી રાતે રસ્તાને કિનારે રેલિંગ સાથે કાર ટકરાતાં તેનું લોખંડનું પતરું કાચ તોડીને અંદર બેઠેલા યુવકના પેટની આરપાર નીકળી ગયું હતું. આ ઘટનામાં યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકની ઓળખ અનિકેત પોગળે (૨૯) તરીકે થઇ હતી. અનિકેત સિંહગડ રોડ ખાતે રહેતો હતો. અનિકેત અને તેનો કોથરુડ વિસ્તારમાં રહેનારો મિત્ર સિદ્ધેશ પવાર સાથે મોડી રાતે કારમાં જઇ રહ્યા હતા ત્યારે ધનવેવાડી વિસ્તારમાં ચાલકે અચાનક કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે તે રસ્તાના કિનારે રેલિંગ સાથે ભટકાઇ હતી. કારની ટક્કરને કારણે રેલિંગનું લોખંડનું પતરું કારનો કાચ તોડીને અનિકેતના

(જુઓ પાનું ૪) ▸▸



# પાંચમી ટી-૨૦ મેચમાં સાઉથ આફ્રિકાએ ભારતીય મહિલા ટીમને ૨૩ રનથી હરાવી, ૪-૧થી જીતી સિરીઝ

બેનોની (સાઉથ આફ્રિકા): ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સામેની પાંચ ટી-૨૦ મેચમાં દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમનો ૨૩ રનથી વિજય થયો હતો. આ સાથે સાઉથ આફ્રિકાએ પાંચ મેચની ટી-૨૦ સીરિઝ ૪-૧થી જીતી લીધી હતી. બીજી તરફ, ભારતીય મહિલા ટીમનું પ્રદર્શન આ સીરિઝમાં ખરાબ રહ્યું હતું.

દક્ષિણ આફ્રિકાએ શ્રેણીની પ્રથમ ત્રણ મેચ જીતી હતી. ત્યારબાદ ભારતીય મહિલા ટીમે ચોથી મેચ ૧૪ રનથી જીતી હતી. પાંચમી ટી-૨૦ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. લૌરા વોલ્વાર્ડે શાનદાર બેટિંગ કરતા ૯૨ રન ફટકાર્યા હતા. તે સિવાય દક્ષિણ આફ્રિકાના અન્ય કોઈ બેટ્સવુમન મોટી ઇનિંગ રમી શક્યા નહીં અને ટીમ છ વિકેટના નુકસાન પર ૧૫૫ રન કરી શકી હતી. જવાબમાં ભારતીય ટીમ તરફથી ભારતી ફૂલમાલી (૪૦) સિવાય અન્ય કોઈ ભારતીય ખેલાડી મોટી ઇનિંગ રમી શકી નહીં અને ટીમ નિર્ધારિત ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૩૨ રન કરી શકી હતી.

વોલ્વાર્ડે ૫૬ બોલમાં ૯૨ રન ફટકાર્યા હતા. જેમાં તેણીએ ૧૧ ચોગ્ગા અને બે સિક્સ ફટકારી હતી. તેણીએ સુને લુસ સાથે પ્રથમ વિકેટ માટે ૭૫ રનની ભાગીદારી કરી હતી. વોલ્વાડર શ્રેણીમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી છે. તેણે પાંચ મેચમાં ૩૩૦ રન કર્યા છે. દિપ્તિ શર્માએ મેચમાં ૪ ઓવરમાં ૩૭ રન આપીને ૨ વિકેટ લીધી હતી. તે શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતી. તેણીએ ૫ મેચમાં ૨૧.૨૯ ની સરેરાશથી સાત વિકેટ ઝડપી છે. ■

# દિલ્હીએ દાટ વાળ્યો: શનિવારે ૨૬૪, સોમવારે ૭૫ રનમાં ઓલ આઉટ

## આરસીબીના ફાસ્ટ બોલરો ભુવી અને હેઝલવૂડનો તરખાટ: એક સમયે નવ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી: બેંલોરે ૬.૩ ઓવરમાં જ ટાર્ગેટ ચેઝ કરી મેચ જીતી

### વિરાટના ૯,૦૦૦ રન પૂરા



નવી દિલ્હી: હજી શનિવારે આઇપીએલની ટોચની ટીમ પંજાબ સામે ૨૦ ઓવરમાં ૨૬૪ રનનો અધધધ સ્કોર નોંધાવનાર દિલ્હી કેપિટલ્સની ટીમને ક્રિકેટની રમતની અનિશ્ચિતતાઓનો પરચો મળ્યો હતો અને અહીં રોયલ ચેલેન્જર બેગ્લૂરુ સામે માત્ર ૭૫ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. એક સમયે તો પાવર પ્લેમાં નવ રનમાં છ વિકેટે દિલ્હીએ ગુમાવી હતી અને ત્યારે એવું લાગતું હતું કે તે આઇપીએલના સૌથી ઓછા સ્કોર નોંધાવશે. જોકે પછી બેટિંગ કરવા ઊતરેલી આરસીબીએ ૬.૩ ઓવરમાં એક વિકેટના ભોગે ૭૭ રન બનાવીને મેચ જીતી લીધી હતી.

આરસીબીએ માત્ર જેકબ બેથલ (૨૦)ની વિકેટ ગુમાવી હતી અને વિરાટ કોહલી (૨૩)એ નટરાજનને બે સિક્સર ફટકારીને મેચ પૂરી કરી હતી. વિરાટ કોહલીએ આ સાથે આઈપીએલમાં ૯ હજાર રન બનાવાનો વિક્રમ કર્યો હતો. આ સિદ્ધિ હાંસલ કરનાર વિરાટ પહેલો ખેલાડી છે. કોહલી સાથે દેવદત્ત પડિક્કલ (૩૪) રન અણનમ રહ્યો હતો.

જોશ હેઝલવુડ (૪/૧૨) અને ભુવનેશ્વર કુમાર (૩/૫) એ પાવરપ્લેને વિનાશક બોલિંગ નાખી હતી. અને બંને બોલરોએ ત્રણ-ત્રણ ઓવરના સ્પેલમાં દિલ્હીની બેટિંગ લાઇન-અપના ધજાગરા ઉડાવી દીધા હતા. દિલ્હી ૧૬.૩ ઓવરમાં માત્ર ૭૫ રન બનાવી શકી હતી. એક સમયે દિલ્હીનો સ્કોર આઠ રનમાં પાંચ વિકેટ અને ટૂંક સમયમાં નવ રનમાં છ વિકેટ થઈ ગયો હતો.

દિલ્હીએ આઇપીએલના સૌથી ઓછા સ્કોર (આરસીબીના ૪૯ રન, ૨૦૧૭) નો રેકોર્ડ તોડવાની શરમજનક સ્થિતિ માંડ ટાળી હતી. તબાહીની શરૂઆત ઇનિંગ્સના બીજા જ બોલે થઈ જ્યારે ભુવનેશ્વર કુમારે એક શાનદાર ઈન-ડિપિંગ યોર્કર વડે ડેબ્યુટન્ટ સાહિલ પારેખના મિડલ સ્ટમ્પ ઉખાડી નાખ્યા. જો આ માત્ર એક ચેતવણી હતી, તો હેઝલવુડે તેને સંપૂર્ણ પતનમાં ફેરવી દીધું. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલરે સતત બે બોલમાં ગત મેચના સેન્ચુરિયન કેએલ રાહુલ (૧) અને સમીર રિઝવી (૦) ને આઉટ કરીને સ્ટેડિયમમાં સન્નાટો ફેલાવી દીધો હતો.

ભુવનેશ્વર કુમારે સ્વિંગ અને સીમ પર પોતાનું પ્રભુત્વ જાળવી રાખી ટ્રિસ્ટન સ્ટબ્સ (૫) ને પેવેલિયન ભેગો કર્યો. ત્યારબાદ દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલ (૦) પણ ભુવનેશ્વરના આઉટસ્વિંગર પર વિકેટકીપર જીતેશને કેચ આપી બેઠા.

અંતે, હેઝલવુડે જ અભિષેક પોરેલને ક્લીન બોલ્ડ કરીને દિલ્હીની ઇનિંગ્સનો અંત આણ્યો હતો. ■

# રિન્કુ મુખ્ય મેચનો, નારાયણ સુપરઓવરનો હીરો: કોલકાતાની બીજી જીત, લખનઊ સાવ તળિયે




લખનઊ: કોલકાતા (૨૦ ઓવરમાં ૭/૧૫૫)એ અહીં રવિવારે થ્રિલરમાં યજમાન લખનઊ (૨૦ ઓવરમાં ૮/૧૫૫)ને મેચ ટાઇ થયા બાદ આ વખતની પ્રથમ સુપરઓવરમાં હરાવીને આઠમા સ્થાને આવી ગયું હતું. બન્ને ટીમના સ્કોર એકસમાન રહેતાં મેચ ટાઇ થઈ હતી.

સુપર ઓવરમાં લખનઊએ સુનીલ નારાયણના ત્રણ બોલમાં પૂરન તથા માર્કરમની વિકેટ પડી હતી અને લખનઊનો માત્ર એક રન થતાં કોલકાતાને જીતવા બે રનનો ટાર્ગેટ મળ્યો હતો. રિન્કુ સિંહે પ્રિન્સ યાદવના પ્રથમ બોલમાં ચોગ્ગો ફટકારીને કોલકાતાને દિલધડક વિજય અપાવ્યો હતો.

હવે મુંબઈ અને લખનઊ તળિયાના બે સ્થાને (અનુક્રમે નવમા અને દસમા ક્રમે) છે. શનિવારે જ્યારે અપરાજિત પંજાબની ટીમે ૨૬૫ રનનો લક્ષ્યાંક ચેઝ કરીને ટી-૨૦ ફોર્મેટમાં નવો વિશ્વવિક્રમ રચ્યો ત્યારે રવિવારે લખનઊની ટીમ ૧૫૬ રનનો સાધારણ લક્ષ્યાંક પણ નહોતી મેળવી શકી અને મેચને સુપરઓવરમાં લઈ જવી પડી હતી જેમાં લખનઊએ ફ્લોપ શોને લીધે છઠ્ઠો પરાજય જોવો પડ્યો હતો.

કેપ્ટન રિષભ પંત (૪૨ રન, ૩૮ બોલ, એક સિક્સર, ચાર ફોર) ફરી એક વખત નબળું રમ્યો હતો. બીજી જીત મેળવનાર કોલકાતાના બોલર્સને લખનઊના બેટ્સમેનો લડત આપવામાં નિષ્ફળ ગયા હતા. માર્કરમે ફક્ત ૩૧ રન તથા બદોનીએ ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. રિન્કુ સિંહે (૮૩ અણનમ, ૫૧ બોલ, પાંચ સિક્સર, સાત ફોર) કોલકાતાની ઇનિંગ્સની છેલ્લી ઓવરમાં ઉપરાઉપરી ચાર છગ્ગા સાથે જે ધમાલ મચાવી એ છેવટે લખનઊને ભારે પડી હતી. વૈભવ અરોરા તથા વરુણ ચક્રવર્તીએ બે-બે વિકેટ લીધી હતી.

લખનઊના પેસ બોલર મોહસિન ખાન (૪-૧-૨૩-૫)નો વિક્રમી પર્ફોર્મન્સ પાણીમાં ગયો હતો.

# ગુસ્સામાં બેટ અને હેલ્મેટ ફેંકવાની અંગક્રિશ રઘુવંશીને મળી સજા

લખનઉ: કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ના વિકેટકીપર-બેટ્સમેન અંગક્રિશ રઘુવંશીને તેમની મેચ ફીના ૨૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને ઓબ્સ્ટ્રક્શન ઓફ ધ ફીલ્ડ (ફિલ્ડિંગમાં અડચણ ઉભી કરવી) આઉટ અપાયા બાદ બેટ અને હેલ્મેટ ફેંકીને ગુસ્સો દર્શાવવા બદલ તેને ડિમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો છે.

રઘુવંશીને રવિવારે લખનઉ સુપર જાયન્ટ્સ સામેની આઈપીએલ મેચ દરમિયાન આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાનો દોષિત ઠેરવવામાં આવ્યો હતો. કોલકત્તાની ઇનિંગની પાંચમી ઓવરમાં બનેલી ઘટના બાદ પેવેલિયન પરત ફરતી વખતે તેણે ગુસ્સાથી પોતાનું બેટ બાઉન્ડ્રી લાઇન પર અથડાવ્યું હતું અને પોતાનું હેલ્મેટ ડગઆઉટમાં ફેંકી દીધું હતું. કેકેઆરે સુપર ઓવરમાં મેચ જીતી હતી.

આઈપીએલએ એક નિવેદનમાં કહ્યું હતું કે ''કેકેઆરના વિકેટકીપર-બેટ્સમેન અંગક્રિશ રઘુવંશીને લખનઉ સામેની મેચ દરમિયાન ખેલાડીઓ અને ટીમ અધિકારીઓ માટેની આઈપીએલ આચારસંહિતાના લેવલ ૧ ઉલ્લંઘનનો દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેમની મેચ ફીના ૨૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.'' વધુમાં તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે.'' રઘુવંશીએ મેચ રેફરી દ્વારા લાદવામાં આવેલ દંડ સ્વીકારી લીધો છે. ■

# સુપર ઓવરની રોમાંચક જીત પછી કેકેઆરને પ્લે ઑફ્ફ માટે હજી ચાન્સ છે?

નવી દિલ્હી: કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)એ રવિવારે લખનઊ સુપર જાયન્ટ્સ સામે સુપર ઓવરમાં શાનદાર જીત નોંધાવી હતી. રવિવારે ઈકાના સ્ટેડિયમમાં રમાયેલા મુકાબલામાં રોમાંચ ચરમસીમાએ રહ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી કેકેઆરએ રિંકુ સિંહની અણનમ અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૫ રન બનાવ્યા હતા. જવાબમાં લખનઊની ટીમે પણ નિર્ધારિત ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૫૫ રન બનાવ્યા અને મુકાબલો સુપર ઓવરમાં પહોંચ્યો હતો. સુપરમાં લખનઊની ટીમ એક જ રન બનાવી શકી હતી અને કોલકાતાએ બે રન બનાવી જીત હાંસલ કરી હતી. પંતની ટીમ સતત પાંચમી મેચ હારી હતી. સુપર ઓવરમાં જીત પછી કેકેઆર માટે પ્લેઓફસમાં પહોંચવાના ચાન્સ કેટલા છે તેની ચર્ચા શરૂ થઈ છે.

## લખનઊનું પ્લેઓફ્ફમાં પહોંચવાનું સમીકરણ

લખનઊ સુપર જાયન્ટ્સે પ્લેઓફમાં પહોંચવા માટે તેની બાકીની તમામ છ લીગ મેચો મોટા અંતરથી જીતવી પડશે. જો લખનઊ તેની બાકીની તમામ છ મેચ જીતી જશે, તો તેના ૧૬ પોઈન્ટ થઈ જશે અને તે ટોપ-૪માં સ્થાન મેળવી શકે છે.

પરંતુ જો લખનઊ તેની બાકીની છ મેચોમાંથી એક પણ મેચ હારી જશે, તો તેના વધુમાં વધુ ૧૪ પોઈન્ટ જ થશે અને તે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ જશે. આઈપીએલ ૨૦૨૫ની સીઝનમાં દિલ્હી કેપિટલ્સે ૧૫ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં પાંચમું સ્થાન મેળવ્યું હતું અને પ્લેઓફમાં જગ્યા બનાવી શક્યા નહોતા.

## લખનઊ સુપર જાયન્ટ્સની આગામી મેચો

લખનઊ સુપર જાયન્ટ્સ તેની નવમી મેચ સોમવાર, ૪ મેના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે રમશે. તેમની દસમી મેચ ૭ મેના રોજ લખનઊના ઈકાના સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. લખનઊ આ સીઝનમાં અગાઉ જ આરસીબી સામે એક મેચ હારી ચૂક્યું છે. લખનઊની ૧૧મી અને ૧૨મી લીગ મેચો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૦ મેના રોજ ચેન્નાઈમાં અને ૧૫ મેના રોજ લખનઊમાં રમાશે. તેઓ ૧૯ મેના રોજ જયપુરમાં રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે, જ્યારે ૨૩ મેના રોજ લખનઊમાં પંજાબ કિંગ્સ સામે તેમની ૧૪મી મેચ યોજાશે. ■

# પંજાબના વિજયરથને રોકવાનો પડકાર આજે રાજસ્થાનની સામે

**પંજાબ કિંગ્સમાં પરિવર્તન આવ્યું છે અને ત્યારથી તેઓ સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે. ગયા વર્ષે તેમની ટીમ રનર્સ-અપ રહી હતી પરંતુ આ વર્ષે તેઓએ શરૂઆતથી જ સારું પ્રદર્શન કર્યું છે.**

મુલ્લાનપુર: ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬માં મંગળવારે રાજસ્થાન રોયલ્સ પંજાબ કિંગ્સ સામે ટકરાશે. પંજાબ કિંગ્સની ટીમ હાલમાં શાનદાર ફોર્મમાં છે અને તે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં અજેય રહી છે. રાજસ્થાન રોયલ્સ સામે પંજાબના વિજય રથને રોકવાનો મુશ્કેલ પડકાર હશે. શ્રેયસ ઐયર કેપ્ટન બન્યા પછી પંજાબ કિંગ્સમાં પરિવર્તન આવ્યું છે અને ત્યારથી તેઓ સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે. ગયા વર્ષે તેમની ટીમ રનર્સ-અપ રહી હતી પરંતુ આ વર્ષે તેઓએ શરૂઆતથી જ સારું પ્રદર્શન કર્યું છે.

ઐયર કેપ્ટન અને બેટ્સમેન તરીકે સારું પ્રદર્શન કરી રહ્યો છે. અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં પંજાબ કિંગ્સની ટીમ અજેય રહી છે. ઐયરે શાનદાર કેપ્ટનશિપ કરી છે, પરંતુ તેમની આખી ટીમે યોગદાન આપ્યું છે. પંજાબ કિંગ્સે ગયા સીઝનમાં આઈપીએલના ઇતિહાસમાં સૌથી ઓછા સ્કોરનો બચાવ કર્યો હતો અને હવે નવી દિલ્હીમાં ભારે ગરમી હોવા છતાં તેઓએ શનિવારે ૨૬૫ રનનો રેકોર્ડ લક્ષ્ય સરળતાથી પ્રાપ્ત કર્યો હતો. પંજાબ કિંગ્સની સાત મેચમાં છ જીત (એક મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી) પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરન સિંહની વિસ્ફોટક ઓપનિંગ જોડીના કારણે શક્ય બની છે. તેઓએ દિલ્હી સામે પાવરપ્લેમાં ૧૧૬ રન કરીને તેમની ટીમને રેકોર્ડ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરી હતી.

પંજાબ કિંગ્સ સીઝનની તેમની છેલ્લી મેચ તેમના હોમ ગ્રાઉન્ડ પર રમશે. ટીમ ધર્મશાલામાં તેમની છેલ્લી ત્રણ હોમ મેચ રમશે, તેથી આશા છે કે રાજસ્થાન રોયલ્સ સામે તેમનો વિજય ક્રમ યથાવત્ રહેશે. રાજસ્થાન રોયલ્સે ટૂર્નામેન્ટની સારી શરૂઆત કરી હતી, પરંતુ પ્રથમ ચાર મેચ જીત્યા પછી તેઓએ લય ગુમાવી દીધી છે. વૈભવ સૂર્યવંશીએ શાનદાર પ્રદર્શન કર્યું છે, પરંતુ ટીમ સતત સારુ પ્રદર્શન કરી શકી નથી.

કેપ્ટન પરાગનું પ્રદર્શન અત્યાર સુધી રમેલી આઠ મેચમાં નબળું રહ્યું છે, જેના કારણે તેના મિડલ ઓર્ડર પર દબાણ આવ્યું છે. પરાગે અત્યાર સુધી આઠ ઇનિંગ્સમાં ફક્ત ૮૮ રન કર્યા છે. રાજસ્થાન રોયલ્સ છેલ્લી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદ સામે સારું પ્રદર્શન કરી શકી નહીં અને સનરાઇઝર્સે ૨૩૯ રનનો લક્ષ્ય સરળતાથી પ્રાપ્ત કરી લીધો હતો. પંજાબ કિંગ્સે ઘરઆંગણે પોતાની છેલ્લી મેચમાં ૨૫૪ રન કર્યા હતા અને તેમના બેટ્સમેનો તેમનું પ્રભાવશાળી ફોર્મ યથાવત રાખવા માટે કટિબદ્ધ રહેશે. ■

# વૈભવના બૅટમાં લાગી છે એઆઇ ચિપ: પાકિસ્તાની વિશ્લેષક

જયપુર : રાજસ્થાન રોયલ્સ (આરઆર) નો ૧૫ વર્ષીય બેટર વૈભવ સૂર્યવંશી ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં સૌથી વધુ ચર્ચામાં રહેલો ખેલાડી છે, તાજેતરમાં જ વૈભવે તેની બીજી સદી ફટકારી. આઇપીએલ ૨૦૨૬ની આઠ મેચમાં તેણે ૨૩૪.૮૬ ના સ્ટ્રાઈક-રેટથી ૩૫૭ રન બનાવ્યા છે, આ વર્ષે તે ઓરેન્જ કેપનો મજબૂત દાવેદાર છે. એવામાં પાકિસ્તાનના એક ક્રિકેટ વિશ્લેષકે આરોપ મૂક્યો છે કે વૈભવના બેટમાં એઆઇ ચિપ લાગેલી છે, લેબોરેટરીમાં તેની તપાસ થવી જોઈએ.

એક ઈન્ટરવ્યૂ દરમિયાન પાકિસ્તાનના એક જાણીતા ક્રિકેટ વિશ્લેષક નૌમાન નિયાઝે આરોપ મૂક્યો કે સૂર્યવંશી પાવર જનરેટ કરવા બેટમાં એઆઇ ચિપ લગાવે છે.

'સ્મેશહિટ' નામના શોમાં નૌમાન નિયાઝે કહ્યું, આ બાળક શું કમાલનો છે? તેના બેટની તપાસ કરાવો. જેમ વાડા ડોપ ટેસ્ટ કરાવે છે, એમ તેને લેબમાં મોકલો. કદાચ તેના બેટમાં એઆઇ ચિપનો લાગેલી છે.

નોંધનીય છે કે નૌમાન નિયાઝે વૈભવના વખાણ કરતા હળવાશ ભરી શૈલીમાં આ વાત કરી હતી.

## વૈભવ ધીમે રમી રહ્યો છે

નૌમાન નિયાઝે કહ્યું, વૈભવ વિશ્વાસ ન આવે તેવો ખેલાડી છે. જ્યારે તમે ૧૮ વર્ષના થાઓ છો, ત્યારે તમારા શરીરના સ્નાયુ, બાયસેપ્સ અને ટ્રાઇસેપ્સ બને છે. આ ફક્ત ૧૬ વર્ષનો છે. વિરાટ કોહલી વર્લ્ડ ચેમ્પિયન હતો ત્યારે તેનો જન્મ થયો હતો. તેની પાસે પાવર ગેમ કરતા વધુ ટેકનિક છે. તેના કાંડામાં તાકાત છે, તમે તેની આર્ક જુઓ, તે સંપૂર્ણ ૩૬૦ ડિગ્રીનો ઉપયોગ કરે છે. તેની સ્ટ્રાઈક રેટ ૨૦૦ ની આસપાસની છે, હજુ મને એવું લાગ્યું કે તે ધીમેથી રમી રહ્યો, તેની સ્ટ્રાઈક રેટ ૩૦૦ થઇ શકે છે. ■

# માહી આખી સીઝન બહાર? ફ્લેમિંગને એવું લાગે છે

ચેન્નઈ: ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) ના ચાહકો માટે નિરાશાજનક સમાચાર સામે આવ્યા છે. ટીમનો મુખ્ય ખેલાડી અને પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોનીની મેદાન પરની વાપસી વધુ લંબાઈ છે. સીએસકેના હેડ કોચ સ્ટીફન ફ્લેમિંગે પુષ્ટિ કરી છે કે, ધોનીને ફરી એકવાર મસલની ઈજા થઈ છે, જેના કારણે હજી તેઓ ટીમમાં સામેલ થઈ શકે તેમ નથી. એટલે કે, સીએસકેના ચાહકો એમએસ ધોની ક્રિટેના મેદાન હાલ જોઈ શકશે નહીં.

## એમ.એસ. ધોનીની મેદાન પરની વાપસી વધુ લંબાઈ

મહેન્દ્રસિંહ ધોની શરૂઆતમાં બે અઠવાડિયા માટે ટીમથી બહાર હતો, પરંતુ વાપસીની તૈયારી દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના કારણે તેને ટીમમાંથી બહાર રહેવું પડ્યું. અત્યાર સુધી તે આઠ મેચ રમી શક્યો નથી. કોચ ફ્લેમિંગે જણાવ્યું કે, 'તે (મહેન્દ્રસિંહ ધોની) ખૂબ જ ઉત્સુક છે, પરંતુ મસલની ઈજા ખૂબ જ જટિલ છે. જો તે મેદાન પર દોડવાનો પ્રયત્ન કરે અને ફરીથી ઈજા ગંભીર થાય, જેથી આખી સિઝનમાંથી પણ બહાર થઈ શકે છે!' જે ચાહકો માટે દુઃખના સમાચાર છે.

## આઠમાંથી પાંચ મેચમાં સીએસકેનો પરાજય

ટીમની વાત કરવામાં આવે તો, ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વ હેઠળની ચેન્નાઈ સુપર કિંગ્સ હાલમાં પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા ક્રમે છે. આઠમાંથી પાંચ મેચમાં પરાજયનો સામનો કરનાર સીએસકેને ધોનીની ગેરહાજરી સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. હેડ કોચ ફ્લેમિંગે લધુમાં કહ્યું કે, ધોની અત્યારે ફિઝિયો સાથે સતત મહેનત કરી રહ્યો છે અને નેટ્સમાં બેટિંગની પ્રેક્ટિસ પણ કરી રહ્યો છે. ટીમ મેનેજમેન્ટ તેને લઈને કોઈ પણ જોખમ લેવા માગતું નથી, પરંતુ એમએસ ધોની ટીમમાં નથી તેના કારણે ચેન્નાઈ સુપર કિંગ્સને હારનો સામનો કરવો પડી રહ્યો છે તેવું ક્રિકેટ નિષ્ણાતો માની રહ્યાં છે. ■

# પ્રથમ ટી-૨૦માં ન્યૂઝીલેન્ડ સામે બાંગ્લાદેશનો છ વિકેટથી વિજય

**બાંગ્લાદેશની જીતમાં તૌહીદ હ્રદોયે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ૨૭ બોલમાં અણનમ ૫૧ રન ફટકાર્યા હતા.**

ચિત્તાગોંગ: બાંગ્લાદેશે ન્યૂઝીલેન્ડ સામેની ઘરઆંગણાની સીરિઝમાં પોતાનો દબદબો યથાવત રાખ્યો છે. વન-ડે સીરિઝ જીત્યા બાદ બાંગ્લાદેશે પ્રથમ ટી-૨૦ મેચમાં પણ ન્યૂઝીલેન્ડને હરાવ્યું છે. ચિત્તાગોંગમાં પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે ૨૦ ઓવરમાં ૧૮૨ રન કર્યા હતા. જેના જવાબમાં બાંગ્લાદેશે ૬ વિકેટથી મેચ જીતી લીધી હતી.

બાંગ્લાદેશની જીતમાં તૌહીદ હ્રદોયે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ૨૭ બોલમાં અણનમ ૫૧ રન ફટકાર્યા હતા. તેણે પોતાની ઇનિંગમાં ૩ સિક્સ અને બે ચોગ્ગા ફટકાર્યા હતા. પરવેઝ હુસૈન ઇમોને ૧૪ બોલમાં ૨૮ રન ફટકાર્યા હતા. જ્યારે શમીમ હુસૈને ૧૩ બોલમાં ૩૧ રનની ઈનિંગ રમી હતી. બાંગ્લાદેશ તરફથી રિશાદ હુસૈને ૪ ઓવરમાં ૩૨ રન આપીને ૨ વિકેટ લીધી હતી. તે સિવાય મેહદી હસન, તન્ઝીમ સાકિબ અને શોરીફુલ ઇસ્લામે ૧-૧ વિકેટ લીધી હતી.

અગાઉ ન્યૂઝીલેન્ડના ઓપનર કીટેન ક્લાર્ક અને ડેન ક્લીવરે શાનદાર ઇનિંગ રમી હતી. બંન્નેએ ૫૧-૫૧ રનની ઈનિંગ રમી હતી. કેપ્ટન નિક કેલીએ પણ ૨૭ બોલમાં ૩૯ રન કર્યા હતા. જોશ ક્લાર્કસને અંતિમ ઓવરમાં ૧૪ બોલમાં ઝડપી ૨૭ રન કરીને ટીમનો સ્કોર ૧૮૨ સુધી પહોંચાડ્યો હતો. બાંગ્લાદેશ હવે શ્રેણીમાં ૧-૦થી આગળ છે. બંને ટીમો વચ્ચે બીજી મેચ ૨૯ એપ્રિલે રમાશે. ત્રીજી મેચ ૨ મેના રોજ ઢાકામાં રમાશે. ■

# શ્રીલંકન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષપદેથી શમ્મી સિલ્વાને હટાવવાની તૈયારી

કોલંબો : શ્રીલંકાના ક્રિકેટ બોર્ડે મંગળવારે એક ખાસ કારોબારી સમિતિની બેઠક બોલાવી છે જેથી દેશના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેના નિર્દેશ પર વર્તમાન વડા શમ્મી સિલ્વાની હકાલપટ્ટી પર ઔપચારિક મહોર લગાવી શકાય. દિસાનાયકે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ઇચ્છે છે કે સિલ્વા ક્રિકેટના સંચાલન માટે એક નવા વહીવટી અધિકારીને સ્થાન આપે. સૂત્રોએ જણાવ્યું હતું કે કારોબારી સમિતિના સભ્યો સામૂહિક રીતે રાજીનામું આપવાનો નિર્ણય લઈ શકે છે જેનાથી પદાધિકારીઓ માટે નવી ચૂંટણી યોજાઈ શકે. સિલ્વાનો વર્તમાન કાર્યકાળ મે ૨૦૨૭ સુધી છે, પરંતુ તેમને પદ છોડવા માટે દબાણનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેલાડીઓના અસંતોષ અને છેલ્લા કેટલાંક વર્ષોમાં રાષ્ટ્રીય ટીમના નબળા પ્રદર્શનને કારણે સરકાર સિલ્વાને તેમના પદ પરથી હટાવવા માટે આતુર છે. ૨૦૧૯માં સભ્ય ક્લબોના બહુમતી મતોથી શ્રીલંકન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ બનનારા સિલ્વા ૨૦૨૧, ૨૦૨૩ અને ૨૦૨૫માં ફરીથી બિનહરીફ ચૂંટાયા હતા. સિલ્વાએ ૨૦૨૫માં ભારતના જય શાહ પછી એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી.

જોકે, એ જોવું રસપ્રદ રહેશે કે આઈસીસી સમગ્ર પરિસ્થિતિને કેવી રીતે જુએ છે કારણ કે વિશ્વ સંસ્થાના ચાર્ટરમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે કોઈ પણ સરકારી દખલગીરી સ્વીકારવામાં આવશે નહીં. ■



રાજકોટમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈવીએમને અલગ અલગ છ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે, તેની સુરક્ષા માટે પોલીસકર્મીઓની સાથે ફાયર બ્રિગેડ પણ તહેનાત કરવામાં આવી છે... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છ બન્યું અગનગોળોઃ કંડલા ૪૫.૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ મથક

## જો ચક્કર આવે, ઊબકા થાય કે સતત માથું દુખે, તો વિલંબ કર્યા વગર તબીબી સારવાર લેવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં સૂર્યનારાયણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા સમગ્ર જિલ્લો અગનભઠ્ઠીમાં ફેરવાયો છે. લૂ ઓકતા પવનો અને આભમાંથી વરસતી અગનજ્વાળાઓ વચ્ચે કંડલા (એ.)માં મહત્તમ તાપમાન ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન નિષ્ણાતોના મતે વૈશ્વિક સ્તરે સક્રિય થયેલી 'સુપર અલ-નિનો' ઇફેક્ટને કારણે આ વર્ષે ગરમીના તમામ રેકોર્ડ તૂટી રહ્યા છે અને હીટવેવની તીવ્રતામાં વધારો જોવા મળ્યો હતો. વીતેલા માત્ર ૨૪ કલાકમાં તાપમાનનો પારો ૫ ડિગ્રી જેટલો ઊંચકાતા જનજીવન તોબા પોકારી ઊઠ્યું હતું. રાજનગર ભુજમાં પારો ૪૪ ડિગ્રીની નજીક પહોંચતા બપોરના સમયે રસ્તાઓ સૂમસામ ભાસતા હતા. આ કાળઝાળ ગરમીની સીધી અસર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર પણ પડી હતી, જેમાં બપોરના ગાળામાં મતદાનની ટકાવારીમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. દરમ્યાન, સતત વધતા જતા તાપમાનને પગલે નિષ્ણાત તબીબોએ નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. તબીબોના જણાવ્યા અનુસાર, તરસ ન લાગે તો પણ સમયાંતરે પાણી, છાશ, નાળિયેર પાણી કે લીંબુ શરબત પીતા રહેવું, હળવો અને તાજો ખોરાક લેવો. વધુ પડતી ખાંડ કે કેફીનયુક્ત પીણાં ટાળવા, બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન સીધા સૂર્યપ્રકાશમાં જવાનું ટાળવું. જો ચક્કર આવે, ઊબકા થાય કે સતત માથું દુખે, તો વિલંબ કર્યા વગર તબીબી સારવાર લેવી. બીજી તરફ, વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા હીટવેવથી બચવા માટે ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે જે અંતર્ગત બહાર નીકળતી વખતે હંમેશાં સફેદ કે આછા રંગના સુતરાઉ કપડાં પહેરવા,માથું ટોપી, રૂમાલ કે છત્રીથી ઢાંકીને રાખવું,ઘરની બારીઓ અને પડદા બપોરના સમયે બંધ રાખવા જેથી ગરમ લૂ અંદર ન આવે. બાળકો, સગર્ભા મહિલાઓ અને વૃદ્ધોની ખાસ કાળજી લેવા સૂચના આપી છે.

હવામાન વિભાગે હજુ પણ બે દિવસ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. સુપર અલ-નિનોની અસરને પગલે ગરમ પવનો ફૂંકાવાનું ચાલુ રહેશે અને ભુજ સહિતના વિસ્તારોમાં પારો ૪૫ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા છે. તંત્ર દ્વારા શ્રમિકોને પણ બપોરના સમયે ખુલ્લામાં મજૂરી ન કરવા સૂચના આપવામાં આવી છે. ગરમીના પ્રકોપ સામે પશુ-પક્ષીઓ માટે પણ પીવાના પાણીની અને છાંયડાની વ્યવસ્થા કરવા સેવાભાવી સંસ્થાઓ દ્વારા અપીલ કરવામાં આવી છે. ■

# પ્રસિદ્ધ યાત્રાધામ ભગુડામાં 30મો પાટોત્સવ ભવ્ય રીતે યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ભગુડા ખાતે આવેલ શ્રી મંગલ મા તીર્થધામ ખાતે આવતીકાલે ૩૦મો પાટોત્સવ ભક્તિભાવ અને ભવ્યતા સાથે ઉજવાશે. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઉત્સવમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યના નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. તેમજ કેબિનેટ પ્રધાન જીતુભાઈ વાઘાણી, અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્યકક્ષાના પ્રધાન કૌશિકભાઈ વેકરીયા અને ત્રિકમભાઈ સાંગા પણ હાજરી આપશે. ઉપરાંત રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા અને વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવશે.

કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વિધિઓ, પૂજા-અર્ચના, ભજન-સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાથે જ મંગલ શક્તિ એવોર્ડ અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવશે. મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ ભક્તોને આ પાવન પ્રસંગે ઉપસ્થિત રહી આશીર્વાદ મેળવવા હાર્દિક આમંત્રણ આપવામા આવ્યું છે. ■

# ગાંધીધામના કિડાણામાં લોહિયાળ ઘરકંકાસઃ ઉશ્કેરાયેલા પતિએ પત્નીને કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામના કિડાણા વિસ્તારમાં આવેલા એકતાનગરમાં ઘરકંકાસમાં પરિણીતાની કરપીણ હત્યા કરી દેવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. સામાન્ય તકરારમાં ઉશ્કેરાયેલા શ્રમિક પતિએ પોતાની પત્ની પર કુહાડી વડે જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રોકાયેલી પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પતિને રાઉન્ડ-અપ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, કિડાણાના એકતાનગરમાં રહેતા અશરફ લંઘા અને તેના પત્ની જેનતબેન ઉર્ફે હવાબાઈ (ઉ.વ. ૪૫) વચ્ચે લાંબા સમયથી બાળકોની સારસંભાળ અને જમવા જેવી બાબતે ઘરકંકાસ ચાલતો હતો. રાત્રે આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જ્યારે જેનતબેન પોતાના બે માસૂમ બાળકો સાથે ખાટલા પર સૂતા હતા, ત્યારે આવેશમાં આવેલા પતિ અશરફે ઘરમાં પડેલી ધારદાર કુહાડી વડે પત્નીના માથાના ભાગે ઘાતકી પ્રહાર કર્યા હતા. ગંભીર ઇજાઓને કારણે મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ હત્યાની ઘટનાનો ખુલાસો વહેલી સવારે થયો હતો. જ્યારે દસ વર્ષની બાળકી અને ચાર-પાંચ વર્ષનો પુત્ર જાગ્યા ત્યારે તેમણે પોતાની માતાને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. માતાનો લોહીલુહાણ દેહ જોઈ બાળકોએ ચીસાચીસ કરી મૂકી હતી, જેના કારણે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ ૧૧૨ પર કરવામાં આવતા પોલીસનો કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી ગયો હતો. ચૂંટણી બંદોબસ્તની વ્યસ્તતા વચ્ચે હત્યાનો આ બનાવ પ્રકાશમાં આવતા પોલીસ બેડામાં દોડધામ મચી હતી. પોલીસે મૃતક મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર થઈ ગયેલા આરોપી પતિ અશરફ લંઘાને દબોચી લીધો હતો. પિતાના હાથે માતાની હત્યાના આ કરુણ અંજામને પગલે બંને માસૂમ બાળકોએ છત્રછાયા ગુમાવી છે, જેને લઈને સ્થાનિકોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ કરી છે. ■

# અબડાસાના ચરોપડીમાં ઝેરી પ્રવાહી પી જવાથી કિશોરનું કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અબડાસા તાલુકાના ચરોપડી ગામમાં એક ૧૬ વર્ષીય કિશોરનું ઝેરી પીણું પી જવાથી શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. છેલ્લા બે દિવસથી ઝેરી પ્રવાહીનું સેવન કરી રહેલા આ કિશોરને સારવાર મળે તે પૂર્વે જ તેણે દમ તોડ્યો હતો.

વાયોર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ચરોપડી ગામે રહેતો નીરાહુકુમાર મોહમ્મદ સમસુદ્દીન (ઉ.વ. ૧૬) નામના કિશોરે છેલ્લા બે દિવસ દરમિયાન કોઈ કારણોસર ઝેરી પીણું પી લીધું હતું. બપોરે ભોજન લીધા બાદ તે પોતાના ઘરે સૂઈ ગયો હતો. અંદાજે દોઢ કલાક બાદ પરિવારજનોએ તેને જગાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે નિદ્રામાંથી જાગ્યો ન હતો. કિશોરની હાલત જોઈ ચિંતાતુર બનેલા પરિવારજનો તેને તાત્કાલિક સારવાર અર્થે નલિયાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયા હતા. જોકે, ત્યાં હાજર તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે વાયોર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી, કિશોરે કયા સંજોગોમાં અને કયું ઝેરી પીણું પીધું હતું તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બૌદ્ધિક સંપદા અધિકાર અંગે માર્ગદર્શન સેમીનાર યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર- ભાવનગર તથા સીઈડી દ્વારા બૌદ્ધિક સંપદા અધિકાર ઇન્ટેલેક્ચ્યૂલ પ્રોપર્ટી રાઇટ વિષય અંતર્ગત માર્ગદર્શન સેમીનાર તા.૧.૫.૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે ૩૧૫-ચેમ્બર હોલ, જશોનાથ સર્કલ, ભાવનગર ખાતે યોજવામાં આવનાર છે. બૌદ્ધિક સંપદા અધિકારએ એવી કાનૂની સુરક્ષા પ્રદાન કરે છે જેનાથી નવીનતા અને સર્જનાત્મકતા સુરક્ષિત રહી શકે અને એના શોધક કે સર્જનને તેનો પૂરતો આર્થિક લાભ મળી રહે.

આઈપીઆરના પ્રકારો, રજિસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા, સમય અવધિ તથા તેમાં થતો ખર્ચ, સરકારી સબસીડી અને ટ્રેડમાર્ક. કોપીરાઇટ, પેટન્ટ, જી.આઈ. ટેગ, ઇન્ડસ્ટ્રીયલ ડીઝાઈન મેળવ્યા પછી થતા લાભો અંગે લોકોને નિષ્ણાત વક્તા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પુનિતભાઈ ડાંખરા દ્વારા માહિતગાર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા ઉદ્યોગસાહસિકો માટે રજિસ્ટ્રેશન નિઃશુલ્ક છે. ■

# ભાવનગરમાં ઉમેદવારોનો આજે ફેંસલો, મતગણતરીમાં ઉમેદવારોના નસીબનો પટારો ખુલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ મહાનગરપાલિકા ઉપરાંત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ માટે ગત રવિવારે મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. મતદાન પૂર્ણ થયા બાદ સાંજથી જ દરેક બૂથ પરથી ઈવીએમ મશીન સહિતનું મતદાન સામગ્રી સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં ખસેડવામાં આવી છે. અત્યારે આ સ્ટ્રોંગ રૂમ ખાતે હથિયારધારી સુરક્ષા જવાનોનો કડક પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે. આવતીકાલે સવારથી દરેક ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવશે. આ સાથે જ ઉમેદવારોના નસીબનો પટારો ખુલશે અને કોણ જીત્યું તથા કોણ હાર્યું તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જોવા મળી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ચૂંટણીમાં કુલ ૫૨ બેઠકોમાંથી કોંગ્રેસે ૮ બેઠકો પર વિજય મેળવ્યો હતો, જ્યારે બાકીની ૪૪ બેઠકો પર ભાજપે વિજય પતાકા લહેરાવી હતી.

આ વખતે ભાજપ સત્તા જાળવી રાખવા માટે અને કોંગ્રેસ પુનરાગમન કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. આવતીકાલની મતગણતરીમાં કયા પક્ષને કેટલી બેઠકો મળે છે અને કોણ સત્તાના સૂત્રો સંભાળશે તે સ્પષ્ટ થઈ જશે. ઉમેદવારોમાં હાલ ભારે ઉત્કંઠા અને જીવ ઉચટાઈ રહ્યા છે. ખાસ કરીને જે ઉમેદવારોને છેલ્લી ઘડીએ ટિકિટ મળી છે, તેમના માટે આ ચૂંટણીનો જંગ પ્રતિષ્ઠાનો વિષય બન્યો છે. જોકે, ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા પોતપોતાની જીતના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ અંતિમ જનાદેશ કોના પક્ષમાં રહેશે તે તો આવતીકાલે બપોર સુધીમાં જ જાણી શકાશે.

વધેલા મતદાનના આંકડા અને રાજકીય સમીકરણો વચ્ચે ભાવનગરના મતદારોએ કોને સત્તા સોંપી છે, તેના પર સમગ્ર શહેરની નજર મંડાયેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગર મહાનગરપાલિકામાં છેલ્લાં ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે. ■

# કચ્છમાં કાળઝાળ ગરમી વચ્ચે લોકશાહીનું પર્વ સંપન્નઃ સરેરાશ ૫૬.૦૮ ટકા મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વૈશાખના બળબળતા તાપ અને ૪૫ ડિગ્રીની આસપાસ રહેલા તાપમાનના પાર વચ્ચે રણપ્રદેશ કચ્છમાં ગઇકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. જિલ્લાની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા અને પાંચ નગરપાલિકાઓ માટે થયેલા સરેરાશ મતદાનનો આંક ૫૬.૦૮ ટકા નોંધાયો છે. આકરી ગરમીના કારણે શહેરી વિસ્તારોમાં મતદાનની ગતિ ધીમી રહી હતી, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં મતદારોમાં વિશેષ જાગૃતિ જોવા મળી હતી. જિલ્લાના કુલ ૧૫.૪૯ લાખ મતદારો પૈકી ૮,૬૮,૮૦૮ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તાલુકા પંચાયતમાં ૬૭.૧૩ % (સૌથી વધુ લખપતમાં ૮૦.૮૨ %), જિલ્લા પંચાયતમાં ૬૬.૮૦ % નવનિર્મિત ગાંધીધામ મહાનગરપાલિકાઃ ૪૬.૦૧% (સૌથી ઓછું),નગરપાલિકાઓમાં ૬૦.૮૪ % (મુંદરા ૭૩.૦૮ % સાથે મોખરે) મતદાન થયું હતું.

વહેલી સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થતા પ્રથમ બે કલાકમાં પ્રવાહ ધીમો રહ્યો હતો. જોકે, સવારે ૯ થી ૧૧ દરમિયાન મતદાનમાં ઉછાળો આવ્યો હતો. બપોરે તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પર પહોંચતા મતદાન મથકો ખાલી જોવા મળ્યા હતા. શહેરી મતદારો ગરમીથી અકળાઈને ઘરે રહ્યા હતા, જેની સીધી અસર ગાંધીધામ અને ભુજ જેવા શહેરોની ટકાવારી પર જોવા મળી હતી.

જિલ્લા અને તાલુકા પંચાયતના મતદાનમાં ૧.૬૦ ટકાનો તફાવત જોવા મળ્યો હતો. નિયમ મુજબ મતદારે બે બેલટ યુનિટ પર બટન દબાવવાના હતા, પરંતુ કેટલાક મતદારોએ માત્ર એક જ બટન દબાવીને ચાલ્યા જતાં આ વિસંગતતા સર્જાઈ હોવાનું મનાય છે. આ ઉપરાંત, અનેક મથકોએ મોબાઈલ ફોન લઈ જવા બાબતે અને ડીજી-લોકરમાં રહેલા ઓળખકાર્ડ માન્ય ન રાખવા મુદ્દે મતદારો અને કર્મચારીઓ વચ્ચે સામાન્ય ઘર્ષણના કિસ્સા નોંધાયા હતા.

કચ્છના ૧૮૬૬ મતદાન મથકો પર ૪૨૨ ઉમેદવારોના ભાવિ હવે ઈવીએમમાં સીલ થયા છે. આગામી ૨૮મી તારીખે તમામ તાલુકા મથકો પર મતગણતરી હાથ ધરવામાં આવશે. ઇલેક્ટ્રોનિક મશીન હોવાથી બપોર સુધીમાં જ ચિત્ર સ્પષ્ટ થઈ જશે અને વિજેતા ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે. ■

# ભુજના સ્વામિનારાયણ મંદિરના ૨૦૫ સંતોના નામ મતદાર યાદીમાંથી ગુમ : લોકશાહીના પર્વમાં સંતો મતદાનથી વંચિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તંત્રની ગંભીર બેદરકારી બહાર આવી હતી. ભુજ સ્વામિનારાયણ મંદિરના આશરે ૨૦૫ જેટલા સંતોના નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ જતાં ધાર્મિક જગત અને ભક્તોમાં ભારે નારાજગી ફેલાઈ હતી. વર્ષોથી નિયમિત મતદાન કરનારા સંતો આ વખતે મતાધિકારથી વંચિત રહેતા ચૂંટણી તંત્ર સામે સવાલો ઊભા થયા છે.

સામાન્ય રીતે દરેક ચૂંટણીમાં સ્વામિનારાયણ મંદિરના સંતો વહેલી સવારે ૭ વાગ્યે શિસ્તબદ્ધ રીતે આલ્ફ્રેડ હાઈસ્કૂલ સ્થિત મતદાન મથકે પહોંચીને પ્રથમ મતદાન કરતા હોય છે. જોકે, આ વખતે સવારથી જ એક પણ સંત મતદાન મથકે ન દેખાતા આશ્ચર્ય સર્જાયું હતું. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ૨૫૦ જેટલા સંતો અને સાંખ્યયોગી બહેનોમાંથી મોટાભાગના સભ્યોને મતદાર સ્લિપ મળી નહોતી અને યાદીમાં તેમના નામ પણ જોવા મળ્યા નહોતા. મળતી માહિતી મુજબ, એસઆઈઆર હેઠળ હાથ ધરાયેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં પિતા કે પતિનું નામ લખવું ફરજિયાત કરવામાં આવ્યું હતું. સંતો પરંપરા મુજબ પિતાના નામને બદલે પોતાના 'ગુરુ'નું નામ લખાવતા હોય છે. આ ટેકનિકલ કારણસર તંત્ર દ્વારા કોઈ અલગ જોગવાઈ ન કરવામાં આવતા સામૂહિક રીતે સંતોના નામ યાદીમાંથી ડિલીટ કરી દેવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે.

મંદિરના કોઠારી દેવપ્રકાશ સ્વામીએ આ અંગે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''અમારા લગભગ ૨૦૫ જેટલા સંતોના નામ યાદીમાં નથી. સંતોને તેમના વોર્ડ કે બૂથ વિશે કોઈ જાણકારી આપવામાં આવી નહોતી. લોકશાહીના આ પર્વમાં સંતોને બાકાત રાખવા તે દુઃખદ બાબત છે.'' આ ઘટનાને લઈને રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભુજની મુલાકાત દરમિયાન સ્વામિનારાયણ મંદિરમાં શીશ ઝુકાવ્યું હતું. એક તરફ મુખ્ય પ્રધાન ભગવાનના શરણે આવ્યા હતા અને બીજી તરફ તેમના જ તંત્ર દ્વારા સંતોના મતાધિકાર છીનવી લેવાયા છે!. તંત્રની આ ગંભીર ક્ષતિને કારણે સેંકડો મતદારો લોકશાહીની પ્રક્રિયામાં ભાગ લઈ શક્યા નહોતા, જે ચર્ચાનો વિષય બન્યો છે. ■

# કચ્છના દરિયાઈ વ્યાપારમાં નવો અધ્યાય : તુણા-ટેકરા ખાતે અત્યાધુનિક મેગા કન્ટેનર ટર્મિનલની બ્લુ-પ્રિન્ટ તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના દરિયાકાંઠે વ્યાપાર અને પરિવહનના ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવવા માટે દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને વૈશ્વિક લોજિસ્ટિક્સ ક્ષેત્રની અગ્રણી કંપની ડીપી વર્લ્ડ દ્વારા મહત્ત્વાકાંક્ષી બ્લુ-પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. ગાંધીધામ ખાતે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં તુણા-ટેકરા ખાતે આકાર લઈ રહેલા મેગા કન્ટેનર ટર્મિનલ પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

વાર્ષિક ૨.૧૯ મિલિયન ટીઈયુ (ટવેન્ટી-ફૂટ ઇક્વિવેલન્ટ યુનિટ) ની ક્ષમતા આ અત્યાધુનિક ટર્મિનલ દરિયાઈ નિકાસ-આયાત ક્ષેત્રે ભારતની શક્તિમાં મોટો વધારો કરશે. આ પ્રોજેક્ટ કાર્યરત થતા વાર્ષિક ૨.૧૯ મિલિયન ટીઈયુ કન્ટેનર હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવશે. આટલી વિશાળ ક્ષમતાને કારણે તે પશ્ચિમ ભારતના દરિયાકાંઠાનું એક અતિ મહત્ત્વનું લોજિસ્ટિક્સ હબ બની જશે.વિશાળ જહાજોનું આગમન શક્ય બનશે ટેકનોલોજી અને માળખાગત સુવિધાઓની દૃષ્ટિએ આ ટર્મિનલ એટલું સજજ હશે કે તે ૧૮,૦૦૦થી વધુ કન્ટેનર વહન કરવાની ક્ષમતા ધરાવતા 'મેગા વેસેલ્સ' (વિશાળ જહાજો) ને પણ સરળતાથી બર્થિંગ સુવિધા આપી શકશે. આને કારણે લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે અને આંતરરાષ્ટ્રીય સ્તરે માલસામાનની હેરફેર ઝડપી બનશે.

રોજગારી અને આર્થિક વૃદ્ધિ દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને ડીપી વર્લ્ડના સંયુક્ત સહયોગથી આકાર લઈ રહેલો આ પ્રોજેક્ટ માત્ર કચ્છ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને ઉત્તર ભારતના રાજ્યો માટે વ્યાપારિક ગેટવે સાબિત થશે. બ્લુ-પ્રિન્ટ મુજબ, આ ટર્મિનલ આગામી સમયમાં હજારો પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી કરશે, જે કચ્છના અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. ■

# ગોંડલમાં પિધેલા ટ્રક ચાલકે સિવિલ હૉસ્પિટલની દીવાલ તોડી, અનેક વાહનોનો કચ્ચરઘાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલમાં એક દારૂ પિધેલા ટ્રક ચાલકે બેફામ ટ્રક હંકારી સિવિલ હૉસ્પિટલની દિવાસ તોડી નાખતા અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં હૉસ્પિટલની દીવાલ ધરાશાયી થતા અનેક વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. મળતી માહિતી મુજબ સિવિલ હોસ્પિટલની સામે ટ્રકના ચાલકના બનેવી તેમાં ભંગાર ભરી રહ્યો હતો. આ દરમિયાન ગાડી બંધ હાલતમાં હતી. અચાનક એક નશાખોર શખ્સ ત્યાં આવી ચડ્યો હતો અને તેણે ટ્રક ચાલુ કરી તેને ભગાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં આઇસર ડ્રાઈવરના બનેવી અજય સોલંકી પણ સ્તબ્ધ રહી ગયો હતો કે બંધ ગાડી આ શખ્સે કઈ રીતે ચાલુ કરી દીધી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકોના ટોળેટોળાં ઊમટી પડ્યા હતા. ઘટનાની જાણ થતા જ ગોંડલ શહેર એ-ડિવિઝન પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે નશાખોર શખ્સને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ગીરના જંગલમાં ગેરકાયદે સિંહ દર્શન કરનારા ત્રણ શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ઉનાળુ વેકેશનના કારણે ગીર તથા ગીર અભયારણ્યની આસપાસ પ્રવાસીઓનો મોટા પાયે ધસારો રહે છે. તેને ધ્યાનમાં રાખી વન વિભાગ દ્વારા સતત પેટ્રોલિંગ કરી ગેરકાયદેસર સિંહ દર્શન કરનારા પર વોચ રાખવામાં આવી રહી છે. આ દરમિયાન બામણાસા-આંકોલવાડી આજુબાજુના જંગલ વિસ્તારમાં બામણાસા રાઉન્ડનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે સમયે માધુપુરના બે શખ્સ તથા વેરાવળના એક શખ્સ મળી કુલ ત્રણ લોકો જંગલ વિસ્તારમાં ગેરકાયદે સિંહ દર્શન કરવા આવેલા જોવા મળ્યા હતા. સ્ટાફે તાત્કાલિક ત્રણેયને ઝડપી પાડ્યા હતા. બામણાસા રાઉન્ડ ફોરેસ્ટરની પેટ્રોલિંગ દરમિયાન આ શખ્સોને પકડી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ મુજબ કાર્યવાહી કરી રૂ. ૭૫,૦૦૦નો દંડ વસૂલ કર્યો હતો. વન વિભાગે લોકોને ગીર જંગલમાં પરવાનગી વિના પ્રવેશ કરવો ગુનો છે અને સિંહ સહિતના વન્યપ્રાણીઓની સુરક્ષા માટે નિયમોનું ચુસ્ત પાલન કરવા અપીલ કરી હતી. ■